CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૯ બુધવાર, તા.૧૭-૦૪-૨૦૨૪ અંક : ૨૫૮ વર્ષ : ૧૮ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# બ્રહ્મમુહૂર્તમાં રામમંદીરના કપાટ ખૂલ્યા

## ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં શાનદાર રીતે રામનવમીની ઉજવણી

અયોધ્યા,

આજે સમગ્ર દેશમાં રામ નવમીના તહેવારની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. આ અવસર પર રામ મંદિરનો વિશેષ શૃંગાર પણ કરવામાં આવ્યો છે. આ વખતની રામનવમી ખાસ છે કારણ કે ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં શાનદાર રીતે રામનવમીની ઉજવણી થશે આ દરમિયાન રામલલ્લાની વિશેષ પૂજા કરવામાં આવશે.

રામનવમી નિમિત્તો રામ મંદિરના દરવાજા મંગળા આરતી બાદ બ્રહ્મ મુહૂર્તમાં ૩:૩૦ કલાકે ખોલી દેવામાં આવ્યા છે. તો મંદિર સતત ૧૯ કલાક સુધી એટલે કે ભક્તો





રાત્રે ૧૨ વાગ્યા સુધી રામલલ્લાના દર્શન કરી શકશે. આવી સ્થિતિમાં મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળી રહી છે. બપોરે ૧૨ કલાકે રામલલ્લાનું સૂર્ય તિલક કરવામાં આવશે.

રામલલ્લાના દર્શનને લઈને રામ ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રામનવમી નિમિત્તે ભક્તો સરયુ નદીમાં શ્રદ્ધાની ડૂબકી લગાવી રહ્યાં છે. રામ નવમી નિમિત્તે બુધવારે વહેલી સવારથી જ ભક્તો રામ મંદિર પહોંચવા લાગ્યા હતા. જેને લઈને પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

# સાંજે ૬ વાગ્યે પ્રથમ તબક્કાનો પ્રચાર થશે શાંત

## પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યમાં ૧૦૨ બેઠક પર ૧૯ એપ્રિલે મતદાન

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કા માટે બુધવાર સાંજે ૬ વાગ્યે પ્રચાર-પડઘમ શાંત થશે. મતદાનના ૪૮ કલાક પહેલા સાર્વજનિક સભા, રોડ શો અને જુલૂસ કાર્યક્રમો પર રોક લાગી જશે. પ્રચાર-પ્રસારના અંતિમ દિવસે પીએમ મોદી, અમિત શાહ, રાહુલ ગાંધી ચૂંટણીના રણમાં જીત માટે પુરી તાકાત લગાવશે. પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યમાં ૧૦૨ બેઠક પર મતદાન યોજાશે.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે બંપર બહુમત સાથે જીત મેળવી હતી. ૨૦૨૪માં દ્ગઢછ ૪૦૦ પ્લસના નારા સાથે પોતાના જૂના પ્રદર્શનને સારૂ બનાવવાના પ્રયાસમાં છે. બીજી તરફ INDIA ગઠબંધન પણ દ્ગઢછના વિજય રથને રોકવાના પ્રયાસમાં લાગેલુ છે. ભાજપ સામે સૌથી મોટો પડકાર તે બેઠકો પર પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવાનો છે જ્યાં તેને ૨૦૧૯માં જીત મેળવી હતી.

દેશના ૨૧ રાજ્યની ૧૦૨ લોકસભા બેઠક પર ૧૯ એપ્રિલે મતદાન થશે. પ્રથમ તબક્કાના મતદાન માટે ચૂંટણી પંચ તરફથી તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. સવારે છ વાગ્યાથી મતદાન શરૂ થશે. પ્રથમ તબક્કાની ૧૦૨ બેઠકમાં સૌથી વધુ બેઠક તમિલનાડુની છે.

# શાબાશ, જોરદાર કામ કર્યું' - અમિત શાહે સુરક્ષા દળોના વખાણ કર્યા

## છત્તીસગઢમાં સાડા પાંચ કલાક ચાલ્યું એન્કાઉન્ટર : ૨૯ નક્સલવાદીઓ ઠાર

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે છત્તીસગઢના કાંકેર જિલ્લાના માડ વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચેના એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોને મળેલી મોટી સફળતા પર ખુશી વ્યક્ત કરી છે. તેમણે સુરક્ષા દળોના ઓપરેશનની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે ટૂંક સમયમાં જ દેશ નક્સલવાદથી મુક્ત થઈ જશે.અમિત શાહે આગળ લખ્યું કે, ‘‘નક્સલવાદ એ વિકાસ, શાંતિ અને યુવાનોના ઉજ્જવળ ભવિષ્યનો સૌથી મોટો દુશ્મન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમે દેશને નક્સલવાદના ડંખથી મુક્ત કરવા માટે કટિબદ્ધ છીએ. સરકારની આક્રમક નીતિ અને સુરક્ષા દળોના પ્રયાસોને કારણે આજે નક્સલવાદનો પ્રભાવ નાના ક્ષેત્ર સુધી જ રહ્યો છે. ટૂંક સમયમાં છત્તીસગઢ અને આખો દેશ નક્સલવાદથી સંપૂર્ણપણે મુક્ત થઈ જશે.

# ‘આતંકીઓને ઘરમાં ઘૂસીને...’ મોદીના નિવેદન પર અમેરિકાએ કહ્યું, અમે આ બાબતમાં નહીં પડીએ

## યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ રસ્તામાં આવવાનું નથી

નવીદિલ્હી,

વડાપ્રધાન મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે તાજેતરમાં જ કહ્યું હતું કે, ભારત આતંકવાદીઓને તેમના ઘરમાંઆ ઘૂસીને મારવામાં અચકાશે નહીં. જોકે આ બંનેનેતાઓનો ઈશારો પાકિસ્તાન તરફ હતો. આ મામલે અમેરિકાનું નિવેદન સામે આવ્યું છે.અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડનના વહીવટી તંત્રએ ભારત અને પાકિસ્તાનને તણાવ ટાળવા અને વાતચીત દ્વારા ઉકેલ શોધવાની સલાહ આપી છે. જોકે અમેરિકાએ નિશ્ચિતપણે કહ્યું છે કે, તે આમાં મધ્યસ્થી નહીં કરે. આતંકવાદ પર મોદીના ’ઘરમાં ઘૂસીને મારીશું’ના નિવેદન વિશે પૂછવામાં આવતા યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે કહ્યું, જેમ કે મેં પહેલા કહ્યું છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ રસ્તામાં આવવાનું નથી. પરંતુ અમે ભારત અને પાકિસ્તાન બંનેને તણાવ ટાળવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ અને સંવાદ દ્વારા ઉકેલો શોધો. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા મેથ્યુ મિલરે આતંકવાદીઓને ખતમ કરવા માટે અન્ય દેશોમાં ભારત દ્વારા કથિત ઓપરેશન અંગેના એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે, શું સ્મોદી અને રાજનાથ સિંહની ટિપ્પણીઓ કેનેડામાં ખાલિસ્તાની અલગતાવાદી હરદીપ સિંહની કથિત હત્યા, ન્યૂયોર્કમાં આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાનું કાવતરું, પાકિસ્તાનમાં આતંકવાદીઓની તાજેતરની હત્યાઓ સાથે સંબંધિત છે, તો તેમણે કહ્યું કે, અમેરિકા આ બાબતમાં સામેલ નહિ થાય.સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાને એ પણ પૂછવામાં આવ્યું હતું કે, ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કથિત કાવતરાને લઈને અમેરિકાએ ભારત પર કોઈ પ્રતિબંધ શા માટે લાદ્યો નથી. મિલરે કહ્યું, હું ક્યારેય કોઈપણ પ્રતિબંધ કાર્યવાહીનું પૂર્વાવલોકન કરવાનો નથી. આનો અર્થ એ નથી કે કોઈ કાર્યવાહી કરવામાં આવશે.

# ચૂંટણી પંચે Xને ચાર ચૂંટણી પોસ્ટ દૂર કરવાનો કર્યો આદેશ

## આ કેવા પ્રકારની અભિવ્યક્તિની સ્વતંત્રતા? - Xની પ્રતિક્રિયા

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ને અનુલક્ષી ચૂંટણી પંચ રાજકીય પક્ષોના ભાષણો સાથે તેમની સોશિયલ મીડિયા પોસ્ટ પર પણ સતત નજર રાખી રહ્યું છે. આ ક્રમમાં, ECIએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠને ચાર ચૂંટણી પોસ્ટ દૂર કરવાનો આદેશ આપ્યો. આ પોસ્ટ્સ આમ આદમી પાર્ટી, વાયએસઆર કોંગ્રેસ, એન ચંદ્રબાબુ નાયડુ અને બિહારના ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરીએ મૂકી હતી. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આ તમામ સોશિયલ મીડિયા પોસ્ટ આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરવા બદલ દૂર કરવામાં આવી છે. બીજી તરફ એલોન મસ્કની કંપની X એ ચૂંટણી પંચના આદેશનું પાલન કર્યું અને પોસ્ટ હટાવી તો દીધી, પરંતુ એમ પણ કહ્યું કે તે તેની સાથે સંમત નથી કારણ કે તે અભિવ્યક્તિની સ્વતંત્રતાની વિરુદ્ધ છે.ચૂંટણી પંચની સૂચનાઓનું પાલન કરતાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Xએ કહ્યું,ભારતના ચૂંટણી પંચે ઠ ને ચૂંટાયેલા રાજકારણીઓ, રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા શેર કરાયેલ રાજકીય ભાષણ ધરાવતી પોસ્ટ્સ પર પગલાં લેવા માટે જરૂરી આદેશો જારી કર્યા છે.

# રાજ્યમાં ફરી ગરમીનો પારો ઉચકાશે

## ૪૩ ડિગ્રી સુધી પહોંચશે તાપમાન : હવામાન વિભાગે કરી આગાહી

નવીદિલ્હી,

રાજ્યમાં આવેલા હવામાનના પલટા બાદ ફરી ગરમીનો પારો ઉચકાશે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરો ઓછી થતા હવે ફરીથી રાજ્યમાં રેબઝેબ પરસેવો છૂટે તેવી ગરમી પડશે. રાજ્ય ભરમાં ફરી ઉત્તર પશ્ચિમથી ગરમ પવન ફૂંકાવાના શરૂ થતા ગરમીમાં એકાએક વધારો થશે.

છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરનુ તાપમાન ૪૧.૩ ડિગ્રીએ પહોંચ્યુ છે. ગરમીની પ્રમાણ દરેક જિલ્લામાં જોવા મળી રહ્યું છે.



બુધવાર અને ગુરુવારે ગરમીનો પારો ૪૧થી ૪૩ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતાઓ છે. ગરમીનું જોર વધતાં કોર્પોરેશન દ્વારા બે દિવસ માટે યલો એલર્ટ જાહેર કરાયું છે.

તરસ ન લાગે તો પણ જ્યારે પણ શક્ય હોય ત્યારે પૂરતું પાણી પીવા જોઈએ. આ સાથે, નાગરિકોને ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશન (ઓઆરએસ)નો ઉપયોગ કરવું અને લીંબુ શરબત, છાશ / લસ્સી, ફળોના રસ સાથે મિશ્રિત થોડું મીઠું જેવા ઘરે બનાવેલા પીણાં પીવા જોઈએ. પાતળા, ઢીલા, સુતરાઉ કપડાં, આછા રંગના કપડાં પહેરવાની અને સીધા સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે ત્યારે છત્રીઓ, ટોપીઓ ટુવાલ અને અન્ય પરંપરાગત માથાના આવરણનો ઉપયોગ કરવું. હવામાનના સમાચારો માટે ટીવી જોતા રહેવું.

# વરસાદથી દુબઈ પાણી-પાણી

## એરપોર્ટ, મેટ્રો સ્ટેશનથી લઇને ઘરોમાં પાણી ફરી વળ્યાં

દુબઈ,

દુબઈ મેટ્રોની રેડ લાઈન સેવાઓ ખોરવાઈ ગઈ છે. એક મેટ્રો સ્ટેશન પર ઘૂંટણ સુધીના પાણી ભરાઈ ગયા. આ ઉપરાંત દુબઈથી અન્ય શહેરોની બસ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. મુખ્ય શોપિંગ સેન્ટરો દુબઈ મોલ અને મોલ ઓફ અમીરાત બંનેમાં પાણી ભરાઈ ગયા.

સંયુક્ત આરબ અમીરાતની રાજધાની દુબઈમાં ભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ છે. દુબઈની શેરીઓ, ઘરો અને



મોલમાં પાણી ભરાઈ ગયા. આકાશમાંથી સતત ગાજવીજ અને વીજળીના ચમકારાથી સ્થાનિક લોકો પરેશાન થઈ ગયા. સોમવારે મોડી રાતથી મંગળવાર સવાર સુધી દેશમાં ભારે વરસાદ ચાલુ રહ્યો. દરમિયાન અધિકારીઓએ અસ્થિર હવામાનની ચેતવણી જારી કરી છે. રાષ્ટ્રીય હવામાન કેન્દ્રે દેશના ઘણા વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે અને લોકોને ’અત્યંત સાવધ’ રહેવા માટે કહેવામાં આવ્યું છે. દેશમાં અસાધારણ તીવ્રતાની ખતરનાક હવામાન ઘટનાઓની આગાહી કરવામાં આવી છે. ઓમાનમાં ભારે વરસાદને કારણે ૧૮ લોકોના મોત થયા છે.

# બદલો : ઈઝરાયેલે દક્ષિણ લેબનોનમાં કર્યા હવાઈ હુમલા

## બે હિઝબુલ્લાહ કમાન્ડર સહિત ત્રણ લડવૈયાઓ માર્યા ગયા

તેલઅવીવ,

ઈરાનના ઈઝરાયેલ પર હુમલા બાદ મધ્ય પૂર્વમાં સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. ઈઝરાયેલે કહ્યું છે કે તે ઈરાનના હુમલાનો જવાબ આપશે. દરમિયાન, ઈઝરાયેલી સેનાનું કહેવું છે કે દક્ષિણ લેબેનોનમાં હવાઈ હુમલામાં બે હિઝબુલ્લાહ કમાન્ડર સહિત ત્રણ લડવૈયાઓ માર્યા ગયા છે. ઈઝરાયેલની સેનાએ કહ્યું છે કે રાડવાન ફોર્સના પશ્ચિમી સેક્ટરના રોકેટ અને મિસાઈલ યુનિટના કમાન્ડર મોહમ્મદ હુસૈન શાહહૌરી હવાઈ હુમલામાં માર્યા ગયા છે.

ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મોહમ્મદ હુસૈન શાહહૌરીએ લેબનોનના મધ્ય અને પશ્ચિમી વિસ્તારોમાંથી ઈઝરાયેલના વિસ્તારો તરફ રોકેટ અને મિસાઈલ હુમલાની યોજના બનાવી હતી. હિઝબુલ્લાહના રોકેટ અને મિસાઇલ યુનિટના અન્ય કમાન્ડર, મહમૂદ ઈબ્રાહિમ ફદલ્લાહ પણ હવાઈ હુમલામાં માર્યા ગયા હતા.

અગાઉ, ઈઝરાયેલી સંરક્ષણ દળે એક નિવેદનમાં જણાવ્યું હતુ કે દક્ષિણ લેબનોનમાં તેના હવાઈ હુમલામાં લેબનોનના આઈન અબેલ વિસ્તારમાં હિઝબુલ્લાહના દરિયાકાંઠાના વિસ્તારના કમાન્ડર ઈસ્માઈલ યુસેફ બાઝનું મોત થયું હતું. હિઝબુલ્લાએ પણ તેના ત્રણ લડવૈયાઓના મોતની પુષ્ટિ કરી છે. જો કે, હિઝબુલ્લાહ તરફથી આ વિશે વધુ કંઈ કહેવામાં આવ્યું નથી.

### ઈરાન સામે તમામ પ્રતિબંધો લગાવવા ઈઝરાયલની માગણી

ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ ઈરાન પર શક્ય એટલા પ્રતિબંધો મૂકવાની માગણી ઈઝરાયલે કરી છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદમાં ઇઝરાયલના ઍમ્બૅસૅડર ગિલાડ એર્ડને માગણી કરી હતી કે ’ઈરાનના હુમલા બાદ એના પર શક્ય એટલા પ્રતિબંધો મૂકવામાં આવે. અમે માગણી કરીએ છીએ કે ઈરાને કરેલી હરકત માટે મોડું થઈ જાય એ પહેલાં એની સામે પગલાં લેવાની જરૂર છે.

જોકે સંયુક્ત રાષ્ટ્રસંઘમાં ઈરાનના પ્રતિનિધિ આમિર સઈદે કહ્યું હતું કે ‘સંયુક્ત રાષ્ટ્રસંઘ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવામાં નિષ્ફળ રહ્યું છે. ઇઝરાયલે સિરિયામાં અમારી કૉન્સ્યુલેટ પર હુમલો કર્યો હતો. અમને પણ અમારા બચાવમાં પ્રતિકાર કરવાનો અધિકાર છે અને અમારી પાસે એના સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. અમને યુદ્ધ જોઈતું નથી. જોકે અમારા પર હુમલો થશે તો એનો વળતો જવાબ આપવામાં આવશે.’અમેરિકા ઈઝરાયલને આશરે ૧.૧૭ લાખ કરોડ રૂપિયાની મદદ કરશે. આ માટે પ્રેસિડન્ટ જો બાઇડને સંસદ સમક્ષ એક પ્રસ્તાવ મૂક્યો છે.

CMYK CMYK

# સુરેન્દ્રનગરના રણમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીએ પહોંચ્યો



## જૂનાગઢ અને ગીર સોમનાથમાં હિટવેવની આગાહી

અમદાવાદ,

ગુજરાતમાં આજથી કાળઝાળ ગરમીનો દોર શરૂ થઈ ગયો છે. લોકો ત્રાહિમામ પોકારી જાય તેવી ગરમી પડશે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં બે દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે. ૧૭ અને ૧૮ એપ્રિલ સૌરાષ્ટ્રમાં હિટવેવની આગાહી કરાઈ છે. ખાસ કરીને, પોરબંદર, જૂનાગઢ અને ગીર સોમનાથમાં હિટવેવની આગાહી કરાઈ છે. દિવસ દરમિયાન ગુજરાતના આ જિલ્લાઓમાં ગરમીનો અનુભવ થશે. હવામાન વિભાગે યેલો અલર્ટ જાહેર કર્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાનું તાપમાન ૪૧ ડિગ્રીએ પહોંચ્યું છે. પરંતુ આ કરતા વધુ ગરમી રણમાં પડી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાના રણનું તાપમાન ૪૪ ડિગ્રી વટાવી ગયું છે. અગરિયાઓને પણ રણમાં ગરમીથી બચવા માટે તંત્રએ અપીલ કરી છે. સુરેન્દ્રનગર હવામાન વિભાગ દ્વારા હીટવેવની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. બપોરના સમયે સુરેન્દ્રનગરમાં લોકોને ઘરમાં જ રહેવાની તંત્રએ અપીલ કરી છે. વૃધ્ધો અને બાળકો અને ગર્ભવતી મહિલાઓ ગરમીથી સાવચેત રહે તે અંગે તંત્ર દ્વારા સૂચના અપાઈ છે. હીટવેવની પરિસ્થિતિ વચ્ચે વૃદ્ધાના મોત બાદ તંત્રએ ફરી ગાઈડલાઈન જાહેર કરી છે. ૮૦ વર્ષીય વૃદ્ધના મોત બાદ હવે ફરી તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે.

ગુજરાત સહિત સમગ્ર દેશના ખેડૂતો માટે સૌથી મોટા અને સારા સમાચાર આવી રહ્યા છે. ભારતીય હવામાન વિભાગે આગાહી આપી છે કે આ વર્ષે ચોમાસું નિયમિત અને સૌથી સારું રહેશે. ભારતીય હવામાન વિભાગે આ વખતે સારામાં સારું ચોમાસું રહેવાની આગાહી કરી છે.

# ૬ મેથી ૯ જૂન સુધી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વેકેશન

## આ વખતે પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓને ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન



અમદાવાદ,

ઉનાળો આવતાની સાથે શાળાનું શૈક્ષણિક વર્ષ પૂરૂ થાય છે. ત્યારે રાજ્યની પ્રાથમિક શાળામાં ઉનાળાના વેકેશનને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. અત્રે જણાવીએ કે, તારીખ ૬ મેથી ૯ જૂન સુધી પ્રાથમિક શાળાઓમાં વેકેશન રહેશે. આ વખતે પ્રાઈમરી શાળાના વિદ્યાર્થીઓને ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન મળશે.

પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ શાળાઓમાં ઉનાળાની રજાઓ જાહેર કરવામાં આવી છે. તે રજાઓને લઈ બાળકોમાં પણ ઉત્સૂકતાઓ હોય છે ત્યારે શિક્ષણ નિયામકની કચેરી તમામ શાળાઓને ૨૨૦ દિવસમાં અભ્યાસ કરવા અને તે મુજબ રજાઓનું આયોજન કરવા સૂચના આપતી હોય છે.

# હાઈકોર્ટમાંથી ચૈતર વસાવાને રાહત

## હાઈકોર્ટે નર્મદા જિલ્લામાં પ્રવેશ માટે મંજૂરી આપી

અમદાવાદ,

શરતી જામીન પર મુક્ત ચૈતર વસાવાને ગુજરાત હાઈકોર્ટે નર્મદા જિલ્લામાં પ્રવેશ માટે મંજૂરી આપી છે.

વનકર્મીઓને બોલાવી ધમકી આપવાના ગુનામાં ધારાસભ્ય ચૈતર વસાવા હાલ શરતી જામીન પર મુક્ત છે. નર્મદા જિલ્લામાં ન પ્રવેશવાની શરતે જામીન આપ્યા હતા. જોકે, લોકસભાના ઉમેદવાર હોવાથી પ્રચાર કરી રહ્યા છે, ત્યારે જિલ્લામાં પ્રચાર માટે મંજૂરી માગી હતી જેને રાજપીપળાની સેશન્સ કોર્ટે ફગાવી દેતા હાઈકોર્ટમાં અરજી હતી. જેમાં હાઈકોર્ટે ચૈતર વસાવાને રાહત આપી હતી.

# યુપીએસસી ફાઈનલમાં ગુજરાતીઓનો દબદબો ૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા : સૌથી વધુ પાટીદાર

અમદાવાદ,

યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૩નું અંતિમ પરિણામ આજે એટલે કે ૧૬ એપ્રિલ ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવ્યું છે. યુપીએસસીએ તેની સત્તાવાર વેબસાઈટ પર જાહેર સૂચના દ્વારા પરિણામોની જાહેરાત કરી છે. ફાઈનલમાં ગુજરાતના ૨૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે. જી હા...જનરલ કેટેગરીમાં ૩૪૭ ઉમેદવારો પાસ થયા છે. જ્યારે ઈડબ્લ્યુએસના ૧૧૫ ઉમેદવારો પાસ થયા છે. કુલ ૧૦૧૬ ઉમેદવારમાંથી કુલ ૨૫ ગુજરાતી ઉમેદવારો યુપીએસસી ક્લિયર કરવામાં સફળ થયા છે. આ ૨૫ ગુજરાતીઓમાંથી ૫ યુવતી યુપીએસસી ક્લિયર કરવામાં સફળ રહી છે. જેમાં ઠાકુર અંજલિ અજય, ઝા સમીક્ષા, કંચન મનિષભાઈ ગોહિલ, ઘાંચી ગઝાલા, અને મીણા માનસીનો સમાવેશ થાય છે.

આ વખતે આદિત્ય શ્રીવાસ્તવે સિવિલ સર્વિસની પરીક્ષામાં ટોપ કર્યું છે. અનિમેષ પ્રધાન બીજા સ્થાને છે જ્યારે દોનુરુ અનન્યા રેડ્ડી ત્રીજા સ્થાને છે. ચોથા સ્થાન પર પીકે સિદ્ધાર્થ રામકુમાર અને પાંચમુ સ્થાન રુહાનીએ મેળવ્યું હતું. સત્તાવાર વેબસાઈટ પર મળેલી માહિતી અનુસાર કુલ ૧૦૧૬ ઉમેદવારોની ફાઈનલ પસંદગી કરવામાં આવી છે. તેમાંથી ૩૪૭ જનરલ કેટેગરીના, ૧૧૫ ઈડબ્લ્યુએસ, ૩૦૩ ઓબીસી, ૧૬૫ એસસી અને ૮૬ એસટી છે.

ઉલ્લેખનીય છે કે,યુપીએસસી સિવિલ સર્વિસ પ્રિલિમ્સની પરીક્ષા ૨૮ મેના રોજ યોજાઈ હતી. પ્રિલિમ્સમાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ મુખ્ય પરીક્ષા સપ્ટેમ્બરમાં યોજી હતી. પછી, મેન્સનું પરિણામ ૮મી ડિસેમ્બરે જાહેર કરવામાં આવ્યું હતું. મેન્સ માટે પર્સનાલિટી ટેસ્ટ ૨ જાન્યુઆરીથી ૯ એપ્રિલની વચ્ચે હાથ ધરવામાં આવ્યા હતા.

તમને જણાવી દઈએ કે ભારતીય વહીવટી સેવા, ભારતીય વિદેશ સેવા, ભારતીય પોલીસ સેવા અને કેન્દ્રીય સેવાઓ ગ્રુપ છ અને મ્માં નિમણૂક માટે લેખિત પરીક્ષા અને વ્યક્તિત્વ પરીક્ષણના આધારે અંતિમ પરિણામ તૈયાર કરવામાં આવ્યા છે.

જણાવી દઈએ કે જે ઉમેદવારોએ સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરી છે તેમની યુપીએસસી દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં ૧,૧૦૫ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે. ભરતી દ્વારા ભારતીય વહીવટી સેવા, ભારતીય વિદેશ સેવા,ભારતીય પોલીસ સેવા,ભારતીય મહેસૂલ સેવા અને અન્ય કેન્દ્રીય સેવાઓ અને પોસ્ટ્સ પર નિમણૂકો કરવામાં આવશે.

યુપીએસસીના પરિણામ જાહેર થઇ ચુક્યા છે. જેમાંથી ગુજરાતના એક ઉમેદવાર પાસ થયા છે ત્યારે જે પૈકીના એક ઉમેદવાર કંચન ગોહિલ છે જે મૂળ ગીર સોમનાથના કોડીનારના છે.

# નમો સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ આમનેસામને

અમદાવાદ

અમદાવાદના નમો સ્ટેડિયમમાં આજે ગુજરાત ટાઈટન્સ અને દિલ્હી કેપિટલ્સ આમનેસામને થશે. IPLની આ સીઝનમાં ગુજરાત ૬ મેચમાં ૩ જીત અને ૩ હાર સાથે પોઈન્ટ ટેબલમાં છઠ્ઠા નંબરે છે. જ્યારે દિલ્હી ૬ મેચમાં ૨ જીત અને ૪ હાર સાથે નવમાં નંબરે છે. આવામાં બન્ને ટીમો મેચ જીતી પોઈન્ટ ટેબલમાં પોતાનું સ્થાન મજબૂત કરવા પર ધ્યાન આપશે.

# ગાંધીનગરમાં અધિકારી ૨ લાખની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો



ગાંધીનગર

ગાંધીનગરમાં છાલા ગામ ખાતે ફરિયાદીએ પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવવા ગ્રામ પંચાયત ગયા હતા પરંતુ તલાટી કમ મંત્રીએ રૂપિયા ૨ લાખની માગ કરતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીએ છટકું ગોઠવી લાંચિયા અધિકારીને રંગે હાથ ઝડપ્યો છે.

ફરીયાદીએ સસરા અને તેમના ભાઈઓના નામે વડીલોપાર્જિત જમીનમાં પત્નીનું નામ વારસાઈ પત્રકમાં દાખલ કરાવવા પેઢીનામું બનાવી આપવા ગ્રામ પંચાયતમાં ગયા હતા. પણ આરોપી હઠીસિંહ કાનજીભાઈ સોલંકીએ પેઢીનામું કરાવવા ફરીયાદી પાસે રૂપિયા ૨ લાખની માંગણી કરી હતી. ફરિયાદી અને આરોપીની રકઝકના અંતે રૂપિયા ૫૦ હજાર આપવાના નક્કી થયા હતા.આરોપી તલાટી કમ મંત્રી તરીકે માધવગઢ ગ્રામ પંચાયત ખાતે ફરજ બજાવતો હતો. લાંચના નાણા ફરીયાદી આપવા માંગતા ન હોવાથી લાંચની ફરિયાદ એસીબી કરી હતી. એસીબીએ લાંચનું છટકું ગોઠવતા આરોપીએ સ્થળ ઉપર લાંચની રકમ સ્વીકારતા પકડાઈ જતાં ગુનો કબૂલ્યો હતો.

# અરવલ્લીના બાયડમાં પતિએ જ પત્નીની હત્યા કરી નાખી

## હત્યા બાદ નિવૃત શિક્ષક પતિએ પણ આપઘાત કર્યો

અરવલ્લી,

અરવલ્લી જીલ્લામાં એક કરૂણ ઘટના બની હતી. અરવલ્લીના બાયડમાં રહેતા પતિએ તેની પત્નીની હત્યા કરી નાંખતા ચકચાર મચી ગઈ હતી. એટલું જ નહી પત્નીની હત્યા કર્યા બાદ પતિએ પણ આપઘાત કરી લીધો હતો. બાયડમાં બનેલી આ ઘટનાને કારણે આ વિસ્તારમાં લોકો અચંબામાં મુકાઈ ગયા છે.

પતિ નિવૃત શિક્ષક હતો અને તેણે પહેલા પત્નીની હત્યા કરી નાંખી હતી. બાદમાં પોતે આપઘાત કરીને જીવન ટુંકાવ્યું હતું. જોકે પતિએ શા માટે પત્નીની હત્યા કરી ઉપરાંત પોતે પણ શા માટે આપઘાત કર્યો તે તાતકાલિક જાણી શકાયું ન હતું. જેને કારણે બાયડમાં આ બનાવ ચર્ચાનો વિષય બન્યો છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસે જપ્ત કરેલા ૨૫૦ વાહનોમાં ભેદી આગ, ૧૦૦ બળીને ખાક થયા

## ફાયરે ૧૫૦થી વધુ વાહનો બચાવ્યા, આગનું કારણ અકબંધ

સુરત

લિંબાયત પોલીસે જપ્ત કરેલા અને લિંબાયત જંગલશાહ બાવાની દરગાહ નજીક મુકેલા વાહનોમાં સોમવારે રાત્રે ભેદી સંજોગોમાં આગ ભભૂકી ઉઠી હતી. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી આગ પર કાબુ મેળવી લીધો હતો. આગની આ ઘટનામાં ૧૦૦થી વધુ વાહનો બળીને ખાખ થઈ ગયા હતા. લિંબાયત પોલીસ દ્વારા અલગ અલગ ગુનામાં જપ્ત કરાયેલા વાહનો લિંબાયત જંગલશાહ બાવાની દરગાહ પાસે સરદાર નગર નજીક મુકવામાં આવ્યા હતા. સોમવારે મોડી રાત્રે આ વાહનોના ખડકલામાં ભેદી સંજોગોમાં આગ ભભૂકી ઉઠી હતી. જપ્ત કરેલા વાહનોમાં આગ ભભૂકી ઉઠતા ભાગદોડ મચી ગઈ હતી. બનાવની જાણ થતા ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો અને ૧૫૦થી વધુ વાહનો બચાવી લીધા હતા.

# ૫૦૦ રૂપિયા માટે હત્યા?

## વડોદરા પાસે નેશનલ હાઈવે પર ડ્રાઈવરની અર્ધનગ્ન હાલતમાં લાશ મળી

વડોદરા

વડોદરા શહેર પાસે નેશનલ હાઈવે પર સુંદરપુરા પાટીયા પાસે ખેતરમાંથી હાથ બાંધેલી હાતમાં અર્ધનગ્ન ડ્રાઈવરનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. ડ્રાઈવરની માથા ઉપર ઈજાના નિશાન હોવાથી તેની હત્યા કરીને લાશ ફેંકી દેવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ડ્રાઈવર મરોજખાન પઢાણ હાઈવે પર ટેમ્પો મુકીને આરામ કરતા હતા, તે સમયે ૪ શખ્સો ત્યાં આવ્યા હતા અને ડ્રાઈવર પાસેથી ૫૦૦ રૂપિયાની લૂંટ ચલાવી હતી અને હાથ બાંધીને તેને ખેતરમાંથી ફેંકી દીધો હતો અને ત્યાર બાદ ડ્રાઈવર કાઠિવાયાડીવી ઢાબા પાસે પહોંચ્યો હતો અને હાથ ખોલવા માટે કહ્યું હતું. જો કે, કોઇએ તેના હાથ ખોલ્યા નહોતા, ત્યારબાદ આગળ જતા એક વ્યક્તિએ તેના હાથ ખોલી દીધા હતા અને સમગ્ર વાત તેને કરી હતી. ત્યારબાદ તે ગુમ થઈ ગયો હતો. લૂંટારૂઓએ માત્ર ૫૦૦ રૂપિયા માટે ડ્રાઈવરની હત્યા કરી હોવાની પોલીસે શંકા છે. પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# દુકાનોમાં ઉંદરો પકડવા પાંજરાં મુક્યાં છે કે નહીં તેનો જવાબ આપવા નોટિસ!

## સુરત પાલિકાના ફૂડ વિભાગે અનાજ-કઠોળનો વેપાર કરતી કુલ ૧૨૬ દુકાનોમાં નોટિસ ફટકારી

સુરત

સુરત પાલિકાના ફૂડ વિભાગે શહેરના દરેક ઝોનમાં અનાજ-કઠોળના મોટા વિક્રેતાઓને ત્યાં દરોડા પાડ્યા હતા, જેમાં ૧૨૬ સ્થળે તપાસ કરીને અડાજણ-વરાછા સહિતની ૧૫ દુકાનોમાંથી અનાજનાં ૧૭ સેમ્પલ લીધાં હતાં, જેને પાલિકાની લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલાયાં છે. બે દિવસમાં સેમ્પલનાં રિપોર્ટ આવશે. વિભાગે આ વિક્રેતાઓને પોતાની દુકાનોમાં ઉંદર પકડવા પાંજરાં મુક્યાં છે કે નહીં તેનો જવાબ આપવા નોટિસ પણ ફટકારી છે.

અનાજ-કઠોળનો વેપાર કરતી કુલ ૧૨૬ દુકાનોમાં તપાસ કરી હતી. આ સંસ્થાઓમાં સ્વચ્છતાનું ધોરણ જળવાયેલું રહે, ઉંદર અને જંતુ કંટ્રોલની કામગીરી સમયાંતરે કરવામાં આવે તે અંગે નોટિસ ફટકારવામાં આવી છે.

# વડોદરામાં કોરોનાથી વૃદ્ધ મહિલાનું મોત

## વૃદ્ધ મહિલાનું ૧૨ દિવસની સારવાર બાદ મોત થયું

વડોદરા

કોરોનાની નવી ઈનિંગ શરૂ થઈ હોય તેમ ફરી એકવાર વડોદરામાં કોરોનાથી એક દર્દીનું મોત થયું છે. ઉનાળાની સીઝન શરૂ થતાની સાથે જ રાજ્યમાં કોરોનોનો કેસ ધ્યાને આવ્યો છે. ત્યારે ફરી એકવાર સાવચેત થઈ જવાની જરૂર જણાય છે.

વડોદરામાં કોરોનાથી એક દર્દીનું મોત થયું છે. અત્રે જણાવીએ કે, ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલાને કોરોનો પોઝિટીવ આવ્યો હતો. પહેલા ઝાડા ઉલટી થતાં હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. ત્યારે કોરોના હોવાનું સામે આવતા જીજીિ હોસ્પિટલમાં ખસેડાયા હતા.જયાં વૃદ્ધાને વેન્ટિલેટર સપોર્ટમાં રાખવામાં આવ્યા હતા. આપને જણાવી દઈએ કે, છેલ્લા ૧૨ દિવસથી મહિલા સારવાર હેઠળ હતી. જે વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત થયું છે.

હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે, કોવિડ પ્રોટોકોલને ફોલો કરવાથી માત્ર તમને જ નહીં, પરંતુ કોરોનાના ગંભીર રોગોના જોખમમાં રહેલા લોકોને પણ ચેપથી બચાવવામાં મદદ મળી શકે છે. આ માટે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું.


# કેનેડાની ફાઈલ રિજેક્ટ થવાની શંકામાં પરિણીતાનો આપઘાત

## જહાંગીરપુરાની હેલીનાએ પિયર આવી ઝેર પીધું

સુરત

જહાંગીરપુરા મિલન રો હાઉસ ખાતે રહેતા નિકેશકુમાર પટેલ ખેતી કરે છે. તેમના ૩૧ વર્ષીય પત્ની હેલીનાએ ગઈ તા.૧૪ એપ્રિલના રોજ અડાજણના એલ.પી.સવાણી રોડ કેપીટલ સ્ટેટસમાં પિયરમાં ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. હેલીનાબેનનું મોત નીપજ્યું હતું. હેલીનાબેનના બહેન અમેરીકામાં સ્થાઈ થયા હોય તેમણે પણ અમેરીકા જવા ફાઈલ મુકી હતી. જોકે, ફાઈલ રીજેક્ટ થઈ હતી. બાદ તેમણે કેનેડા જવા માટેની ફાઈલ મુકી હતી. કેનેડાની ફાઈલ પણ રીજેક્ટ થશે અને તેઓ વિદેશમાં સ્થાઈ નહીં થઈ શકે તેવી આશંકાને પગલે તેમણે આપઘાતનું પગલું ભર્યાનું સામે આવ્યું છે.

# હોસ્ટેલના રૂમમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા



## આઈ એમ સોરી, હું બોજ લવ કરું ચિરાગ, લખીને જીવનદીપ બુઝાવ્યો

બારડોલી

બારડોલીના નિણત ગામે આવેલ બી.એસ.સી નર્સિંગમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ 'હાથની હથેળીમાં આઈ એમ સોરી, હું બોજ લવ કરું ચિરાગ, નહી રહેવાય તારા વગર,' લખાણ પ્રેમીને સંબોધીને બોલપેનથી લખાણ કરીને હોસ્ટેલના રૂમમાં પંખા સાથે ઓઢણી બાંધીને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી,

ગણદેવી તાલુકાના કલવચ ગામે રહેતા રમેશભાઇ ઝેડ.પટેલને પરિવારમાં પત્ની અને ચાર સંતાનમાં ત્રણ દીકરી અને એક દીકરો છે. જેમાં નાની દીકરી શ્રદ્ધા પટેલ (૨૧) બારડોલીના નિણત ગામે આવેલ રાધા ગોવિંદ બી.એસ.સી નર્સિંગ કોલેજમાં અભ્યાસ માટે એડમિશન લીધું હતું. જ્યાં હોસ્ટેલમાં રહીને નર્સિંગનો અભ્યાસ કરતી હતી. હાલ ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. સોમવારના રોજ બારડોલીની સરદાર હોસ્પિટલમાં ટ્રેનિંગ માટે ગઈ હતી. ત્યાંથી બપોરના સમયે હોસ્ટેલમાં પોતાના રૂમ નં ૯માં આવી હતી. જ્યાં ડાબા હાથની હથેળીમાં પ્રેમીને સંબોધી લખાણ લખીને સાંજના સાડા ચારથી સાડા પાંચ વાગ્યાના સમય દરમિયાન રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળે ફાંસો ખાઈ અચાનક આત્મહત્યા કરી હતી.

# વિદેશમાં વસતા ૮૫૦થી વધુ મતદારો મતદાન કરવા માટે આવશે ગુજરાત

## ચૂંટણી પંચની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન શરૂ

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. આવખતે ૪.૯૨ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરવાના છે. લોકસભાની ચૂંટણીમાં ૮૫૦થી વધુ મતદારો વિદેશથી પણ મતદાન માટે આવવાના છે. વિદેશથી મતદાન માટે આવનારા મતદારોમાંથી સૌથી વધુ ૨૧૮ અમદાવાદથી છે.



આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર રોજગાર-શિક્ષણ માટે ભારતનો કોઈ નાગરિક વિદેશમાં વસતો હોય અને હજુ તેને અન્ય દેશનું નાગરિકત્વ મળ્યું ન હોય તો તે નોન રેસિડેન્ટ ઈન્ડિયન તરીકે ચૂંટણી પંચની વેબસાઈટમાં જઈને રજીસ્ટ્રેશન કરાવી શકે છે. જેમાં ફોર્મ ૬છ ભરીને વિવિધ દસ્તાવેજી પુરાવા રજૂ કરવા પડે છે અને ત્યારબાદ જ તે મત આપવા માટે માન્ય ગણાય છે. આ રીતે રજીસ્ટ્રેશન કરાવનારા એનઆરઆઈને ઈલેક્ટ્રોલ ફોટો આઈડેન્ટી કાર્ડ અપાતો નથી અને તે ઓરિજનલ પાસપોર્ટ દર્શાવીને વોટ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે, વિદેશમાં વસતા ગુજરાતીઓની સંખ્યા ખૂબ જ વધુ છે છતાં ત્યાંથી ચૂંટણી વખતે મતદાન માટે રજીસ્ટ્રેશન કરાવનારાનું પ્રમાણ સાધારણ જોવા મળે છે. ૨૦૧૭માં યોજાયેલી ગુજરાત વિધાનસભા ચૂંટણી વખતે ૬૪ એનઆરજી દ્વારા રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું.

અધિકારીઓનું માનવું છે કે, વિદેશમાં વસતા ભારતીયો માટે ઓનલાઈન વોટિંગ કે પોસ્ટલ બેલેટની વ્યવસ્થા નથી. જેના કારણે વિદેશમાં વસતા ભારતીય મતદારોએ મતદાન માટે પોતાના મતક્ષેત્ર સુધી આવવું પડે છે. જેના કારણે મોટાભાગના લોકો રજીસ્ટ્રેશન કરાવવાનું પણ ટાળે છે. એનઆરઆઈ મતદારો વધુ સંખ્યામાં મતદાન માટે આવે તેના માટે યોગ્ય પ્રચાર કરવામાં આવે તે પણ જરૂરી છે. ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે સમગ્ર ભારતમાંથી ૧૩૦૩૯ એનઆરઆઈ મતદારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

# સેન્ટ્રલ જેલના કલાર્કના મકાનમાંથી દાગીના અને રોકડ સહિતના મુદ્દામાલની ચોરી



રાજકોટ:રાજકોટમાં ૧૫૦ ફુટ રિંગરોડ પર આવેલ નેમિનાથ સોસાયટીમાં તસ્કરોએ ત્રાટકી સેન્ટ્રલ જેલના કલાર્કના બંધ મકાનમાંથી દાગીના અને રોકડ સહિત રૂ.૪.૯૮ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટ્યા હતાં. સેન્ટ્રલ જેલના કલાર્ક અને તેનો પરીવાર ઉજ્જૈન મહાકાલેશ્વરના દર્શન કરવા માટે ગયાં બાદ બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરોએ હાથફેરો કરી માલસામાન વેરવિખેર કરી નાસી છૂટ્યા બાદ પરિવારજનો પરત ઘરે ફરતાં બનાવની જાણ થઈ હતી અને ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં દોડી આવેલ પોલીસ કફલાએ ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો. દરમિયાન સુરત ક્રાઈમ બ્રાન્ચે એક શખ્સને ઝડપી ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો હતો અને મુદ્દામાલ કબ્જે કરી તસ્કરની સઘન પૂછપરછ હાથ ધરી હતી.બનાવ અંગે ૧૫૦ ફૂટ રિંગરોડ લર નાણાવટી ચોક પાસે સત્યનારાયણ પાર્ક ગેઈટ નં.૩૩ ની સામે નેમિનાથ સોસાયટીમાં રહેતાં ચંદ્રકાંન્તભાઈ મગનભાઈ પરમાર (ઉ.વ.૫૬) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રાજકોટ મધ્યસ્થ જેલમાં સિનીયર ક્લાર્ક તરીકે નોકરી કરે છે. તેઓને સંતાનમા બે પુત્ર છે. ગઈ તા.૧૨/૦૪/૨૦૨૪ ના સાંજના સમયે તેઓ તેમની પત્ની અને બંને પુત્ર તેમજ બંને પુત્રવધુ સાથે ઉજ્જૈન મહાકાલેશ્વરના દર્શન કરવા માટે મકાનના દરવાજાને લોક કરી તાળું મારીને ગયેલ હતા. ગઈકાલે બપોરના સાડા બારેક વાગ્યાની આસપાસ તેઓ ઉજ્જૈનથી પરત રાજકોટ ઘરે આવેલ અને મકાનના દરવાજાનુ તાળુ ચાવીથી ખોલી અંદર પ્રવેશ કરતા જોયુ તો ઘરના અંદરના ભાગે ઘરનો તમામ સામાન વેર વિખેર પડેલ હતો અને ત્યારબાદ ઉપરના માળે ગયેલ અને ત્યાં પણ તમામ સામાન વેર વિખેર પડેલ હતો. તેમજ નીચેના બે રૂમના ત્રણ કબાટ તથા ઉપરના માળના બે રૂમના ત્રણ કબાટ ખુલ્લા હતા અને કપડા વેર વિખેર પડેલ હતા.જેથી તેમના નાના પુત્ર આકાશે પોલીસ કંન્ટ્રોલ રૂમમા ૧૦૦ નંબર પર ફોન કરેલ હતો. મકાનની અંદર જુદા જુદા કબાટના અંદરના ખાનામા રાખેલ સોના ચાંદીના દાગીનામાં સોનાનું મંગલસુત્ર આશરે ૩૨ ગ્રામ રૂ.૯૦ હજાર, સોનાનુ નાનુ મંગલસુત્ર આશરે ૧૦ ગ્રામ રૂ.૩૦ હજાર, સોનાનુ તનમનીયુ રૂ.૧૫ હજાર, બે સોનાની વીંટીઓ રૂ.૧૫ હજાર, સોનાની બ્રેસલેટ નંગ-૨ રૂ.૯૦ હજાર, સોનાની બુટીઓ જોડી-૩ રૂ.૬૦ હજાર, સોનાની કડલી જોડી-૨ રૂ.૯૦ હજાર, ચાંદીના દાગીનાની અલગ-અલગ વસ્તુઓ રૂ.૯૦ હજાર, ઘડિયાલ નંગ-૮ રૂ.૮ હજાર, લેપટોપ એક રૂ.૨૦ હજાર, કેમેરો એક રૂ.૨૦ હજાર તેમજ રોકડ રૂ.૫૦ હજાર મળી કુલ રૂ?.૪૯૮ લાખનો મુદ્દામાલ કોઈ અજાણ્યો શખ્સ મકાનના પાછળના દરવાજાનો નકુચો તોડી નવેરામાંથી રસોડા મારફતે ઘરમા પ્રવેશ કરી ચોરી કરી નાસી છૂટ્યા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ બી.ટી.અકબરીની રાહબરીમાં ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી હતી. દરમિયાન મળેલ વિગત અનુસાર, સુરત ક્રાઈમ બ્રાન્ચે ચોરીના સોનાના દાગીના અને રોકડ સાથે એક શખ્સને દબોચો લીધો હતો અને મુદ્દામાલ કબ્જે કરી પૂછતાછ હાથ ધરતાં તસ્કરે રાજકોટના નેમિનાથ સોસાયટીમાં આવેલ મકાનમાંથી ચોરી કરી હોવાની કબૂલાત આપતાં ચોરીના બનાવમાં અન્ય શખ્સો સંડોવાયેલ છે કે તે અંગે તસ્કરની વિશેષ પૂછપરછ સુરત પોલીસે હાથ ધરી હતી.

# જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રભવ જોશીએ દિવ્યાંગોની રેલીને "ફ્લેગ ઓફ" કરાવ્યું

## મતાધિકારનો મહત્તમ ઉપયોગ કરવા દિવ્યાંગોએ રાજકોટના બાલભવનથી બહુમાળી ભવન સુધી મતદાન જાગૃતી રેલી યોજી





રાજકોટ: ઢોલ, નગારા, ત્રાંસા અને ઘુઘરાના સુરીલા અવાજ સાથે સ્કુટર, ઘોડાગાડી અને કલર-કલરના ફુગ્ગા સાથે રાજકોટના રેસકોર્ષ રીંગ રોડ પર લોકશાહીના સૌથી મોટા પર્વ ચૂંટણીમાં મહત્તમ મતદાન કરવા માટે અંદાજે ૫૦૦ જેટલા દિવ્યાંગ ભાઈઓ-બહેનોએ રેલી કાઢીને તમામ રાજકોટવાસીઓને મતાધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કર્યા હતા. આ રેલીનું "ફ્લેગ ઓફ" જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી પ્રભવ જોશી અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવનાથ ગવ્હણેએ કરાવ્યું હતું.

સ્વીપના નોડલ અધિકારી અને અધિક કલેકટરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન હેઠળ શ્રી છ.શા.વિરાણી બહેરા- મૂંગા શાળા, વી. ડી.પારેખ અંધ મહિલા વિકાસ ગૃહ, શ્રી યુનિક વિકલાંગ ચેરીટેબલ ટ્રસ્ટ વગેરેના દિવ્યાંગ ભાઈઓ-બહેનો દ્વારા રેલી કાઢીને રાજકોટ વાસીઓને મતદાનની મળેલી અમુલ્ય તકનો સદુપયોગ કરવા પ્રેરીત કર્યા હતા.


દિવ્યાંગ બાળકો દ્વારા જુદા - જુદા સ્લોગનો સાથે મતદાન જાગૃતિનો પ્રચાર-પ્રસાર કરીને "સક્ષમ ભારત-સુદ્રઢ ભારત" બનાવવા અચૂક મતદાન કરી પોતાની ફરજ નિભાવવા બધાને પ્રેરણા પુરી પાડી હતી.

વિરાણી બહેરા-મૂંગા શાળાના બાળકો દ્વારા બહુમાળી ભવન ચોક ખાતે નાટકના માધ્યમ વડે "કેવી રીતે મતદાન કરવું" તે સમજાવ્યું હતું. આ નાટક જોવા માટે લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ જિલ્લામાં વિવિધ સંસ્થાઓ ખાતે મતદાર જાગૃતિ કાર્યક્રમ, ઈ.વી.એમ. નિદર્શન, સિગ્નેચર કેમ્પેઈન, પ્રતિજ્ઞા વાંચન જેવા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.

આ તકે ઉદ્ઘ (વિકલાંગ વ્યક્તિ) નોડલ અધિકારીશ્રી શ્રીમતી ઈલાબેન ગોહેલ તથા સહ નોડલ અધિકારી અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી એસ.એમ રાઠોડ અને ચૂંટણી વિભાગના કર્મચારીઓ અને વીવીધ સંસ્થાના અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા.

"આપણે સૌએ મતદાન કરી આપણી ફરજ નિભાવી જોઈએ" તેવી વાત આ બાળકોએ રેલી અને નાટક ના માધ્યમ થકી ખુબ જ સુદર રીતે સમજાવી હતી.

# રામકૃષ્ણ મઠના ઉપાધ્યક્ષનું રાજકોટમાં આગમન



રાજકોટ:રાજકોટવાસીઓને માટે આનંદના સમાચાર છે કે સમસ્ત રામકૃષ્ણ મઠ અને રામકૃષ્ણ મિશનના ઉપાધ્યક્ષ પૂજનીય સ્વામી સુહિતાનંદજી મહારાજ બેલુર મઠથી રાજકોટ પધારી રહ્યા છે. તા. ૧૭ એપ્રિલ રામનવમીના શુભ દિવસે સવારે ૯:૩૦ વાગ્યે શ્રીરામકૃષ્ણ આશ્રમ, રાજકોટમાં પદાર્પણ કરશે.પૂજ્ય મહારાજશ્રી સવારે ૧૦:૩૦ કલાકે આશ્રમ પ્રાંગણમાં નવનિર્મિત 'સ્વામી આત્મસ્થાનંદ ભવન' (કાર્યાલય ભવન)નું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ આશ્રમના 'વિવેકાનંદ ઈન્સ્ટિટ્યૂટ ઑફ વેલ્યૂ એજ્યુકેશન એન્ડ કલ્ચર'માં ભારતીય સંસ્કૃતિ, સ્વામી વિવેકાનંદનું જીવન અને સંદેશ વગેરે જેવા છ અલગ-અલગ પ્રકારના પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે. એ જ દિવસે સાંજે ૭:૩૦ વાગ્યે પૂજ્ય મહારાજશ્રી જાહેર સભાની અધ્યક્ષતા કરશે અને ભક્તોને આશીર્વચન પાઠવશે.આ ઉપરાંત તારીખ ૧૯ એપ્રિલના રોજ અગાઉથી નોંધાયેલ ભક્તજનોને પૂજ્ય મહારાજશ્રી મંત્ર-દીક્ષા પ્રદાન કરશે, તથા તારીખ ૨૦ એપ્રિલના રોજ સવારે રાજકોટથી પ્રસ્થાન કરશે. શહેરીજનો પૂજ્ય મહારાજશ્રીને રોજ સંધ્યા આરતી પછી પ્રણામ કરી શકશે.

# ૧૬ વર્ષની સગીરા પર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં થોરાળાના આરોપીને આજીવન કેદ




રાજકોટ:રાજકોટમાં ૧૬ વર્ષની સગીરા પર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં થોરાળાના આરોપીને કોર્ટે આજીવન કેદ સજા ફટકારી છે. રાજકોટની સ્પેશ્યલ પોક્સો કોર્ટના જજ જે.ડી. સુથારે ચુકાદો આપ્યો હતો, ૨૩ વર્ષીય આરોપી સાગર મકવાણાએ સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યું હતું.તા.૩ -૩ -૨૦૨૧ ના રોજ થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સગીરાનું અપહરણ કરી લઈ જઈ તેના પર દુષ્કર્મ ગુજારવાના ગુનામાં પોલીસે આરોપી સાગર ભરતભાઈ મકવાણા (ઉ.વ.૨૩) (રહે. થોરાળા, વિજયનગર પાસે રાજકોટ)ની ધરપકડ કરી જેલ હવાલે કરેલ હતો. આરોપી સામે પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ. ચાર્જશીટ બાદ પોક્સો અદાલતમાં કેસ ચાલવા ઉપર આવતા પ્રોસીક્યુશન તરફે ફરિયાદીની તેમજ ભોગબનનારની અને ડોક્ટરની તેમજ તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની લેવામાં આવેલ.જેમાં ફરિયાદીએ કોર્ટમાં સોગંદ ઉપર ફરિયાદ મુજબની જુબાની આપેલ તેમજ ભોગબનનારે તેના ઉપર થયેલ દુષ્કર્મની હકીકત જણાવેલ. આરોપીને કોર્ટમાં ઓળખી બતાવેલ. ડોક્ટરે ભોગબનનાર અને આરોપીની મેડિકલ તપાસણી કરી સેમ્પલો મેળવેલ અને તે મુજબ જુબાની આપી અને મેડિકલ સર્ટિફિકેટ આપ્યાનું જણાવ્યું હતું.તપાસ કરનાર પોલીસ અધિકારીએ તેઓએ કરેલ તપાસની સંપૂર્ણ હકીકત સોગંદ ઉપર જણાવેલ ઉપરાંત પ્રોસીક્યુશન તરફથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ. જેમાં ફરિયાદ મેડિકલ સર્ટી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો અહેવાલ વગેરે દસ્તાવેજી પુરાવાઓ રજૂ રાખેલ હતા અને તમામ દસ્તાવેજી પુરાવાઓને પ્રોસીક્યુશન દ્વારા સાબિત કરવામાં આવ્યા હતા. સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયાએ દલીલ કરેલ કે, આરોપીનું સિમેન ભોગબનનારના પ્રાઈવેટ પાર્ટ્સમાં મળી આવેલ છે.તેથી આરોપીએ આ ગુનો આચર્યાનું પ્રથમ દ્રષ્ટિએ જણાઈ આવે છે. એવી દલીલ કરવામાં આવેલ કે, ભોગબનનાર સગીર છે અને આરોપી ૨૩ વર્ષનો છે અને આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે આવા ગુનાના આરોપી સામે કેસ સાબિત થયેલ હોય જેથી આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની વધુમાં વધુ સજા કરવા વિનંતી કરેલ હતી.આ કેસમાં પોક્સો અદાલતે સોગંદ ઉપરની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવાઓ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના અહેવાલને ધ્યાને લઈ તેમજ સરકારી વકીલની દલીલને ધ્યાને લઈ પોક્સો કોર્ટના જજ જે. ડી. સુથારે આરોપી સાગર મકવાણાને આજીવન કેદની સજા ફટકારેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

# બીઆરટીએસ રૂટ પર બેફામ દોડતી વધુ એક કારનો વિડીયો વાયરલ

રાજકોટ: સોશ્યલ મીડિયામાં સક્રિય રહેવા અને ફોલોઅર્સ વધારવા માટે યુવાનો કાયદાનો ભંગ કરીને પણ વાહનો પ્રતિબંધિત બીઆરટીએસ રૂટ પર ચલાવી વિડીયો ઉતારી રીલ્સ સોશ્યલ મીડિયામાં અપલોડ કરતા હોય છે. ત્યારે વધુ એક કાર ચાલકે ૧૫૦ ફુટ રીંગ, બીઆરટીએસ રૂટ પર પુરપાટ કાર ચલાવી વિડીયો ઉતારી ઈન્સ્ટાગ્રામમાં મુકતા માલવીયાનગર પોલીસે તાત્કાલીક કાર્યવાહી કરી કાર ચાલક હર્ષ વાઘેલાની ધરપકડ કરી હતી.પ્રાપ્ત વિગત મુજબ માલવીયાનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ એ.વી.ચાવડા તેમજ કોન્સ્ટેબલ સંજયભાઈને સોશ્યલ મીડિયામાં ૧૫૦ ફુટ રીંગ રોડ, બીગ બાઝાર અને નાના મવા સર્કલની વચ્ચે પ્રતિબંધીત બીઆરટીએસ કોરીડોર પર એક વ્યકિત કાર ચલાવતો હોવાનો વિડીયો વાયરલ થયો હોવાનું સામે આવતા તાત્કાલીક વિડીયોમાં દેખાતા વ્યકિતને શોધવા સાયબર ક્રાઈમની મદદ લઈ તપાસ કરતા તે વિડીયોમાં દેખાતો કાર ચાલક હર્ષ ભાવેશ વાઘેલા (ઉ.વ.૨૧, રહે. પ્રજાપતિ સોસાયટી, શેરી નં.૨) હોવાનું સામે આવ્યું હતું. જે બાદ તાત્કાલીક સ્ટાફે આરોપી સામે ગુનો નોંધી યુવાનની ધરપકડ કરી પુછપરછ કરતા પોતે વિડીયો પોતાના આઈફોનમાં ઉતારી વાયરલ કરવા માટે ઈન્સ્ટાગ્રામ એપ્લીકેશનમાં અપલોડ કર્યા હોવાની કબુલાત આપી હતી.

# ૨૨ વર્ષીય હિરેન લશ્કરીનો ફાંસો ખાઈ આપઘાત

## પરિવારમાં અરેરાટી, પોલીસે અપઘાતનું કારણ જાણવા તજવીજ હાથ ધરી




રાજકોટ:રાજકોટના નાગેશ્વર મંદિરની પાછળ આવેલ શંખેશ્વર એપાર્ટમેન્ટમાં ૨૨ વર્ષીય હિરેન લશ્કરી નામના યુવાને પોતાનો ફ્લેટ બંધ કરી રૂમમાં અગમ્ય કારણોસર ફાંસો ખાઈ અંતિમ પગલું ભરી જીવનનો અંત આણી દેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો અને બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં નાગેશ્વર મંદિરની પાછળ આવેલ શંખેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતાં હિરેન જયેશભાઈ લશ્કરી (ઉ.વ.૨૨) નામના યુવાને ગઈકાલે પરિવારજનો બહાર ગયા બાદ રાતના દસ વાગ્યાની આસપાસ પોતાનો ફ્લેટ બંધ કરી રૂમમાં પંખાના હુકમાં દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.બાદમાં પરિવારજનો ઘરે આવતાં ફ્લેટ અંદરથી બંધ હતો. જેથી બાજુના ફ્લેટની બાલ્કનીમાંથી બારી ખોલી જોતા પુત્ર લટકેલો જોવા મળતાં પરિવારે આક્રંદ મચાવ્યો હતો. બાદમાં ૧૦૮ ને જાણ કરતાં દોડી આવેલ ૧૦૮ ની ટીમે યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એસ.એલ.ગોહિલ અને સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી.વધુમાં મળેલ વિગત મુજબ, મૃતકની માતા અને તેના પિતા ૧૨ વર્ષ પહેલાં અલગ થઈ ગયાં બાદ મૃતક તેની માતા સાથે રહેતો બાદમાં તેમની માતાએ ટ્રાન્સપોર્ટના ધંધાર્થી નલિનભાઈ શાહ નામના વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતાં. બાદમાં તેઓ તેમની સાથે રહેતાં હતાં. મૃતક હિરેને હાલમાં જ ધ્રોલમાં આવેલ નુરી હાઈસ્કૂલમાં ધો.૧૨ ની પરીક્ષા આપી હતી. તે બે ભાઈમાં મોટો હતો. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# સફાઈ કામદાર માટે PMJAY કાર્ડના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું

રાજકોટ: રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાના જુદા જુદા વોર્ડમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સફાઈ કામદારનાં હેલ્થ ચેકઅપ તથા PMJAY કાર્ડ કાઢવા અંગે વોર્ડ કક્ષાએ તા.૧૬-૦૪-૨૦૨૪ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. આજ રોજ તા.૧૬/૪ના દિવસે વોર્ડ ૨ક, ૩ક, ૭ક, ૧૩ક, ૧૪ક, ૧૭ક, ૮ક, ૯ક, ૫ક, ૬ક, ૧૬ક, ૧૮કના વોર્ડ ખાતે આ કેમ્પનં આયોજન કરવામાં આવેલ, જેમાં વોર્ડનાં એસ.એસ.આઈ, એસ.આઈ, મેડીકલ ઓફીસર અને આરોગ્યનો સ્ટાફ હાજર રહી હેલ્થ ચેકઅપ અને PMJAY કાર્ડ કામગીરી કરવામાં આવી હતી.

## આજે-૧૭ એપ્રિલ, "રામનવમી"

# અયોધ્યાનાં વાસી રામ, રઘુકૂળનાં કહેવાયા રામ, પુરુષોમાં છે ઉત્તમ રામ, સદાય લ્યો હરી રામનું નામ.



રામનવમી એ ભગવાન શ્રી રામનો જન્મદિન છે. આ દિવસે ભગવાન વિષ્ણુંનાં સાતમા અવતાર તરીકે ભગવાન રામનો જન્મ થયો હતો. આ દિવસ રામકથાના પઠન-પાઠન દ્વારા ઉજવાય છે. ભારતીય પરંપરા દ્વારા રામાયણ અને મહાભારતને ઈતિહાસ માનવામાં આવે છે. લોકો રામમંદિરોમાં પૂજન-અર્ચન, દર્શનાર્થે જાય છે અથવા ઘરમાં પૂજા-અર્ચનાં પણ કરે છે. રામ ભગવાનની બાલમૂર્તિની સેવા-પૂજા તથા પારણાનાં દર્શન પણ કરાય છે. લોકો આ દિવસે વ્રત-ઉપવાસ પણ કરે છે.

શાસ્ત્રોમાં વર્ણવ્યા અનુસાર જયારે સમાજમાં સત?ય ઉપર અસત?ય, પ્રમાણિકતા ઉપર અપ્રમાણિકતા, સદાચાર ઉપર દુરાચાર અને ઋષિ સંસ?કૃતિ ઉપર દૈત?ય શકિતઓ હાવી થવા લાગી ત?યારે પ્રભુ શ્રી રામે ચૈત્ર સુદ નવમીનાં દિવસે બપોરનાં બાર વાગ્યે અસુરી શક્તિનો નાશ કરવા માટે જન?મ લીધો હતો. શ્રી રામનાં આ જન?મ દિવસને ઉત્તરથી દક્ષિ?ણ અને પૂર્વથી પશ્ચિમ સુધી બધા રામનવમી તરીકે આજે પણ ધામધુમથી ઉજવે છે. આ રામનવમી માત્ર શ્રી રામનાં જીવનની જ નહી પણ એક એવા પુત્રની પણ આપણને યાદ અપાવે છે, જેમાં એક વ?યકિતએ પિતા, માતા, ગુરુ, પત્ની, નાના ભાઈ ભાંડુ પ્રત્યેની ફરજો ઉપરાંત કુટુંબ તેમજ સમાજ પ્રત?યેની ફરજો નિષ?ઠાપૂર્વક બજાવવા સાથે તેમણે કોઈ પણ પરિસ્થિતિમાં એમની મર્યાદા નથી છોડી. એમના અલૌકિક સ્વભાવ, અદભૂત કાર્ય, અદ્વિતીય વીરતા, અનુકરણીય સહનશીલતા, વિનમ્રતા, ધર્મ-પ્રિયતા, પરોપકાર, સ્વાર્થ-ત્યાગથી લોકોના મનમાં તેમના પ્રત્યે અતિ પ્રેમ બનાવી લીધો હતો માટે જ ભગવાન રામ ને મર્યાદા પુરુષોત્તમ કહેવામાં આવે છે. રામનવમી વ્રતના પ્રારંભે ભાવિક ભક્તો, ઉપાષકો, આરાધકો અને રામાયણનાં પ્રખર અભ્યાસીઓ શ્રીરામ નામ જપ, રામ નામની માળા, રામ નામનું લેખન, રામનું ભજન-કીર્તન, રામચરિત માનસ – રામાયણનું વાચન, રામ પંચાયતન (રામ, લક્ષ્મણ, સીતા, ભરતજી, શત્રુઘ્ન અને હનુમાનજી) નું અર્ચન-પૂજન, ધૂપ-દીપ અને નૈવેદ્ય સમર્પણ વ્રત ચૈત્ર સુદ નોમના ભક્તિભાવથી કરે છે. રામનામ અદભુત સંજીવની છે, અમોઘ શસ્ત્ર છે, મહાન શક્તિ છે. ઈશ્વરમાં શ્રધ્ધા રાખવી એ કોઈ આડંબર નથી, ઈશ્વર તો એક એવી અલૌકિક શક્તિ છે જેના ભયને કારણે જ લોકો પાપથી દૂર રહે છે, એક દુઃખ પછી પણ લોકો સુખના સૂરજનાં રૂપે ઈશ્વર તરફ દ્રષ્ટિ નાખે છે. આ શ્રધ્ધા જ તેમને જીવનના મોટા મોટા દુઃખોને જીરવવાની શક્તિ આપે છે. શ્રીરામનુ જીવન માણસને આદર્શ જીવન જીવવાની રાહ ચીંધે છે. ભગવાન રામનાં જીવનના દરેક પ્રસંગો આપણને કોઈને કોઈ સંદેશો આપી જાય છે.

## અવસાન નોંધ/બેસણું:

ઔદિત્ય ઝાલાવાડી બ્રાહ્મણ ,,સ્વ. અ.સૌ. રૂપલબેન દીપેનભાઈ વ્યાસ તે દીપેનભાઈના પત્ની તેમજ નીશિતનાં મમ્મી તથા અનસૂયાબેન અરવિંદભાઈ વ્યાસની પુત્રવધૂ તથા ઈન્દુબેન જયેશભાઈ રાવલની પુત્રી તથા ધિરેનભાઈ (LIC), ઉદિતભાઈના વધુ દિવ્યેશભાઈ, મનીષભાઈ (રામ), મનીષભાઈ, સત્યમભાઈ, રવિભાઈ (બ્લુસેરા), શિવભાઈ, અભિજિતભાઈ, રાહુલભાઈના ભાભી તથા કૌશિકભાઈ, જીતેન્દ્રભાઈની બહેનનું તા. ૧૬-૪-૨૦૨૪ ને સોમવાર ના રોજ શ્રીજીચરણ પામેલ છે, સદગતનું બેસણું:તારીખ ૧૮-૪-૨૦૨૪ ગુરુવાર બપોરે ૪.૩૦ થી ૬ -૦૦સ્થળ: બાલકુંજ,હોબી સેન્ટર, વિવેકાનંદ સોસાયટી, એરપોર્ટ ફાટક પાસે, રાજકોટ

# કિંમતી ફલેટનો વેચાણ દસ્તાવેજ રદ કરવાનો દાવો ફગાવાયો

રાજકોટ: અગાઉ રાજકોટના રહેવાસી અને હાલ વડોદરા મુકામે રહેતા દમયંતીબેન મેતાએ રાજકોટનાં અક્ષણ માર્ગ ઉપર આવેલ પોતાની માલિકીનો અતિ કિંમતી ફલેટ રાજકોટના દિપકભાઈ સાંગાણીને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ જે દસ્તાવેજ રદ કરવા દમયંતીબેને રાજકોટ સિવિલ કોર્ટમાં દાવો દાખલ કરતા કોર્ટે પ્રાથમિક તબક્કે જ તે દાવો રદ કરવાનો હુકમ ફરમાવેલ છે. કેસની વિગત મુજબ દમયંતીબેને રાતરાણી એપાર્ટમેન્ટમાં આવેલ ફલેટ દિપકભાઈને રૂા.૧ કરોડમાં વેચાણ આપી દિપકભાઈ સાંગાણીની તરફેણમાં ગત તા.૪/૨/૨૦૧૩ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ કરી આપેલ, પરંતુ દમયંતીબેન વૃધ્ધ ઉમરના હોય ખરીદનાર દિપકભાઈએ દમયંતીબેનને ફલેટમાં રહેવા માટે પરવાનગી આપેલ હતી.જો કે તે પછી દમયંતીબેને તેમના પુત્ર દિનેશભાઈને પાવર ઓફ એટર્ની આપી દાવો દાખલ કરેલ કે, તેણીએ પોતાની અંગત લોન ભરપાઈ કરવા માટે થઈને દિપકભાઈ પાસેથી હાથ ઉછીની રકમ લીધેલ જેની સીકયુરીટી પેટે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ હતો. પરંતુ તેણીએ કટકે કટકે રૂા.૪૩ લાખ દિપકભાઈને રોકડા જ ચુકવી આપેલ હોવા છતાં તેમજ બાકીની રકમ પોતે ચુકવવા તૈયાર હોવા છતાં દિપકભાઈ ફલેટનો વેચાણ દસ્તાવેજ રદ કરી આપતા નથી. જેથી દિપકભાઈએ દાવો રદ કરવા અરજી કરેલી. સુનવણી વખતે પ્રતિવાદી તરફે રોકાયેલ એડવોકેટ શ્યામલભાઈ સોનપાલે દાવો રદ કરવા દલીલો કરેલ. બન્ને પક્ષોની દલીલો પૂર્ણ થતા રાજકોટના એડી.સીની. સિવિલ જજે દાવો લીમીટેશન એકટની જોગવાઈઓ મુજબ સમય મર્યાદા બહારનો હોય તેવું ઠરાવી વાદીનો દાવો રદ કરવાનો હુકમ ફરમાવેલ છે.

# ૬૩ વેપારીઓ પાસેથી ૩.૩૫ કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત

રાજકોટ : રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૧૫/૦૪/૨૦૨૪ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજ ત્રણેય ઝોનમાંથી કુલ ૬૩ આસામીઓ પાસેથી ૩.૩૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ૫૩૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૫ આસામીઓ પાસેથી ૧.૨૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૧.૪૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# ચોમાસા પુર્વે કવાયત:વોંકળાઓની સફાઈ કરવામાં આવી

રાજકોટ:રાજકોટ મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગ દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ - ૨૦૨૪ અને નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન હેઠળ પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ ગઈકાલે વોર્ડ નં.૪, ૫, ૧૫, ૨, ૭ અને ૧૦માં આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવી હતી.પૂર્વ ઝોનના વોર્ડ નં.૪માં વોર્ડ નં.૪ 'અ'ની વોર્ડ ઓફીસની બાજુમાં, જે.સી.બી. અને ડમ્પરથી વોકળા સફાઈની કામગીરી, વોર્ડ નં. ૫ વાસંગી દાદાના મંદિર પાસે માલધારી સોસા. વોકળામાં સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫ રામનગર શેરી નં.૫ ખોડિયાર ડેરી સામે વોકળામાં માણસોથી સફાઈની કામગીરી, વોર્ડ નં.૧૫ જિલ્લાના નાલે વોકળામાં સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી.મધ્ય ઝોનના વોર્ડ નં.૨ કોલ સેન્ટર ફરીયાદમાં સદર બજાર ભારત ફ્રુટ સામે વોકળા સફાઈ, વોર્ડ નં.૭ સદર બજાર તાલુકા શાળા પાસે નાળા વોકળાનો ગાળ કચરો સફાઈ તથા વોકળા સફાઈ કરવામાં આવેલ હતી. પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૧૦ સદગુરુ નગર વોકળા મેન્યુલ સફાઈ તથા એ. જી. ક્વાર્ટર દીવાલ પાસે જેસીબી ડમ્પર દ્વારા વોકળા સફાઈકરવામાં આવેલ હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## રાષ્ટ્રના વિકાસ માટે બ્રેઈન ડ્રેઈન અટકાવો

આ દેશની ધરતી આપણી માતૃભૂમિ છે અને માતૃભૂમિ પ્રત્યે આપણી ફરજ બજાવવી અત્યંત જરૂરી છે જે દેશની અંદર આપણો જન્મ થયો છે જે દેશની માટી થી આપણું શરીર ઘડાયું છે જે દેશનું અન્ન આપણે ખાધું છે તે દેશ માટે કંઈક કરવું અત્યંત જરૂરી છે આપણે જે સમાજમાં જીવીએ છીએ તે સમાજ પ્રત્યેની પણ આપણી ફરજ છે.

પરંતુ આજે દેશ છોડીને વિદેશમાં સ્થાયી થનારા લોકો આવું વિચારતા નથી જે લોકો દેશ છોડીને વિદેશમાં ધંધા રોજગાર માટે જાય છે ત્યાં સારામાં સારી કમાણી કરે છે અને સુખી પણ થાય છે છતાં તેને માતૃભૂમિ ની યાદ આવે છે દેશ છોડનારા લોકો ની પણ એક મજબૂરી છે કારણ કે દેશમાં રોજગારીની તકો ઓછી છે આજે જ્યારે ભણી ગણીને જે તૈયાર થઈ જાય છે ત્યારે વિચારે છે કે જો હું અમેરિકા કે અન્ય કોઈ દેશમાં જાઉં તો મને ખૂબ જ સારી સુવિધાઓ મળે સારા નિવાસસ્થાન મળે અને જીવન સુખમય બની જાય આથી તેઓ દેશ છોડે છે ઘણા લોકો મજબૂરીને કારણે દેશ છોડે છે દેશને છોડવો એ સારી વસ્તુ નથી આમ છતાં આ એક કડવી હકીકત હોવાથી તેનો સર્વે સ્વીકાર કરવો અત્યંત જરૂરી છે

કેન્દ્ર સરકારે સંસદમાં એક સવાલના જવાબમાં ચિંતા જગાવે તેવી માહિતી આપી છે કે, છેલ્લાં ત્રણ વર્ષથી રોજ લગભગ ૪,૯૩૯. જણા ભારતીય નાગરિકત્વ છોડતા રહ્યા છે. આમાં ગયા વર્ષે સૌથી વધુ સવા બે લાખથી વધુ લોકોએ ભારતની નાગરિક્તા છોડી દીધી હતી. પોતાના દેશને જોડતા નાગરિક્તાના સંબંધ કાપનારા આ ભારતીયોએ ૧૪૫ દેશના નાગરિક બનવાનું પસંદ કર્યું છે. આમાં પાકિસ્તાન અને સાઉદી અરેબિયા સહિતના દેશોનો સમાવેશ થાય છે.

ભારતીયોમાં વધી રહેલાં ચલણ મુજબ મોટાભાગે રોજગાર માટે લોકો, તેમાં પણ ખાસ કરીને યુવાનો વિદેશની વાટ પકડતા હોય છે. દેશમાં દર વર્ષે લાખો યુવાનો ઈજનેરી, આરોગ્ય અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં શિક્ષણ મેળવે છે, પણ તેમનાં શિક્ષણને અનુરૂપ રોજગારીની તકો માત્ર ૬૦ ટકા જેટલાને મળતી હોય છે. બાકીના ૪૦ ટકાને અન્ય દેશોમાં જઈને નોકરીમાં લાગવા સિવાયનો વિકલ્પ હોતો નથી.

વળી, દુનિયામાં ઘણા વિકસિત દેશોમાં કામને અનુરૂપ વેતનનું પ્રમાણ ઘણું સારું હોય છે. આનાથી ભારતીય યુવાનો તે દેશો તરફ આકર્ષાતા રહે છે. સ્વદેશમાં રોજગારીની તક મળે તો પણ પગાર, ભથ્થાં અને અન્ય સુવિધા અન્ય દેશોની સરખામણીએ ભારે ઓછાં હોવાને લીધે યુવાનો હવે તક મળે એટલે દેશની નાગરિક્તા છોડીને વિદેશના નાગરિક બનવામાં પાછીપાની કરતા નથી.

આપણા દેશમાં એવા પણ લોકો છે જેને સારામાં સારો બિઝનેસ છે સારામાં સારો ઉધોગ છે તે પણ અહીંથી બિસ્તરાપોટલા લઈને વિદેશમાં જઈને બિઝનેસ કરે તો તે વસ્તુ યોગ્ય નથી આ દેશ માટે તેને કંઈક કરવું જોઈએ રાષ્ટ્ પ્રત્યે ભાવના સર્વોપરી હોવી જરૂરી છે

જે લોકો ભારતમાં ધંધો કે ઉધોગ ધરાવે છે, તેઓ પણ સ્વદેશમાં બધું સમેટી લઈને સંપન્ન દેશોના નાગરિક બનતા થયા છે. ભારે વિશાળ વસ્તી ધરાવતા ભારતમાં નાગરિક સુવિધાઓની સતત ઊણપ રહેતી આવી છે. આવામાં વિકસિત અને આધુનિક દેશોમાં જીવનધોરણ વધુ સરળ અને વેપાર-ઉધોગ વધુ નફાકારક બની રહ્યો હોવાની વાસ્તવિકતા આ સંપન્ન પરિવારોને પોતાનાં વતનને છોડીને અન્ય દેશોના નાગરિક બનવા આકર્ષવા લાગી છે.

# ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે ટોચના દસ અબજપતિઓની સંપત્તિમાં ૨૮ અબજ ડોલરનું ધોવાણ

### સૌથી ધનિક લોકોમાંથી માત્ર બેની જ સંપત્તિમાં વધારો : ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટની નેટવર્થ ઈ ૨.૯૧ બિલિયન વધી



કરંટ ટોપિક

ઈરાન

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવને કારણે સોમવારે વિશ્વભરના શેરબજારોમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. તેના કારણે વિશ્વના ટોચના ૧૦ અમીરોની નેટવર્થમાં લગભગ ૨૮ અબજ ડોલર એટલે કે રૂ. ૨૩,૩૯,૯૭,૮૨,૦૦,૦૦૦નો ઘટાડો થયો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર સોમવારે વિશ્વના ટોચના ૧૫ સૌથી ધનિક લોકોમાંથી માત્ર બેની જ સંપત્તિમાં વધારો થયો છે. આ યાદીમાં પ્રથમ નંબરે રહેલા ફ્રાન્સના બર્નાર્ડ આર્નોલ્ટની નેટવર્થ ઇં૨.૯૧ બિલિયન વધીને ઇં૨૧૮ બિલિયન પર પહોંચી ગઈ છે. વિશ્વના ૧૫મા સૌથી ધનિક વ્યક્તિ સ્પેનના અમાનસિઓ ઓર્ટેગાની કુલ સંપત્તિમાં ઇં૧.૦૮ બિલિયનનો ઉછાળો આવ્યો છે. સૌથી વધુ નુકસાન એલોન મસ્કને થયું હતું. સોમવારે તેમની કુલ સંપત્તિમાં ઇં૬.૮૪ બિલિયનનો ઘટાડો થયો હતો.

અમીરોની યાદીમાં બીજા સ્થાને રહેલા એમેઝોનના સ્થાપક જેફ બેઝોસની નેટવર્થમાં ઇં૩.૧૧ બિલિયનનો ઘટાડો થયો છે અને હવે તે ઇં૨૦૫ બિલિયન છે. મસ્ક ૧૭૮ બિલિયન ડોલરની નેટવર્થ સાથે આ યાદીમાં ત્રીજા સ્થાને છે. ફેસબુકની પેરેન્ટ કંપની મેટા પ્લેટફોર્મ્સના સીઈઓ માર્ક ઝકરબર્ગની નેટવર્થ ઇં૪.૦૮ બિલિયન ઘટીને ઇં૧૭૮ બિલિયન થઈ ગઈ છે. સોમવારે બિલ ગેટ્સની નેટવર્થમાં ઇં૧.૬૫ બિલિયનનો ઘટાડો થયો હતો. તે ૧૫૦ અબજ ડોલરની સંપત્તિ સાથે અમીરોની યાદીમાં પાંચમા સ્થાને છે. સ્ટીવ બાલ્મરની નેટવર્થમાં ઇં૨.૬૯ બિલિયન, લેરી પેજની ઇં૨.૪૩ બિલિયન, વોરેન બફેની ઇં૧૩૨ બિલિયન અને સેર્ગેઈ બ્રિનની નેટવર્થમાં ઇં૨.૩૦ બિલિયનનો ઘટાડો થયો છે.

ભારત અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ મુકેશ અંબાણીની નેટવર્થમાં સોમવારે ૮૦૬ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે. તે ૧૧૨ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૧મા નંબરે છે. આ વર્ષે તેની નેટવર્થ ઇં૧૫.૬ બિલિયન વધી છે. સોમવારે અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીની નેટવર્થમાં ઇં૨.૩૬ બિલિયનનો ઘટાડો થયો હતો. તેઓ ૯૯.૫ બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં ૧૪મા નંબરે છે. આ વર્ષે તેની નેટવર્થ ઇં૧૫.૨ બિલિયન વધી છે.

# મિલ્કી વેનું નિર્માણ કરનારા બે પ્રાચીન કણ મળ્યા

### જર્મનીના વૈજ્ઞાનિકોએ આપ્યા Shiv-Shakti નામ

વિશેષ

આપણી આકાશગંગામાં લાખો-કરોડો તારા આવેલા છે અને એનો અભ્યાસ ગાઈયા સ્પેસ ટેલિસ્કોપની મદદથી જર્મનીના સૌથી મોટી સાઈન્ટિફિક સંસ્થા મેક્સ પ્લેન્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્ટ્રોનોમી કરી રહ્યો છે. આ સાઈન્ટિફિક સંસ્થાએ આકાશગંગાના નિર્માણ કરનારા બે પ્રાચીન કણની શોધ કરી લીધી છે અને એને નામ આપ્યું છે શિવ અને શક્તિ.

બ્લ્યુ રંગના ડોટ્સ શિવ છે અને પીળા રંગના ડોટ્સ એ શક્તિ છે. આ બંને કણે મળીને જ આપણી આકાશગંગા એટલે કે મિલ્કી વે બનાવી છે. આ ડોટ્સ હકીકતમાં તો તારાની બે પ્રાચીન લહેરો છે અને એને મળીને આકાશગંગાનું નિર્માણ બિગ બેંગથી ૨૦૦ કરોડ વર્ષ બાદ આશરે ૧૨૦૦ કરોડ વર્ષ પહેલાં કર્યું હતું

શિવ અને શક્તિ બ્લ્યુ અને પીળા રંગના ડોટ્સવાળા તારાની લહેર એટલી જૂની છે કે એને બાદ જ આપણી આકાશગંગાના બે વળાંકવાળા એટલે કે સ્પાઈરલવાળા ભાગ બન્યા હતા. આ જ કારણે જર્મનીના વૈજ્ઞાનિકોએ આ તારાની લહેરોના નામ બ્રહ્માંડ રચના કરનારા શિવ અને દેવી શક્તિનું નામ આપ્યું છે. આ બંનેએ મળીને જ મિલ્કી વેનો પાયો રાખ્યો હતો જેમાં આપણે બધા રહીએ છીએ.

મેક્સ પ્લેન્ક ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોનોમીનાં વૈજ્ઞાનિક ખ્યાતિ મલ્હાને જણાવ્યું હતું કે અમને ખુશી છે કે અમે આટલા પ્રાચીન કણોને. સ્ટાર્સના બેલ્ટને શોધી શક્યા. આ સ્ટારના પેદા થયા બાદથી જ સતત આપણી આકાશગંગામાં ફેરફાર થઈ રહ્યા છે. અમે આ સમૂહ ક્યારેય ના શોધી શક્યા હોત, જો આ ગાઈયા સ્પેસ ટેલિસ્કોપે અમારી મદદ ના કરી હોત. ગાઈયા પાસેથી મળેલા ડેટા અનુસાર ખ્યાતિ અને એના ટીમે આ તારાઓના સમુહના ઓર્બિટની શોધ કરી હતી અને એના નિર્માણ તત્વોની શોધ કરી હતી. તેમની ગતિ અને વ્યવહારને સમજવાનો પ્રયાસ કર્યો. બ્લ્યુ રંગ શિવ અને પીળો રંગ શક્તિના નિર્માણ ખાસ પ્રકારના રાસાયણિક મિશ્રણથી થયું છે એટલે તેનું નામ શિવ શક્તિ રાખવામાં આવ્યું છે.

# સમુદ્ર કિનારે જોવા મળ્યું "દૈત્ય" જેવું વિશાળ પ્રાણી

ઊંડો સમુદ્ર હંમેશા રહસ્ય અને પૌરાણિક કથાઓનો સ્ત્રોત રહ્યો છે. અવારનવાર એવા જીવો જોવા મળે છે કે જેના વિશે માનવીએ પહેલા ક્યારેય જાણ્યું નથી. ક્યારેક તેઓ ભયાનક હોય છે તો ક્યારેક તેઓ એવી દુનિયા તરફ ઈશારો કરે છે જેનાથી વૈજ્ઞાનિકો પણ અજાણ હોય છે. મલેશિયાના એક બીચ પર કંઈક આવું જ જોવા મળ્યું. અહીંના લુન્ડુના તેલુક મિલો બીચ પર એક વિચિત્ર 'રાક્ષસી પ્રાણી'નું મૃત શરીર કિનારા પર આવી ગયું છે. આ કંઈક અંશે સડી ગયેલું અને ફૂલેલું શરીર સૌપ્રથમ વખત બીચ પર સર્વે કરી રહેલા અધિકારીઓને જોવા મળ્યું હતું. સ્થાનિક ડિઝાસ્ટર એજન્સી સારાવાક સિવિલ ડિફેન્સ ફોર્સએ ફેસબુક પોસ્ટની મદદથી આ માહિતી આપી હતી. સ્થાનિક અખબાર ન્યૂ સારાવાક ટ્રિબ્યુનના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં દરિયાકિનારા પર દરિયાઈ સસ્તન પ્રાણીઓ મળવા દુર્લભ છે, તેથી લોકો 'દૈત્ય'ની ઝલક મેળવવા માટે આ વિસ્તારમાં ઉમટી પડ્યા હતા. જો કે, નિષ્ણાતો કહે છે કે આ સંભવતઃ વ્હેલના અવશેષો હોઈ શકે છે. આ કહેવાતા ગ્લોબસ્ટર અન્ય રહસ્યમય જીવોની યાદ અપાવે છે જે વિશ્વભરના દરિયાકિનારા પર મળી આવ્યા છે. તેમની વચ્ચે એક સફેદ, મરમેઈડ જેવું પ્રાણી હતું જે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં પાપુઆ ન્યુ ગિનીમાં દેખાયું હતું. લાઈવ સાયન્સ કહે છે કે શબ એટલી ખરાબ રીતે વિઘટિત થઈ ગયું હતું કે વૈજ્ઞાનિકો તેને ઓળખી શક્યા નહોતા, જો કે તે અમુક પ્રકારના દરિયાઈ સસ્તન પ્રાણી હોવાનું જણાય છે.

# AI ટૂંક સમયમાં માણસોની જેમ કામ કરશે

કરંટ ટોપિક

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સએ કામ કરવાની રીતમાં ધરમૂળથી ફેરફાર કર્યો છે. કમ્પ્યુટરે કલાકોના કામને મિનિટમાં રૂપાંતરિત કર્યું હતું અને AI એ તેને થોડીક સેકન્ડના કામમાં રૂપાંતરિત કર્યું છે. હવે છૈં માં મોટો ફેરફાર આવવાનો છે. ટૂંક સમયમાં AI માણસોની જેમ જ કામ કરવાનું શરૂ કરશે. આગામી તબક્કામાં, છૈં વાત કરશે, કારણ આપશે, માણસોની જેમ યોજના કરશે અને તેની પાસે મેમરી પણ હશે. ઓપન એઆઈ અને મેટા પ્લેટફોર્મ્સે આ દિશામાં ઘણી પ્રગતિ કરી છે. ટૂંક સમયમાં આ કંપનીઓ AIના વર્ઝન ૨.૦ની જાહેરાત કરી શકે છે. ઓપન AI અને મેટા પ્લેટફોર્મ ટૂંક સમયમાં બજારમાં તેમના સંબંધિત AI મોડલ્સના અપગ્રેડેડ વર્ઝન લોન્ચ કરી શકે છે. નવા AI મોડલ સૌથી મોટી સમસ્યાઓને પણ હલ કરવામાં સક્ષમ હશે. તદુપરાંત, મુશ્કેલ કાર્યો પણ તેમની સાથે સરળતાથી કરી શકાય છે. ઓપન AI ચીફ ઓપરેટિંગ ઓફિસર બ્રાડ લાઇટકેપે ફાઇનાન્શિયલ ટાઇમ્સને એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ચેટ જીપીટીનું આગામી સંસ્કરણ તર્ક માટે સક્ષમ હશે. તે તેની તર્ક ક્ષમતાના આધારે મુશ્કેલ સમસ્યાઓ હલ કરવામાં સક્ષમ હશે.

રિપોર્ટ અનુસાર, નવા છૈં મોડલ્સ તર્કની સાથે પ્લાનિંગ પણ કરી શકશે. તેમનામાં વિચારવાની અને સમજવાની ક્ષમતા હશે. તે ઘણા પરિમાણોમાં વિચાર કરીને સમસ્યાઓના જવાબો શોધવાનો પ્રયાસ કરશે. વર્ઝન ૨.૦ માત્ર શબ્દો વાંચીને કામ નહીં કરે. તે આના કરતાં ઘણું બધું કરી શકશે. આ આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સ (AGI) હાંસલ કરવાની દિશામાં એક મોટું પગલું ભરશે. મેટા એઆઈ રિસર્ચના વાઈસ પ્રેસિડેન્ટ જોએલ પીન્યુ કહે છે કે તેમની કંપની એઆઈને વાત કરવા, તર્ક આપવા, આયોજન કરવા અને મેમરી વિકસાવવા સક્ષમ બનાવવા પર કામ કરી રહી છે.

જો ઓપન એઆઈ અને મેટા જેવી કંપનીઓ આવા મોડલ વિકસાવે છે, તો ૨૦૩૦ સુધીમાં એઆઈ ઉધોગ એક ટ્રિલિયન ડોલરનો આંકડો પાર કરી જશે. મેટા પહેલેથી જ આર્ટિફિશિયલ જનરલ ઈન્ટેલિજન્સને આવકના સ્ત્રોત તરીકે ધ્યાનમાં લઈને કામ કરી રહી છે. એલોન મસ્કે તાજેતરમાં કહ્યું હતું કે છૈં આવનારા ૨ વર્ષમાં માણસોને પાછળ છોડી દેશે. તે માત્ર વિચારી શકશે નહીં પણ સ્વતંત્ર રીતે કામ પણ કરી શકશે.

# ચીન સામેનું આર્થિક યુદ્ધ સરળ નથી



આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ટ્ઝ આ સપ્તાહના અંતમાં ચીનની મુલાકાતે જવાના છે. તેનો સૌથી મોટો પડકાર પશ્ચિમી દેશોના વધુને વધુ કઠોર અવાજોના યુગમાં જર્મનીના સૌથી મોટા વેપાર ભાગીદાર સાથે સંતુલિત વાટાઘાટો જાળવવાનો રહેશે.

અમેરિકા જાપાન ભારત સહિતના દેશો ચીનની વિસ્તારવાદી નીતિ સામે એક થઈ રહ્યા છે. છતાં પણ ચીનને પહોંચી વળવું સરળ નથી વિસ્તારવાદી ચીને એકસાથે દુનિયાના અનેક દેશો સામે મોરચો માંડ્યો છે. બીજું વિશ્વયુદ્ધ જર્મનીના વિસ્તારવાદમાંથી ઊભું થયું હતું અને તેના મૂળમાં હિટલર હતો. ચીનના આજના વિસ્તારવાદના મૂળમાં તેના આજીવન પ્રમુખ થઈ બેઠેલા પ્રમુખ શી જિનપીંગ છે. ચીને લદાખ મોરચે લશ્કરી કાર્યવાહી કરીને પોતાની સરહદ વિસ્તારવાની પ્રવૃત્તિ હાથ ધરી છે. આમાં ભારતના ૨૦ સૈનિકોની કરવામાં આવેલી હત્યાથી દેશમાં ચીન સામે ભારે આક્રોશ સર્જાયો હતો.એ સૂચક છે કે આ આક્રોશ આર્થિક મોરચા તરફ વળી ગયો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી આ પ્રકારની હરકતમાં એકની સામે દસ માથાંની માગણી કરનારા રાષ્ટ્રવાદીઓ ચીન સામે એવાં જ પગલાંની માગણી કરવાના વિકલ્પે ચીનનાં માલના બહિષ્કારની માગણી કરી રહ્યા છે. આમાંથી ચીનની આર્થિક તાકાત અને ભારત ચીન વચ્ચેના આર્થિક સંબંધો ચર્ચાનો વિષય બન્યા છે.મુદ્દો એ છે કે જેમ લશ્કર દ્વારા યુદ્ધ કરવાનું સરળ નથી, તેમ આર્થિક મોરચે પણ યુદ્ધ છેડવાનું સરળ નથી. તેની પણ દેશમાં કોઈક વર્ગોએ કિંમત ચૂકવવી પડે છે. તેથી અત્યારે તો 'ડિજિટલ સ્ટ્રાઇક' અને ચીનની કંપનીઓને અપાયેલા કેટલાક કોન્ટ્રેક્ટ રદ કરીને સંતોષ માનવો પડ્યો છે.'ડિજિટલ સ્ટ્રાઇક' કરીને ચીનની ૫૯ એપ પર દેશમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે આ પ્રતિબંધ દેશની સલામતી માટે મૂકવામાં આવ્યો છે એવું કારણ રજૂ કરવામાં આવ્યું છે. મુદ્દો એ છે કે ચીનની આક્રમક નીતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે સરકાર હજી સ્પષ્ટ થઈ શકી નથી.

પ્રથમ ચીનની આર્થિક તાકાતનો પરિચય મેળવીએ. કુલ જીડીપીના (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ/ કુલ ઘરેલુ ઉત્પાદન) આધારે માપતાં ચીન આજે દુનિયાની બીજા નંબરની મહાસત્તા છે. તેની કુલ જીડીપી વર્ષ ૨૦૧૮માં ૧૪ લાખ કરોડ ડોલર હતી. તેની તુલનામાં ભારતની કુલ જીડીપી ત્રણ લાખ કરોડ ડોલરની હતી. એ વધારીને ત્રણ વર્ષમાં પાંચ લાખ કરોડ ડોલરની કરવાનો લક્ષ્યાંક વડાપ્રધાને આપ્યો હતો. હવે જોકે એ ભુલાઈ ગયો છે અને તેનું સ્થાન આત્મનિર્ભર ભારતે લીધું છે.

દુનિયાની નિકાસોમાં ૧૪ ટકાના હિસ્સા સાથે ચીન પ્રથમ ક્રમે આવે છે અને આયાતોમાં ૧૦ ટકાના હિસ્સા સાથે તે બીજા ક્રમે આવે છે. આની સરખામણીમાં વિશ્વવેપારમાં ભારતનો હિસ્સો બે ટકા જેટલો છે. આમ વૈશ્વિક અર્થતંત્રમાં ચીન એક મહાસત્તા છે. વધારે અગત્યની બાબત એ છે કે આ સ્થાન તેમણે માત્ર ચાર દસકા જેવા ટૂંકા સમયગાળામાં હાંસલ કર્યું છે. જેની ગણના ૧૯૮૦ સુધી ભારતની જેમ એક ગરીબ દેશમાં થતી હતી તે આજે વિશ્વની એક મહાસત્તા બની ગયું છે. ચીની પ્રજા અને તેના શાસકોની ગતિશીલતા અને તેમની ધાર્યું નિશાન પાર પાડવાની વ્યવસ્થાશક્તિ આની પાછળ રહેલાં છે.

ભારત અને ચીન વચ્ચેના વેપારી સંબંધો તપાસીએ. ચીનની ભારત ખાતેની નિકાસો ૨૦૧૮માં ૭૭ અબજ ડોલરની હતી. એની સામે ભારતની ચીન ખાતેની નિકાસો ૧૯ અબજ ડોલરની હતી. ભારત અને ચીન વચ્ચેના વેપારનું આ એક લાક્ષણિક ચિત્ર છે. આ આંકડાઓમાંથી એવી છાપ ઊભી થાય કે ચીન માટે આપણે મોટું બજાર છીએ, જ્યારે ચીન આપણા માટે મોટું બજાર નથી. તે છાપ સાચી નથી. ચીનની કુલ નિકાસોમાં ભારતનો હિસ્સો ત્રણ ટકા જેટલો છે. એની સામે ભારતની કુલ નિકાસોમાં ચીનનો હિસ્સો લગભગ છ ટકા છે. આમ નિકાસના દૃષ્ટિબિંદુથી ચીન માટે આપણે એટલા મહત્ત્વના નથી, જેટલું ચીન આપણા માટે મહત્ત્વનું છે.

ભારતમાં આવતી વિદેશી મૂડીનો એક ્રોત ચીન પણ છે. ૨૦૧૫થી ૨૦૧૯નાં વર્ષોમાં ચીનની કંપનીઓએ ભારતમાં લગભગ બે અબજ ડોલરનાં કર્યા હતા પરંતુ લડાખની ઘટના બની તે પૂર્વે જ ચીનમાંથી આવતા રોકાણો પર નિયંત્રણો લાદવામાં આવ્યા હતા ચીનની કંપનીઓ ભારતની કંપનીઓ કબજે કરે તેવી દેશથી ચીનમાંથી આવતા રોકાણો નિયંત્રિત કરી દેવામાં આવ્યા હતા એ પછી સરકારની નીતિની અનિશ્ચિતતા ના કારણે ચીનમાંથી આવતા રોકાણો અટકી ગયા છે ચીનમાંથી થતી જાય તો નો બહિષ્કાર કરવાની માંગ ઉઠી ત્યારે સ્પષ્ટ થયું કે ચીનમાંથી કેવળ વપરાશની ચીજો જ આયા થતી નથી પણ ઔધોગિક ચિત્રો ચીજો પેદા કરવા માટે ની ચીજોની પણ મોટા પ્રમાણમાં આયા તો થાય છે દેશનો દવા ઉધોગ ઘટક દ્રવ્યોની ૭૦% આયા તો ચીનમાંથી કરે છે એ દ્રવ્યોની આયાતો ચીનમાંથી ન કરવામાં આવે તો ચીન જેટલા સસ્તા વૈકલ્પિક સ્તોત્રો આપણી પાસે નથી આવું જ ઓટો ઉધોગની બાબતમાં આપણું ચીન પર અવલંબન છે.

# રાજસ્થાનનો છેલ્લા બૉલ પર વિજય : બિગેસ્ટ રન ચેઝ નોંધાયો

## જોસ બટલર મૅચનો સુપરસ્ટાર સાબિત થયો




મુંબઇ

રાજસ્થાન રોયલ્સે ઈડન ગાર્ડન્સમાં યજમાન ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સને હાઈ સ્કોરિંગ અને દિલધડક મુકાબલામાં બે વિકેટે હરાવીને મોખરે પોતાનું સ્થાન ૧૨ પોઈન્ટ સાથે વધુ મજબૂત કર્યું હતું. આઈપીએલનો આ બિગેસ્ટ રન ચેઝ બન્યો છે.

જોસ બટલરે (૧૦૭ અણનમ, ૬૦ બૉલ, છ સિક્સર, નવ ફોર) મૅચનો સુપરસ્ટાર સાબિત થયો હતો. તેણે વરુણના છેલ્લા બૉલમાં વિજયી રન બનાવ્યો હતો. બટલરે ૫૬ બૉલમાં ૧૦૯ રન બનાવવા ઉપરાંત બે વિકેટ લેનાર અને એક કૅચ પકડનાર સુનીલ નારાયણના ઓલરાઉન્ડ પર્ફોર્મન્સને ઝાંખો પાડી દીધો હતો. બટલર આ વખતની આઈપીએલમાં બીજી સેન્ચુરી ફટકારનારાજ પ્રથમ બૅટર છે.બટલરે ૬ એપ્રિલે આરસીબી સામે અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા.

રિયાન પરાગે ૩૪ અને પોવલે ૨૬ રન બનાવ્યા હતા. હર્ષિત, નારાયણ, વરુણે બે-બે વિકેટ લીધી હતી. નારાયણ આ વખતની આઈપીએલનો પાંચમો સેન્ચુરિયન બન્યો હતો. તેની પહેલાં કોહલી (૭૨ બૉલમાં અણનમ ૧૧૩), બટલર (૫૮ બૉલમાં અણનમ ૧૦૦), રોહિત (૬૩ બૉલમાં ૧૦૫ અણનમ) અને ટ્રેવિસ હેડ (૪૧ બૉલમાં ૧૦૨)ના નામે સદી લખાઈ હતી.

# દિનેશ કાર્તિકે સૌથી લાંબી સિક્સર ફટકારી

બેંગલુરુ,

સનરાઈઝર્સ હૈદરાબાદે આ આઈપીએલ સિઝનમાં પોતાની વિસ્ફોટક બેટિંગ શૈલી જાળવી રાખીને આરસીબીને બરબાદ કરી દીધું.

બેંગલુરુના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં સોમવાર ૧૫મી એપ્રિલની સાંજે રમાયેલી મેચમાં, હૈદરાબાદે ટ્રેવિસ હેડની ધમાકેદાર સદી અને બાકીના બેટ્સમેનોની વિસ્ફોટક ઈનિંગ્સના આધારે ૨૮૭ રનનો રેકોર્ડ સ્કોર બનાવયો હતો. ટ્રેવિસ હેડની શાનદાર સદીએ બધાનું ધ્યાન ખેંચ્યું ત્યારે હેનરિક ક્લાસેન પણ પાછળ ન રહ્યો અને તેણે સિક્સરનો વરસાદ કરીને સિઝનનો સૌથી મોટો સિક્સર



ફટકાર્યો.

ગત વર્ષે ક્લોસેને બેંગલુરુ સામે ૧૦૪ રનની જબરદસ્ત ઈનિંગ રમી હતી પરંતુ તેમ છતાં તેની ટીમ હારી ગઈ હતી. આ વખતે ક્લાસેન સદી ફટકારી શક્યો ન હતો પરંતુ તેણે બીજી શાનદાર ઈનિંગ સાથે ટીમની જીત લગભગ સુનિશ્ચિત કરી હતી. ઓપનર ટ્રેવિસ હેડ અને અભિષેક શર્માએ ૮.૧ ઓવરમાં ૧૦૮ રન ઉમેર્યા બાદ ક્રિઝ પર આવેલા ક્લોસેને આવતાની સાથે જ સિક્સર મારવાનું શરૂ કરી દીધું હતું.

ક્લાસેને આ ઈનિંગમાં કુલ ૭ સિક્સર ફટકારી હતી અને આ સિક્સરમાંથી એક સિક્સર સીધી ચિન્નાસ્વામી સ્ટેડિયમની છતને પાર કરી ગઈ હતી. આ સિઝનમાં પોતાની પ્રથમ મેચ રમી રહેલો RCBનો ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન તેનો શિકાર બન્યો હતો. ફર્ગ્યુસનને આ મેચમાં પહેલા જ ઘણી સિક્સર પડી હતી.

# કન્નડ અભિનેત્રી ફિલ્મી દુનિયાની ઝાકમઝોળ મૂકીને આઈએએસ બની

## અભિનેત્રી બનવાથી લઈને આઈએએસ ઓફિસર બનવા સુધીની સફર સરળ ન હતી

નવિદીલ્હી

ઘણા સેલિબ્રિટી છે જેમણે બેંકની નોકરી, ડોક્ટરી કે પછી સારી સારી તકો છોડી ફિલ્મની દુનિયામાં પ્રવેશ કર્યો હોય. તેમાંથી ઘણા સફળ થયા અને ઘણાને નિરાશા પણ સાંપડી. ફિલ્મ સાથે જોડાયેલા લગભગ બધા કલાકારો આજકાલ બીજા કોઈ ધંધા સાથે પણ જોડાયા છે, તેવામાં એક એવી અભિનેત્રીની વાત બહાર આવી છે જેણે ફિલ્મી દુનિયાની ઝાકમઝોળ મૂકીને સિવિલ સર્વિસનું ક્ષેત્ર પસંદ કર્યું છે અને આઈએએસ બની ગઈ છે. વાત કન્નડ અભિનેત્રી એચએસ કીર્થાના છે. કીર્થનાએ ઘણી સિરિયલો અને ફિલ્મોમાં બાળ કલાકાર તરીકે કામ કર્યું છે. કીર્થાના ગંગા- યમુના, ઉપેન્દ્ર, સર્કલ ઈન્સ્પેક્ટર, લેડી કમિશનર, 'જનની, કનુર હેગદાતી, ઓ મલ્લિગે, હબ્બા, દોર, સિમહાદ્રી અને પુતાની એજન્ટ સહિત અનેક ટીવી સિરિયલોમાં બાળ કલાકાર તરીકે દેખાઈ છે.

# આકાશમાં થવા જઈ રહી છે એક દુર્લભ ઘટના

## એક નાનકડો-વામન તારો ફાટશે

નવિદીલ્હી

આકાશમાં ઘટતી ઘણી ખગોળીય ઘટનાઓ આપણને રોમાંચ આપે છે. આવી જ એક ઘટના બનવા જઈ રહી છે જેમાં એક નાનકડો-વામન તારો ફાટશે તેમ કહેવામાં આવી રહ્યું છે.

વામન તારોકોરોના બોરેલિસ અથવા્ ઝઈમ્ છે, જે પૃથ્વીથી લગભગ ત્રણ હજાર પ્રકાશ વર્ષ દૂર છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ સફેદ વામન તારો વિસ્ફોટ થવાનો છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાનું કહેવું છે કે આ એક એવી ઘટના છે જે દાયકાઓમાં એક વખત બને છે. સૌથી મોટી વાત એ છે કે આ ઘટનાને જોવા માટે કોઈ મોંઘા ટેલિસ્કોપની જરૂર પડશે નહીં.

નાસાના વૈજ્ઞાનિકોનું કહેવું છે કે્ CRBમાં વિસ્ફોટ હંમેશા થતા નથી. આ વિસ્ફોટ પહેલા આવો વિસ્ફોટ વર્ષ ૧૯૬૪માં જોવા મળ્યો હતો. એટલે કે આ પ્રકારનો વિસ્ફોટ ૮૦ વર્ષમાં લગભગ એક વાર થાય છે. આ ઘટના કંઈક અંશે હેલીના ધૂમકેતુ જેવી જ છે. જો કે, તે નોવા છે તેથી તે ધૂમકેતુ કરતાં વધુ સારી માનવામાં આવે છે. અમેરિકન સ્પેસ એજન્સી નાસાના મેટિયોરોઈડ એન્વાયરમેન્ટ પ્રોગ્રામના મેનેજર વિલિયમ કૂક આ અંગે જણાવે છે કે મોટા ભાગના કિસ્સાઓમાં આપણને ખબર નથી હોતી કે નોવા ક્યારે ફૂટશે. પરંતુ ત્યાં ૧૦ નોવા છે જે રિકરિંગ નોવા છે, એટલે કે, વિસ્ફોટ એક નિશ્ચિત સમયે ફરીથી અને ફરીથી થાય છે. કોરોના બોરેલિસ તેનું ઉદાહરણ છે.

આ વિસ્ફોટ આજે જ થાય તેમ બને અને સપ્ટેમ્બર મહિના સુધીમાં કોઈપણ એક દિવસે થશે. જોકે વૈજ્ઞાનિકો આની ગતિવિધિ પર નજર રાખી રહ્યાં છે, આથી બની શકે કે તેમને અંદાજો આવી જશે કે ઘટના નજીકના સમયમાં બનવા જઈ રહી છે

# IPL મેચમાં સ્ટેડિયમમાંથી સોશિયલ મીડિયા પર વીડિયો કે તસ્વીર શેર કરવા પર થશે દંડ

મુંબઇ,

હાલમાં આઈપીએલની ૧૭મી સિઝન ચાલી રહી છે , ત્યારે આઈપીએલ દરમિયાન ખેલાડીઓ તેમની તસ્વીર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા હોય છે. બધા ફ્રેચાઈઝી અને કોમેન્ટેટરો પણ તેમના ચાહકોને ક્રિકેટની અપડેટ આપવા સોશિયલ મીડિયા પર મેચની તસ્વીર અને વીડિયો શેર કરતા હોય છે. હવે બીસીસીઆઈએ આના પર મર્યાદા લાદવાનો નિર્ણય કર્યો છે. હવે જો કોઇ પણ ટીમના ખેલાડી અને કોમેન્ટેટરને પોસ્ટ કરવા માટે કેટલાક નિયમોનું પાલન કરવુ પડશે. એક રિપોર્ટ અનુસાર બીસીસીઆઇ એ બધા ખેલાડીઓ, કોમેન્ટેટરો, આઈપીએલના માલિકો અને સોશિયલ મીડિયા અને કન્ટેન્ટ ટીમને સુચના જાહેર કરી છે.

# સલમાનના ઘરની બહાર થયેલા ફાયરિંગ બાદ સલામતી પર પૂજા ભટ્ટે સવાલ ઊભા કર્યા



મુંબઇ,

સલમાન ખાનના બાંદરામાં આવેલા ગૅલૅક્સી અપાર્ટમેન્ટની બહાર થયેલા ફાયરિંગને લઈને પૂજા ભટ્ટે પોલીસની સલામતી-વ્યવસ્થા પર જ સવાલ ઊભા કર્યા છે. ગઈ કાલે સવારે લગભગ પાંચ વાગ્યાની આસપાસ બાઈક પર સવાર બે વ્યક્તિઓએ ફાયરિંગ કર્યું હતું. આ હુમલાની જવાબદારી ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલે લીધી છે. સાથે જ તેણે એવું પણ જણાવ્યું કે આ તો તને ટ્રેલર દેખાડવા માટે હતું.

આ પહેલી અને છેલ્લી ચેતવણી છે. અગાઉ પણ સલમાનને ધમકીઓ મળી હતી અને એથી તેની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. પોલીસે હવે ઝઝ્રફ ફુટેજ દ્વારા વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટના બાદ સલમાનનો પરિવાર ચિંતિત બની ગયો છે. ઘટનાની જાણ થતાં જ અરબાઝ ખાન તેની વાઈફ શૂરા ખાન સાથે સલમાનને મળવા પહોંચ્યો હતો.

# પાણીપુરી જોઈને વિકી કૌશલના મોંમાં પાણી આવી ગયું : સ્ટ્રિક્ટ ડાયટને પણ છોડી દીધી



મુંબઇ,

વિકી કૌશલ આજે જ્યાં છે ત્યાં સુધી પહોંચવાની સફર આસાન નહોતી. સખત મહેનતથી અભિનેતા ભારતીય ફિલ્મ ઉદ્યોગના રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અભિનેતાઓમાંનો એક બન્યો. હાલમાં, તે તેના આગામી પ્રોજેક્ટના શૂટિંગમાં વ્યસ્ત છે અને પાત્ર માટે સખત આહાર પર છે. પરંતુ થોડા સમય પહેલા, તેને તાજેતરમાં જ તેની પ્રિય વાનગી સાથે તેના આહારમાં છેતરપિંડી કરી. તમને જણાવી દઈએ કે અભિનેતાનો તેની ફિલ્મના સેટ પરથી ગોલ ગપ્પા ખાતો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

ગયા વર્ષે, વિકી કૌશલે શાહરૂખ ખાન, તાપસી પન્નુ અને અન્ય સાથે કોમેડી-ડ્રામા ફિલ્મ ડંકીમાં અભિનય કર્યો હતો. થોડી જ વારમાં તેને તેના આગમનની જાહેરાત કરી પ્રોજેક્ટ માટે ઈચ્છિત શરીર મેળવવા માટે મારી જાતને સખત આહાર અને તાલીમ પર રાખ્યો. પરંતુ, જ્યારે તેને આખી ટીમ માટે પાણીપુરી સ્ટેશન ગોઠવેલું જોયું તો તે પોતાની જાતને રોકી શક્યો નહીં.

ઈન્સ્ટાગ્રામ પર જતા, મસાન અભિનેતાએ તેની ઈન્સ્ટા સ્ટોરી પર એક વિડિયો શેર કર્યો, જેમાં તે મહિનાઓ પછી તે સ્વાદિષ્ટ જંક ફૂડનો આનંદ માણવા માટે કેટલો ઉત્સાહિત હતો તે દર્શાવે છે. ક્લિપમાં, અભિનેતાએ સફેદ ટી-શર્ટ, કેપ, પગરખાં અને સન્ની સાથે શોર્ટ્સની જોડી પહેરી હતી. ક્લિપ શેર કરતી વખતે તેણે લખ્યું, “મહિનાઓ પછી ઠગ ભોજન! પાણીપુરી બનાવવાની હતી. હું આજે રડીશ.

# આર્થિક તંગીને કારણે સાઉથ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના જાણીતા ફિલ્મ નિર્માતા સૌંદર્ય જગદીશની આત્મહત્યા

બેંગ્લુરૂ,

સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પીઢ ફિલ્મ નિર્માતા સૌંદર્ય જગદીશે આત્મહત્યા કરી લીધી છે. તે આર્થિક તંગીથી ઝઝૂમી રહ્યો હતા. કન્નડ ફિલ્મ નિર્માતા સૌંદર્યા જગદીશ બેંગલુરુમાં તેમના મહાલક્ષ્મી લેઆઉટ ઘરમાં મૃત હાલતમાં મળી આવ્યા હતા. મહાલક્ષ્મી પોલીસે સૌંદર્યા જગદીશ આત્મહત્યાનો કેસ નોંધ્યો છે. તેમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે તેમના ઘરે રાખવામાં આવ્યો છે. ઈન્ડિયા ટીવીના ટી રાઘવને અહેવાલ આપ્યો છે કે સૌંદર્યા જગદીશને નાણાંનું મોટું નુકસાન થયું છે, જેના કારણે બેંકે તેના ઘર સહિત તેની સંપત્તિ જપ્ત કરવાનું શરૂ કર્યું અને તેના કારણે પ્રખ્યાત ફિલ્મ નિર્માતાએ આત્મહત્યા કરી.

કન્નડ ફિલ્મ પ્રોડ્યુસર સૌંદર્ય જગદીશનું નિધન થયું છે. સૌંદર્યા જગદીશના મૃત્યુના સમાચારથી સમગ્ર કન્નડ ઉદ્યોગમાં શોક છવાઈ ગયો છે. ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક થારુન સુધીરે એક્સ (અગાઉ ટ્વિટર) પર દિવંગત ફિલ્મ નિર્માતાને શ્રદ્ધાંજલિ આપી અને લખ્યું, 'સૌંદર્યા જગદીશ સરના આકસ્મિક નિધન વિશે સાંભળીને ખૂબ જ દુઃખ થયું. કન્નડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમની હાજરી હંમેશા યાદ રાખવામાં આવશે. તેમના પરિવાર અને પ્રિયજનો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું.

ફિલ્મ નિર્માતા સૌંદર્યા જગદીશના નિધન બાદ તેના મિત્ર શ્રેયસે વાત કરતા કહ્યું, 'જગદીશનું મૃત્યુ આત્મહત્યાથી થયું હતું. અમે તેને હોસ્પિટલ લઈ આવ્યા પરંતુ ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો. તમને જણાવી દઈએ કે કન્નડ ફિલ્મ પ્રોડ્યુસર સૌંદર્ય જગદીશને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા નહોતી. તેના મિત્રએ તાજેતરમાં જ જગદીશને બેંક નોટિસ મોકલવામાં આવી હોવાનો દાવો કર્યો હોવાના સમાચાર પર તેણે કહ્યું, 'ના, તેની સાથે તેને કોઈ લેવાદેવા નથી. આ સમસ્યા છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે, પરંતુ આ મુદ્દાઓ ખૂબ જ અલગ છે.

તમને જણાવી દઈએ કે જગદીશે ઘણી લોકપ્રિય કન્નડ ફિલ્મો બનાવી છે, જેમાં 'અપ્પુ પપ્પુ', 'મસ્ત માજા માડી', 'સ્નેહિતરુ' અને 'રામલીલા' વગેરેનો સમાવેશ થાય છે.

# રોહિતે ટી-૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પણ પૂરી કરી : ભારતનો પ્રથમ ખેલાડી

ચેન્નાઈ

આઈપીએલ ૨૦૨૪માં મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમો આમને-સામને છે. બંને ટીમો વચ્ચેની આ મેચની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. આ મેચમાં ઘણા રેકોર્ડ બન્યા હતા. આ દરમિયાન મુંબઈ ઈન્ડિયન્સના પૂર્વ કેપ્ટન અને ઓપનિંગ બેટ્સમેન રોહિત શર્માએ એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો. ચેન્નાઈ સામેની મેચમાં તે શાનદાર ફોર્મમાં જોવા મળ્યો હતો. આ મેચમાં રોહિત શર્માએ પણ ઘણા રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે ટી-૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પણ પૂરી કરી હતી. આવું કરનાર તે ભારતનો પ્રથમ ખેલાડી બની ગયો છે. આ પહેલા કોઈ ભારતીયે આ કારનામું કર્યું નથી. રોહિત શર્મા તેની લાંબી હિટિંગ પાવર માટે જાણીતો છે. આ કારણે તેને હિટમેન પણ કહેવામાં આવે છે.

રોહિત શર્માએ ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ત્રીજો સિક્સ ફટકારતાની સાથે જ ટી ૨૦ ક્રિકેટમાં પોતાની ૫૦૦ સિક્સર પૂરી કરી લીધી. તેણે રવિન્દ્ર જાડેજાની બોલિંગ પર આ સિદ્ધિ મેળવી હતી. અ ા પહેલા વિશ્વ ક્રિકેટમાં અ ા વ ા માત્ર ચાર બેટ્સમેન હતા. જેણે ટી-૨૦ ક્રિકેટમાં ૫૦૦ છગ્ગા પૂરા કર્યા છે. રોહિત શર્મા આવું કરનાર ૫મો ખેલાડી બની ગયો છે. આ યાદીમાં ક્રિસ ગેલનું નામ પ્રથમ સ્થાન પર છે. તેણે ટી ૨૦ ક્રિકેટમાં ૧૦૦૦થી વધુ સિક્સર ફટકારી છે.



# એક સમયે પશ્ચિમના દેશોથી પણ વધુ બોલ્ડ હતું ઈરાન

## એક ક્રાંતિથી બની ગયો કટ્ટર ઈસ્લામિક દેશ



ઈઝરાયલ

ઈઝરાયલ પર હૂમલા બાદ મધ્ય પૂર્વમાં તણાવ વધી ગયો છે. ઈરાનના ઈઝરાયલ સાથે સાથે અમેરિકાને પણ ચેતવણી આપી છે. ઈરાન આજે કટ્ટર મુસ્લિમ દેશ છે. પરંતુ એક સમય એવો હતો કે જ્યાં પશ્ચિમી દેશો કરતા પણ વધુ બોલ્ડનેસ છે.

આજે જે ઈરાન છે તે કેટલાક દસકા પહેલા એવો દેશ ન હતો. ઈરાનની ઈઝરાયલ સાથે અને અમેરિકા સાથે પણ સારી મિત્રતા હતી. પરંતુ આજે તે એક કટ્ટર દેશ બની ગયો છે. જ્યાં હિજાબ ન પહેરવા પર પણ સજા અપાય છે. ૭૦ના દાયકામાં ઈરાન એટલું બોલ્ડ હતું જેટલા આજે પશ્ચિમના દેશો છે. લોકોને ખાવા પીવા અને પહેરવા ઓઢવા પર કોઈ રોકટોક ન હતી. તેની આ બોલ્ડનેસનું કારણ રેજા શાહ પહેલવી હતી. ૧૯૩૬માં પહેલવી વંશના રેજા શાહે હિજાબ અને બુરખા પર પ્રતિબંધ મુકી દીધો હતો. મહિલાઓની આઝાદીના હિસાબે આ એક ક્રાંતિકારી પગલું હતું.

તેમના પછી તેમના દિકરા રેજા પહેલવી ઈરાનના શાસક બન્યા હતા. પરંતુ ૧૯૪૯માં નવપં સંવિધાન લાગુ થઈ ગયું. ૧૯૫૨ માં મોહમ્મદ મોસદ્દિક પ્રધાનમંત્રી બન્યા. ૧૯૫૩માં જ તેમનો તખ્તાપલટ થઈ ગયો. તેમના બાદ રેજા પહેલવી જ દેશના સર્વેસર્વા બની ગયા. રેજા પહેલવીને જનતા અમેરિકાની કઠપૂતળી કહેવા લાગ્યા. તે સમયે તેમના વિરોધી આયાતુલ્લાહ રહોલ્લા ખોમૈની હતી. ૧૯૬૪માં પહેલવીએ ખોમૈનીને દેશ નિકાલ કરી દીધા. ૧૯૬૩ માં પહેલવીએ ઈરાનમાં શ્વેત ક્રાંતિનું એલાન કર્યું. આર્થિક અને સામાજીક સુધાર માટે આ ખૂબ મોટુ એલાન હતું. પરંતુ તે ઈરાનને પશ્ચિમી મૂલ્યો તરફ લઈ જઈ રહ્યા હતા. જેથી તેમનો વિરોધ શરૂ થયો.

૧૯૭૩ માં આતરાર્ષ્ટ્રીય બજારમાં કાચા તેલની કિંમત ઘટવા લાગી. તેનાથી ઈરાનની અર્થવ્યવસ્થા ઠેબે ચઢી. ૧૯૭૮ સપ્ટેમબરમાં જનતાનો ગુસ્સો તુંટી પડયો. પહેલવી વિરૃધ્ધ મોટા પાયે પ્રદર્શન થવા લાગ્યા. મૌલવીઓને ફાંસમાં બેઠા આયાતુલ્લાહ ખોમૈની પાસેથી નિરેદેશ મળતા હતા. થોડા સમયમાં હાતલ બદતર થઈ ગઈ. ૧૬ જાન્યુઆરી ૧૯૭૯માં રેજા પહેલવી પોતાના પરિવાર સાથે અમેરિકા જતા રહ્યા. જતા જતા તેમણે વિપક્ષી નેતા શાપોર બખ્તિયારને અંતરિમ પ્રધાનમંત્રી બનાવી દીધા.

# રાજકોટ સંસદીય મત વિસ્તારમાં મતદાન વધારવા ચૂંટણી તંત્રના અવિરત પ્રયાસો

## વિવિધ વિધાનસભા મતદાર વિભાગોના આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફિસરો દ્વારા મતદાનની અપીલ

રાજકોટ, લોકશાહીના અવસર સમી લોકસભાની ચૂંટણીમાં મત આપીને સહભાગી થવું, એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. ત્યારે ૧૦ - રાજકોટ સંસદીય મત વિસ્તારના મતદાનમાં મહત્તમ મતદારોને સહભાગી બનાવવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના નેતૃત્વમાં તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના માર્ગદર્શનમાં મતદાન અંગે જાગૃતિની કવાયત હાથ ધરવામાં આવી છે. જે અન્વયે સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના દિશાનિર્દેશ અનુસાર અવિરત અવનવી પ્રવૃત્તિઓ થકી 'મતદાન એ મહાદાન'ના મંત્રને સિદ્ધ કરવાના પ્રયાસો કરાઈ રહ્યા છે.

વિધાનસભા મત વિસ્તાર મુજબ ૬૬ - ટંકારા આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફિસરશ્રી સુબોધ દુદકીયાના દિશાનિર્દેશ અનુસાર પડધરી તાલુકામાં મહિલાઓનું મતદાન પુરુષોની સરખામણીએ ૧૦% કરતા ઓછું હોય તેવા ભાગો પૈકી મતદાન મથક નં. ૨૮૦માં રાદડ મુકામે, મતદાન મથક નં. ૨૪૪માં મોટી ચણોલ ગામે, મતદાન મથક નં. ૨૬૮ તથા ૨૬૯માં મોટા ખીજડીયા ખાતે, મતદાન મથક નં. ૨૭૦માં છેલ્લી ઘોડી ખાતે તેમજ મતદાન મથક નં. ૨૮૭ તથા ૨૮૮માં ખંભાળા ગામ ખાતે બૂથ લેવલ ઓફિસરશ્રી દ્વારા મતદાન વધારવા માટે ગામલોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. ખાસ કરીને જાતિ આધારિત તફાવત દૂર કરવા મહિલાઓને મતદાનની પ્રક્રિયા સમજાવાઈ હતી. તેમજ સૌને મતદાનના દિવસે મતદાનને પ્રાથમિકતા આપવાની પ્રેરણા પૂરી પડાઈ હતી.

૭૦ - રાજકોટ દક્ષિણના આસીસ્ટન્ટ રીટર્નીંગ ઓફિસરશ્રી ચાંદનીબેન પરમાર એ કરુણા ફાઉન્ડેશનના 'કરુણા ટોક્સ' કાર્યક્રમમાં ઈન્ટરવ્યુ આપ્યું હતું. જેમાં તેમણે આ મત વિસ્તારમાં ચાલતી સ્વીપ એક્ટીવીટીઝ ઉપરાંત મતદાન પ્રક્રિયા, મતદાનમથક સહીતની ચૂંટણીલક્ષી ઉપયોગી ચર્ચા કરી હતી.

૭૧ - રાજકોટ ગ્રામ્યના પ્રાંત અધિકારીશ્રી વિમલભાઈ ચક્રવર્તીના સૂચનો પ્રમાણે પુરુષ અને સ્ત્રી જાતિના મતદાનની ટકાવારીમાં વધુ તફાવત રહેલો હોય તેવા મતદાન મથક વિસ્તારમાં મતદાન જાગૃતિની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત લોધીકા તાલુકાના બાલસર ગામ ખાતે મામલતદારશ્રીના અધ્યક્ષસ્થાને, જશવંતપુર ગામ ખાતે તાલુકા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને, રાવકી ગામ ખાતે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને અને અભેપર ગામ ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગ્રામજનોને સહપરિવાર મત આપવા જવા માટે પ્રેરિત કરાયા હતા. અને અચૂક મતદાનની પ્રતિજ્ઞા લેવડાવાઈ હતી.

૭૨ - જસદણના પ્રાંત અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવાની અધ્યક્ષતામાં "નંદઘર" આંગણવાડી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આંગણવાડી બહેનો દ્વારા મતદાન માટે અપીલ કરતી મહેંદી મૂકીને લોકોને મતદાન કરવાની પ્રેરણા અપાઈ હતી. આ તકે મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી ગ્રીષ્માબેન રાઠવા એ પણ હાથમાં મતદાન માટેની અપીલ કરતી મહેંદી મુકાવીને મતદાન માટે પ્રોત્સાહન આપ્યું હતું. આ તકે સૌએ મતદાન કરવાના શપથ ગ્રહણ કર્યા હતાં. ઉપરાંત, ભાડલા, સાણથલી અને ઝુંડાળા ગામોમાં પણ ચુનાવ પાઠશાળા કાર્યક્રમ અંતર્ગત મત આપવા માટે લોકોને પ્રેરિત કરાયા હતાં.

૭૫ - ધોરાજી વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી જયેશભાઈ લીખિયાના વડપણ હેઠળ મતદાન અંગે જાગૃતિ અર્થે વિવિધ પ્રવૃતિઓ હાથ ધરાઈ છે. જેના ભાગરૂપે ધોરાજી શહેરમાં જાહેર સ્થળોએ મતદાનનું મહત્વ સમજાવતા પેમ્ફલેટનું વિતરણ કરાયું હતું. આમ, ૧૦ - રાજકોટ સંસદીય વિસ્તારમાં ઠેર-ઠેર વધુમાં વધુ લોકો ચૂંટણીમાં સહભાગી બને, તેવા પ્રયત્નો કરાઈ રહ્યાં છે.

# રાજકોટ જિલ્લામાં વોટર હેલ્પલાઈનને મળેલી ૯૭ ફરિયાદોનો તત્કાલ નિકાલ

## સી-વિજિલ ઉપર ૭૦, ટોલ ફ્રી પર ૧૯ અને ૧૯૫૦ ટોલ ફ્રી પર આઠ ફરિયાદો મળી

રાજકોટ, રાજકોટ જિલ્લામાં મુક્ત અને ન્યાયી, પારદર્શી વાતાવરણમાં ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં વિવિધ કામગીરીઓ ચાલી રહી છે. જેમાં આદર્શ આચારને લગતી ફરિયાદોના નિવારણ માટે તંત્ર ત્રિવિધ રીતે કામગીરી કરી રહ્યું છે. રાજકોટ જિલ્લામાં ૧૬મી માર્ચથી લઈને અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગને લગતી ૯૭ ફરિયાદો મળી છે, જેનો સમયસર નિકાલ કરી નાખવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લામાં એમ.સી.સી. ફરિયાદ નિવારણ ટોલ ફ્રી નંબર પર ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૦૨, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૦૭, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૪, ૭૨-જસદણમાંથી ૦૧ તથા અન્ય પાંચ મળીને ૧૯ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરી દેવાયો હતો.

જ્યારે જિલ્લા સંપર્ક કેન્દ્ર-૧૯૫૦ હેલ્પલાઈન પર ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૩, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૦૩, ૭૪-જેતપુરમાંથી ૦૨, મળીને આઠ ફરિયાદો મળી હતી. જેનો સકારાત્મક નિકાલ કરી દેવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સી-વિજિલ પર સૌથી વધુ ફરિયાદો મળી છે. જેમાં ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૫, ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૨૨, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૦૪, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૨૦, ૭૨-જસદણમાંથી ૦૧, ૭૩-ગોંડલમાંથી ૧૨, ૭૪-જેતપુરમાંથી ૦૫, ૭૫-ધોરાજીમાંથી ૦૧ મળીને ૭૦ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરવામાં આવ્યો છે.

ત્રણેય પ્લેટફોર્મ પર સંયુક્ત રીતે મળેલી ફરિયાદમાં ૬૮-રાજકોટ પૂર્વમાંથી ૦૮, ૬૯-રાજકોટ પશ્ચિમમાંથી ૨૪, ૭૦-રાજકોટ દક્ષિણમાંથી ૧૧, ૭૧-રાજકોટ ગ્રામ્યમાંથી ૨૭, ૭૨-જસદણમાંથી ૦૨, ૭૩-ગોંડલમાંથી ૧૨, ૭૪-જેતપુરમાંથી ૦૭, ૭૫-ધોરાજીમાંથી ૦૧ તથા અન્ય પાંચ મળીને ૯૭ ફરિયાદો મળી હતી. જેનો ગણતરીની મિનિટોમાં નિકાલ કરવામાં આવ્યો છે.

# રાજકોટ ઔદ્યોગિક તાલીમ સંસ્થામાં તા.૧૩ જૂન સુધી પ્રવેશ પ્રક્રિયા યોજાશે

રાજકોટ, ઔદ્યોગિક તાલીમ સંસ્થા, નાગેશ્વર મંદિર પાસે અને શેઠનગર સામે, જામનગર રોડ રાજકોટ ખાતે તા. ૧૩-૬-૨૦૨૪ સુધી વિવિધ કોર્સ માટેની ભરતી પ્રક્રિયા યોજાશે.

આ ભરતી પ્રક્રિયામાં ધોરણ ૧૦ પાસ પર કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ, મિકેનિકલ ડીઝલ, હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, ફિઝિયોથેરાપી ટેકનીશિયન, કોસ્મેટોલોજીમાં ૧ વર્ષના તાલીમના સમયગાળા સાથે અને વાયરમેન, ફિટરનો ૨ વર્ષનો તાલીમનો સમયગાળો ઉપરાંત ધોરણ ૮ પાસ પર ડ્રેસ મેકિંગ ૧ વર્ષના તાલીમના સમયગાળાના ટ્રેડ ફોર્મ ભરવાની તથા સ્વીકારવાની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

ઈચ્છુક તમામ ઉમેદવારોએ જાહેર રજા સિવાયના દિવસોમાં સવારના ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમિયાન સંસ્થા ખાતે સંપર્ક કરવા જણાવાયું છે. આ ફોર્મ ઓનલાઈન વેબસાઈટ પર ભરવું અથવા આઈ. ટી. આઈ. ના હેલ્પલાઈન સેન્ટર રૂબરૂ મુલાકાત લેવી અને વધુ માહિતી માટે ૯૯૭૯૭૧૧૮૯૬ અથવા ૯૪૨૭૨૧૩૪૪૬ પર સંપર્ક કરવા ઔધોગિક તાલીમ સંસ્થા, રાજકોટના આચાર્યશ્રીની યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટ સંસદીય મતવિસ્તારમાં બેનર્સ, રેલી - નાટકના માધ્યમથી લોકોને મતદાન કરવા પ્રેરિત કરાયા

## "વર્તમાન ભારતની સશક્ત નારી તરીકે તમામ મહિલાઓએ પોતાના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરવો જોઈએ" : સુશ્રી નિશા ચૌધરી

રાજકોટ, લોકશાહીના અવસરમાં બહોળી સંખ્યમાં લોકભાગીદારી નોંધાય તે માટે દેશભરમાં વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે. જે અન્વયે રાજકોટના ૭૧ - વિધાનસભા મત વિસ્તારના લોધીકા તાલુકાના મેટોડા, ૭૫-ધોરાજી વિધાનસભા મતવિસ્તાર, ભાગ નં-૨૨૧, સરધાર ૪ અને ૭૦ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારમાં મતદાન જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતુ.

૭૧- વિધાનસભા મતવિસ્તારના મેટોડા જી.આઈ.ડી.સી. ખાતે મામલતદારશ્રી અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને આગામી લોકસભા સામાન્ય ચુંટણીમાં મતદાન કરવા માટે ફેક્ટરીમાં રજા રાખવા અને તમામ કર્મચારીઓ મતદાન કરવાની સૂચના આપવામાં આવી હતી. આ તકે જી.આઈ.ડી.સી. પ્રમુખશ્રી, સભ્યોશ્રી અને ફેક્ટરીઓના માલિકોને મતદાન કરવા પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ૭૫ -ધોરાજી વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ધોરાજી શહેરમાં ડો. બાબા સાહેબ આંબેડકરની જયંતી નિમિતે પુરૂષોની રેલીના કાર્યક્રમમાં બુથ લેવલ ઓફિસરશ્રી દ્વારા પેમ્પેલેટનું વિતરણ અને બેનર પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. રાજકોટ સંસદીય મતવિસ્તાર ભાગ નં-૨૨૧, સરધાર ૪માં સોસાયટીના તમામ ઘરોમાં વહીવટી તંત્ર દ્વારા મતદાન કરવા ઘરે ઘરે આમંત્રણ પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

૭૦-રાજકોટ દક્ષિણ વિધાનસભા મતવિસ્તારની એન્જીનીયરીંગ એસોસિએશન હોલ ખાતે નાટ્યકાર સ્વ. શ્રી અમુલખ ભટ્ટની જન્મજયંતી નિમિતે બાળનાટકની રજૂઆત કરીને ઉપસ્થિત પ્રેક્ષકોને મતદાન જાગૃતિ અંગે સમજાવાયું હતું. મહિલા મતદાતોને મતદાન કરવા આમંત્રણ પત્રિકા આપી હતી. આ પ્રસંગે આશરે ૩૦૦ લોકોને મતદાન કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

# વેરાવળ સોમનાથ સંસ્કૃત યુનિ. અને પંપાણીયા પરિવાર દ્વારા શતચંડી યજ્ઞ યોજાયો

વેરાવળ, વેરાવળ માં આવેલ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ દ્વારા વિવિધ પરામર્શ કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે ત્યારે કર્મકાંડ પરામર્શ કેન્દ્ર દ્વારા તા.૧૩-૦૪-૨૦૨૪ના રોજ આહિર સમાજ, સુત્રાપાડા ખાતે પંપાણીયા પરિવાર દ્વારા આયોજિત ત્રિદિવસીય શતચંડીયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો. આ યજ્ઞના આચાર્ય તરીકે પુરાણવિષયના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો.પંકજકુમાર એસ. રાવલ, ઉપાચાર્ય તરીકે ગ્રંથાલય સહાયક વિશાલભાઈ જોષી અને યુનિવર્સિટીના ૨૩ ભૂતપૂર્વ છાત્રો મળી કુલ ૨૫ બ્રાહ્મણો દ્વારા આ યજ્ઞનું તમામ વિધિ-વિધાન કરવામાં આવશે.

આ તકે યજ્ઞના આચાર્ય ડો.પંકજકુમાર રાવલે જણાવ્યું હતું કે આ યજ્ઞ દ્વારા લોકો યજ્ઞમાં કરવામાં આવતી તમામ વિધિઓની પાછળ રહેલા વૈજ્ઞાનિક, શાસ્ત્રીય અને સામાજિક કારણોથી અવગત થાય, તે પ્રમાણેનું આયોજન કરવામાં આવેલ છે. સંપૂર્ણ પંપાણીયા પરિવાર આ ભવ્ય અને દિવ્ય આયોજન બદલ અભિનંદનને પાત્ર છે. વિશેષમાં યજ્ઞના તમામ ૦૩ દિવસ સુધી સંપૂર્ણ પરિવાર મળીને કુળદેવી કનકાઈમાં, તોતલમાં અને ચાવંડમાંની ભક્તિ-ભાવથી આરાધના કરશે.

# કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના "સ્નેહમિલન" માં મહિલાઓએ મહત્તમ મતદાન કરવાનો સંકલ્પ કર્યો: મતદાન જાગૃતિ લાવવાનો નવતર અને અનોખો પ્રયાસ

રાજકોટ , લોકશાહીના સૌથી મોટા પર્વ ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી તંત્ર સતત પ્રયાસો કરી રહ્યું છે. આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ગત ચૂંટણી કરતા આ વખતે મતદાનની ટકાવારી વધે તેવા પ્રયત્નોના ભાગરૂપે દેશવાસીઓને લોકસભા ચૂંટણી અન્વયે મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

૬૯-રાજકોટ (પશ્ચિમ) વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ શ્રી જે. એચ. ભાલોડીયા વુમન્સ કોલેજ દ્વારા વર્ષ ૧૯૯૧ થી લઈને ૨૦૨૪ સુધી અભ્યાસ કરી ચૂકેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું "સ્નેહમિલન" નું આયોજન કરવામાં આવેલ હતું. આ સ્નેહમિલનમાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં મહિલાઓ મહત્તમ પ્રમાણમાં મતદાન કરે તેના ભાગરૂપે મતદાર નોંધણી અધિકારીશ્રી અને પ્રાંત અધિકારીશ્રી રાજકોટ શહેર-૨ સુશ્રી નિશા ચૌધરી(છજી) ના માર્ગદર્શન હેઠળનું આયોજન કરવામાં આવ્યું સુશ્રી નિશા ચૌધરી(છજી) એ કહ્યું હતું કે, લોકતંત્રમાં મતદાતા જ પાયાનો ઘટક છે. લોકતંત્ર એટલે લોકો વડે, લોકો માટે, લોકો દ્વારા ચાલતી વ્યવસ્થા. લોકશાહીમાં લોકોના એક —એક મતનું સવિશેષ મહત્વ છે. તમામ નાગરીકે મતદાન પ્રક્રીયામાં ભાગ લેવો જોઈએ. તટસ્થ અને નિર્ભીક રીતે મતદાન કરીને લોકશાહીને વધુ મજબુત બનાવવી જોઈએ. વર્તમાન ભારતની સશક્ત નારી તરીકે તમામ મહિલાઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવો જોઈએ.

કાર્યક્રમમાં ઉપસ્થિત શિક્ષકો અને કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓએ લોકશાહીના મહાપર્વ સમયે દેશની લોકશાહીને વધુ મજબુત કરવા માટે મતદાન કરવાની અને કરાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. મતદાન જાગૃતી અંતર્ગત યોજાયેલા સિગ્નેચર કેમ્પેઈનમાં વિદ્યાર્થિનીઓએ હોંશભેર ભાગ લીધો હતો.

# જુનાગઢ ગિરનાર રોપવે બંધ થતા યાત્રિકો ફસાયા : અંબાજી મંદિરે ભોજનની વ્યવસ્થા

જૂનાગઢ:રવિવારે રજાના દિવસે મોટી સંખ્યામાં યાત્રિકો ગિરનારની યાત્રાએ પહોંચ્યા હતા પરંતુ બપોર બાદ ગિરનાર ઉપર રોપવે બંધ થઈ જતા યાત્રીકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને ૪૦ થી ૫૦ યાત્રીકોને પગની તકલીફ હોવાથી ચાલી શકતા ન હતા. આવા યાત્રિકોની સેવા માટે ગિરનાર અંબાજી મંદિરના મહંત તનસુખગીરી બાપુની પ્રેરણાથી મંદિરના પૂજારીઓ તથા મંદિર સ્ટોફ તેમજ મંદિર આજુબાજુની દુકાનો વેપારીઓ સહિતના ધંધાર્થીઓ દોડ્યા હતા. આ યાત્રિકોને પ્રસાદ માટે અંબાજી મંદિરમાં જ વ્યાવસ્થા કરવામાં આવી હતી એટલું જ નહીં પોલીસ વાયરલેસ સ્ટેશનમાં રાત્રિ રોકાણની વ્યાવસ્થા પણ કરી દેવામાં આવી હતી.

# વેરાવળ ચોપાટી પાસેના ગવનર્મેન્ટ સ્ટાફ ક્વાર્ટર્સ ખાતે મતદાર જાગૃતિ માટે લોકશાહીના ગરબા યોજાયા

વેરાવળ, લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ગીર સોમનાથ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ માટે અનેક નૂતન પ્રયાસો થઈ રહ્યા છે. તેના જ ભાગરૂપે આજે મોડી સાંજે વેરાવળ ચોપાટી પાસે આવેલ ગવર્મેન્ટ સ્ટાફ ક્વાર્ટર્સ ખાતે મતદાર જાગૃતિ માટે લોકશાહીના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી દિગ્વિજયસિંહ જાડેજા, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, નિવાસી અધિક કલેકટર રાજેશ આલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી પલ્લવીબેન બારૈયા, ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા અધિકારીઓ- કર્મચારીઓ અને તેમના પરિવારજનો આ ગરબામાં સહભાગી થયા હતા અને લોકશાહીના ધબકારને ઝીલતાં ગરબા દ્વારા મતદાર જાગૃતિની અભિવ્યક્તિ રજૂ કરવામાં આવી હતી. અત્યારે ચૈત્રી નવરાત્રી ચાલી રહી છે. ચૈત્રી નવરાત્રીમાં જે રીતે શક્તિનો મહિમા છે. તે જ રીતે નાગરિકોમાં રહેલી લોકશાહી પ્રત્યેની શકતું શક્તિને જાગૃત કરવા અને તે રીતે મતદાન માટે પ્રેરિત કરવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે ચૂંટણી ગરબામાં ભાગ લેનાર નાની બાળાઓને પ્રોત્સાહક ઈનામ આપી સન્માનિત કરવામાં આવી હતી.

# રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મ: ભાજપના સંકલ્પ પત્રમાં વિકસિત ભારતની છાંટ જોવા મળી છે : રાજુ ધ્રુવ

## નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પથી ભારતના ચાર મજબૂત સ્તંભ યુવા,મહિલા,ગરીબ,ખેડૂતો સશક્ત થશે : રાજુ ધ્રુવ

રાજકોટઃ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રજુ કરેલા ભાજપના સંકલ્પ પત્રમાં ૨૦૪૭નાં વિકસિત ભારતના સપનાની છાંટ - ઝલક જોવા મળે છે તેમ જણાવી સૌરાષ્ટ્ર ભાજપના પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે કહ્યું છે કે, આ સંકલ્પ પત્ર દેશના ૧૪૦ કરોડ નાગરિકોની આશા અને અપેક્ષા પૂર્ણ કરનારું છે. આ સંકલ્પ પત્રમાં રીફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને આ સંકલ્પ પત્રથી ભારતના ચાર મજબુત સ્તંભ યુવાઓ, મહિલાઓ, ગરીબો અને ખેડૂતો સશક્ત થશે તેની ગેરેંટી છે. તેમણે કહ્યું છે કે, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિકસિત ભારતના સંકલ્પ સાથે કામ કરી રહ્યા છે ત્યારે તેમના દરેક સંકલ્પ ઉપર ઈશ્વર ની પ્રેરણા તથા ભારતની જનતાના આશીર્વાદ વરસી રહ્યા છે. ભાજપના સંકલ્પ પત્રમાં દેશના નાગરિકો પ્રત્યેની નિષ્ઠા જોવા મળે છે અને આ સંકલ્પ પત્ર દેશના લોકો માટે લોકો દ્વારા અને લોકોની ભાગીદારીથી તૈયાર વિકસિત ભારતનો રોડ મેપ છે.

રાજુભાઈ ધ્રુવે ઉમેર્યું છે કે, દેશના નાગરીકોની આશા અને આકાંક્ષાને પ્રતિબિંબિત કરતા આ સંકલ્પ પત્ર માં જનતાની સેવા કરવાની ગેરંટી આપવામાં આવી છે. આ વખતે પણ જનતા જનાર્દનના આશિર્વાદથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમા ૪૦૦ થી વધુ બેઠકો જીતાડશે તેવો વિશ્વાસ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત અને દેશમા સુશાસનનો પાયો મજબૂત કર્યો છે તેના કારણે ગુજરાતમાં તમામ ૨૬ બેઠક પર જનતાના આશિર્વાદથી ભવ્ય જીત મળશે.




સંકલ્પ પત્ર વિકસીત ભારત ૨૦૪૭ ને સાકાર કરવાનો રોડ મેપ છે તેમ જણાવતા રાજુભાઈ ધ્રુવે વધુમાં કહ્યું છે કે, ભાજપના સંકલ્પ પત્રમા ૨૪જેટલા મહત્વના મુદ્દાનો સમાવેશ કરવામા આવ્યો છે. કોંગ્રેસના સમયમા આંતકવાદથી ગ્રસ્ત દેશ આજે સુરક્ષીત દેશ બન્યો છે તેની ગેરંટી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપી છે. તેમણે દેશના ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને ઉત્તમ સારવાર મળે તે માટે આયુષ્યમાન કાર્ડ યોજનામા ૭૦ વર્ષથી વધુ ઉમરના વડિલોને લાભ મળે તે માટે જાહેરાત કરી છે. મહિલાઓની સુરક્ષા અધિકારીઓનુ રક્ષણ ,વિકાસ માટે અનેક યોજના દ્વારા દેશની મહિલાઓને વિશ્વાસ અપાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકસભા અને રાજયસભામા મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો ઐતિહાસીક નિર્ણય કર્યો છે. આ સિવાય તેમણે ખેડૂતો કિસાન સન્માન નિધી યોજના જાહેરાત કરી હતી ભાજપે જે વચનો આપ્યા હતા તે પુરા પણ કર્યા છે તેમ જણાવતા રાજુભાઈ ધ્રુવે કહ્યું છે કે, અયોધ્યામાં શ્રી રામ ભગવાનના ભવ્ય મંદિરનું નિર્માણ તેની સાબિતી છે.આ મંદિરનું નિર્માણ એ રામ રાજ્યની દિશામાં મહત્વનું પગલું છે. ભારતવાસીઓએ ૬૦ વર્ષ કરતા પણ વધુ સમય સુધી તુષ્ટિકરણનું રાજકારણ જોયું છે. હિન્દુઓને તેમના અધિકારોથી વંચિત રાખીને થોડા લોકોને લાભ આપવાની બંધારણ વિરોધી માનસિકતા પણ લોકોએ જોઈ છે. રાજુભાઈ ધ્રુવે વધુ માં જણાવ્યું કે એક દેશ એક ચૂંટણી એ જે એક સ્વપ્ન લાગતું હતું તે નરેન્દ્રભાઈ ના મજબૂત નેતૃત્વ માં આગામીવર્ષોમાં અમલી બનશે. જે દેશ ના વિકાસ માં એક બળ પૂરું પડશે

રાજુભાઇ ધ્રુવે જણાવ્યું કે આ સંકલ્પપત્ર ના હાર્દ માં મહિલા યુવાનો ખેડૂતો ના સશક્તિકરણ નો એક સીમાચિહ્નન સમાન સંકલ્પ બની રહેશે. જેમાં પ્રથમ વખત રોકાણ થી રોજગારી નો ખ્યાલ આપ્યો છે દેશ ના યુવા વર્ગ ખુદ માટે રોજગારી સર્જે તે જ નહીં ખુદ રોજગાર આપનાર બની રહે તે નિશ્ચિત કરશે અને યુવાનો ને સ્વાવલંબી બનવા માટે અનેરું અનોખું બળ પૂરું પાડશે.

૭૦ વર્ષ થી ઉપરના તમામ વડીલો ને મફત સારવાર , ગરીબો માટે ૩ કરોડ ઘરો , મુદ્રાલોનમાં વધારો, ૧ લાખ લખપતિ દીદીથી મહિલા સશક્તિકરણ એ સમાજ ના તમામ વર્ગ માટે મોદીની ગેરન્ટી છે. શ્રી ધ્રુવે વધુમાં જણાવ્યું કે ગુજરાત ના મુખ્યમંત્રી તરીકે અને હવે દેશ ના સૌથી લોકપ્રિય વડાપ્રધાન તરીકે તથા વિશ્વિક નેતા તરીકે. ભારત ને વિશ્વગુરુ બનાવવા ના સંકપ સાથે નરેન્દ્રભાઈ એ જે આત્મનિર્ભર વિકસિત અને સુવિધાયુક્ત ભારત નો યજ્ઞ શરૂ કયો છે તેમાં સર્વાંગી વિકાસ કેન્દ્રસ્થાને છે. આપણે દેશની કાયાપલટ છેલ્લા ૧૦ વર્ષ માં જોઈ શક્યા છીએ. ગ્રામીણ માર્ગો થી એક્સપ્રેસ હાઈવે એ નવા ભારત ની ઓળખ બની છે આવનારા દિવસોમાં બુલેટ ટ્રેન પણ સમગ્ર દેશને જોડશે .સ્વાભિમાન, ખુમારી ,આધ્યાત્મિતા ,નૈતિક મૂલ્યો ,સાંસ્કૃતિક વારસા ને આધુનિકતા, વૈજ્ઞાનિક સંશોધનો ,નવી નવી ટેકનોલોજી સાથે જોડી દેશ નો સર્વાંગીણ અને સમરસ વિકાસ કરી મહાસત્તા બનાવવા ના ધ્યેય સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશ ને આગળ વધારી રહ્યા હોય ત્યારે સૌરાષ્ટ્ર-ગુજરાત હરહમેંશ અગાઉ ૨૦૧૪ અને ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી ની જેમ આ વખતે પણ ભાજપ ને તમામ ૨૬ બેઠકો ૫ લાખ કરતા વધુ મતો થી વિજેતા બનાવી ભારત ને વિશ્વગુરુ બનાવવા સાથ આપશે તેવો દ્રઢ વિશ્વાસ રાજુભાઈ ધ્રુવે વ્યક્ત કર્યો છે.

# વૈષ્ણવાચાર્યએ ઓસ્ટ્રેલીયામાં હવેલી નિર્માણની જાહેરાત કરતાં દાનની સરિતા વહી



રાજકોટ:ઓસ્ટ્રેલિયા સ્થિત વૈષ્ણવોની લાગણીને માન આપીને ફરૂ ઓસ્ટ્રેલિયાના તત્વાવધાનમાં Adelaide ખાતે ભવ્ય દિવ્ય શ્રીનાથ ધામ હવેલીનું નિર્માણ થશે અને પૂજ્યશ્રી દ્વારા હવેલી સંકુલના કાર્યનું પણ નિરીક્ષણ કરવામાં આવશે અને આ કાર્યમાં જોડાયેલા સૌ ભાવિક કાર્યકરોને પ્રેરિત કરવામાં આવશે.પૂજ્યશ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રી એ હવેલીની જાહેરાત કરતાજ નરેશભાઈ કવિતાબેન દ્વારા એક મિલિયન ડોલર હવેલી માટે જાહેર કર્યા.અત્રે ઉલ્લેખનીય છે કે પૂજ્ય શ્રી વ્રજરાજકુમારજી દ્વારા છેલ્લા ૨૦ વર્ષથી પણ વધુ સમય દરમ્યાન દેશ વિદેશમાં અથાગ પરિભ્રમણ કરીને સેવા, સ્નેહ અને સમર્પણનનો દિવ્ય સંદેશ વિશ્ર્વના અલગ અલગ દેશમાં પ્રસારિત કર્યો અને ત્યાં વસતા વૈષ્ણવ ભાવિકજનો તેમજ સનાતન ધર્મપ્રેમીજનોને સંગઠિત કરવામાં સતત આપશ્રીનું યોગદાન રહ્યું છે. અને આ જ દિવ્ય ભાવોને આજે VYO વિશ્વના ૧૫ થી પણ વધુ દેશોમાં ધર્મ સેવા, માનવ સેવા, સમાજ સેવા, રાષ્ટ્ર સેવા, પ્રકૃતિ સંરક્ષણના કાર્યો, સંસ્કૃતિ સંરક્ષણ ના કાર્યો સાથે જ બાળકો તેમજ યુવાનોને લાભાન્વિત કરતા વિવિધ રચનાત્મક કાર્યો થકી સમાજને સતત લાભાન્વિત કરી રહ્યું છે. ત્યારે પૂજ્યશ્રીના ઓસ્ટ્રેલિયા પ્રયાસ દરમ્યાન VYOઓસ્ટ્રેલિયા Xfi sfirÀfi We Serve Happiness ના સૂત્ર સાથે આ નૂતન હવેલીમાં વૈષ્ણવ સમાજ તેમજ સમસ્ત ભારતીય સમુદાયને લાભાન્વિત કરતાં આયોજનો સાકાર થશે.

# શહેરના ત્રણ વોર્ડમાં 'મોદી પરિવાર સભા' યોજાઈ



રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૭૦માં શહેરના વોર્ડ– ૭ માં જૈન ચાલ, ગોંડલ રોડ ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી. જન કલ્યાણનો એક જ વિકલ્પ, મોદી સરકાર, આ વખતે ૪૦૦ ને પારના વિજયલક્ષી સંકલ્પને સાકાર કરી રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું .



રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૭૧માં શહેરના વોર્ડ– ૧૧ માં બાપા સીતારામ ચોક ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી. રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતભાઈ રૂપાલાને જંગી લીડથી જીતાડી દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના હાથ વધુ મજબૂત બનાવવા આહવાન કર્યૂ હતું



રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાના માર્ગદર્શન હેઠળ આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રચાર–પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે ૮૫ થી વધુ મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત વિધાનસભા–૭૧માં શહેરના વોર્ડ– ૧૮ માં ૮૦ ફુટ રોડ, શ્યામ હોલ ખાતે મોદી પરિવાર સભા યોજાઈ હતી.

# રાજકોટ એસ.ટી. બસપોર્ટમાં બંધ પંખા ફરી શરૂ કરાયા

રાજકોટ,

ગુજરાત એસ.ટી મુસાફર રક્ષક સમિતિના સ્થાપક ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, મહિલા સામાજીક આગેવાનો નિશાબેન સોલંકી, જસુબા વાંક, સરલાબેન પાટડીયા ની સંયુક્ત યાદી જણાવે છે કે રાજકોટ ઢેબર રોડ પરનું એસ.ટી નું બસ પોર્ટ ૧૭૫ કરોડના ખર્ચે આધુનિકીકરણ થી બનાવ્યા બાદ આ બસ સ્ટેશનમાં વ્યાપક પણે ભ્રષ્ટાચારવામાં આવ્યો હોવાનું લોક મુખે ચર્ચાય છે. ત્યારે આ એસ.ટી બસ સ્ટેશનએ થાળી ભાંગીને વાટકો કરાતા યાત્રીકોની એસ.ટી બસ સ્ટેશનમાં સલામતી સામે પ્રશ્નાર્થ ઉભો થયો છે. કરોડો રૂપિયા ખર્ચાયા બાદ યાત્રિકોની સુવિધા ને બદલે દુવિધા માં વધારો થતા રાજકોટ બસપોર્ટમાંના ૫૦% પંખા બંધ હાલતમાં હતા. જે પગલે તારીખ ૨૮/૩ ના બસપોટેના કંટ્રોલ રૂમ માં ની ફરિયાદ પોથીમાં લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ તેમ છતાં કોઈ કારણોસર તમામ પંખાઓ શરૂ કરવામાં ઠાગાઠૈયા કરવામાં આવ્યા અને લેખિત રજૂઆત તુમારશાહીનો નો ભોગ બનતા પુનઃ સ્મૃતિ પત્ર દ્વારા એસ.ટી ડેપો



મેનેજરને લેખિત રજૂઆત કરી જેની નકલ રાજયના મુખ્યમંત્રી અને ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહારના મેનેજિંગ ડાયરેક્ટરને પાઠવવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવ્યું હતું કે એસ.ટી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની ફરિયાદ ઉકેલવામાં ગોકળ ગાયની ગતિ ને પગલે બસપોર્ટમાં આવી રહેલ ૧૮૦૦ બસોના હજારો યાત્રિકોને ભર ઉનાળે કાળઝાળ ગરમીમાં બંધ પંખા ને પગલે મુસાફરોને પરસેવે નિતરવુ પડે છે યાત્રિકોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. એસ.ટી ને ૨૫% ભાડા વધારો આધુનિક ઈન્સ્ફાસ્ટ્રક્ચર સાથે મુસાફરોને સારી સુવિધા મળે તે હેતુને ધ્યાનમાં લઈ ભાડા વધારો કરવાની સરકારે મંજૂરી આપી છે. અને આ ભાડા વધારાને પગલે એસ.ટીને અંદાજે વાર્ષિક ૧૨૦૦ કરોડ રૂપિયા કમાણી થવાની છે. એસ.ટી.ના તમામ પંખાઓ દસ દિવસમાં શરૂ કરવામાં નહીં આવે તો ડેપો મેનેજરની ઓફિસમાં આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની ફરજ પડશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવતા કુંભકર્ણની નિંદ્રામાં પોઢેલું એસ.ટી નું તંત્ર હરકતમાં આવ્યું હતું. તમામ પંખાઓ શરૂ કરી દેવામાં આવ્યા હતા.


# આંસી લલાડીયા બી.ડી. ઈ.એસ અભ્યાસક્રમમાં સમગ્ર ભારત પ્રથમ

## મૂળ અમરેલીના પુના ખાતે સ્થાયી થયેલા લલાડીયા પરિવારની દીકરી દેશમાં અવ્વલ

અમરેલી :

સમગ્ર ભારતમાં આઈઆઈટી એ માત્ર ભારતની નહીં વિશ્વભરની નામાંકિત ટેકનોલોજી શિક્ષણ આપતી સંસ્થા છે આઈઆઈટીમાં એન્જિનિયરિંગ કરેલી વ્યક્તિ ખૂબ સારી કેરિયર બનાવી શકે છે અને સારી જોબ મેલવે છે છેલ્લા ઘણા વર્ષોથી આઈઆઈટી દ્વારા એન્જિનિયરિંગ સિવાય પણ કેટલાય અભ્યાસક્રમો વર્લ્ડ ક્લાસ ગુણવત્તા ધરાવતા લોન્ચ કરેલા છે તે પૈકીનો એક અભ્યાસક્રમ બી.ડી. ઈ.એસ છે આ અભ્યાસક્રમ નું પૂરું નામ છે બેચલર ઈન ડિઝાઈન સ્ટડી. આ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે ધોરણ ૧૨ કોઈપણ પ્રવાહમાં ભણતી કે પાસ કરેલ વ્યક્તિ પ્રવેશ પરીક્ષા આપી શકે છે. આ પ્રવેશ પરીક્ષામાં ભારત ભરમાં વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહના ૧૫૦૦૦ વિદ્યાર્થીઓએ ચાલુ સાલે પરીક્ષા આપી હતી.

૧૫,૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી મૂળ અમરેલી તથા હાલ પુના ખાતે થયેલા સ્થાયી થયેલા શ્રી ઈન્ફોસિસ કંપનીના લીડ મેનેજર કમલભાઈ પ્રવિણચંદ્ર લોલાડીયા તથા ઋતુબેનની તેજસ્વી પુત્રી આંસી કમલભાઈ લલાડીયા એ સમગ્ર ભારતમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ. પરીક્ષા આપનારાઓમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને



પણ ટક્કર મારી અવલ સ્થાન હાંસલ કરી સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંકે આવી આ જ્વલંત સિદ્ધિ પ્રાપ્ત કરી આંસીને ભારતની નંબર વન આઈઆઈટી બોમ્બે આઈ.આઈ.ટીમાં પ્રવેશ મળ્યો અને હવે તે બોમ્બે આઈઆઈટી માં ડિઝાઈનિંગનો બેચલર અને માસ્ટર કોર્સ કરશે. આંસિ સતત બે વર્ષ સુધી પ્રવેશ પરીક્ષા માટે પોતાની સુઝબૂઝ લગન અને સખત પરિશ્રમ દ્વારા તૈયારી કરી હતી જેને કારણે આવું ઐતિહાસિક પરિણામ પ્રાપ્ત થયું આંશી દ્વારા લલાડીયા કુટુંબનું ખૂબ ગૌરવ વધારવામાં આવ્યું છે સૌરાષ્ટ્રના જાણીતા કારકિર્દી માર્ગદર્શક શ્રી દ્વારકાદાસ લલાડીયા ના પરિવાર ની તેજસ્વી તારિકા આન્સી પર શુભેચ્છાઓ આશીર્વાદ અને અભિનંદન ની વર્ષા વર્ષી રહી છે અને એક તદ્દન નવી જ દિશામાં કેડી કંડારી તેણે કારકિર્દી અંગે સર્વને નવો રાહ ચિંધ્યો છે તે ખૂબ જ પ્રેરણાદાયક છે

# ધ્રોલના તમાચણ ગામે શ્રી મેલડી માતાજીનો ૨૪ કલાકનો નવરંગ માંડવો

## માતાજીના દર્શન તેમજ મહા પ્રસાદ લેવા વરુ પરિવાર દ્વારા ભાવભર્યું નિમંત્રણ

રાજકોટ

ધ્રોલ તાલુકાના તમાચણ ગામે વરુ પરિવાર દ્વારા શ્રી મેલડી માતાજીનો ૨૪ કલાકનો નવરંગ માંડવોનું તા. ૧૯-૦૪-૨૦૨૪ ને શુક્રવારના ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.શ્રી મેલડી માતાજીના મંદિર સ્થળે આયોજિત નવરંગ માંડવોના શુભ મંગલ ધાર્મિક પ્રસંગમાં તા. ૧૯ ને શુક્રવારના રોજ સવારે ૭:૦૦ કલાકે થાંભલી રોપણ, બપોરે ૧૧:૩૦ કલાકે તેમજ સાંજે ૭:૦૦ કલાકે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તા. ૨૦-૦૪-૨૦૨૪ ને શનિવારના રોજ સવારે ૭:૦૦ કલાકે થાંભલી વધાવાવામાં આવશે.

નવરંગ માંડવામાં તમાચણ શ્રી મેલડી માતાજીના ભુવાશ્રી બાવાભાઈ વિહાભાઈ ઝાપડા અને ધ્રોલ મઢના શ્રી સીધોઈ તથા ખોડીયાર માતાજીના ભુવા શ્રી રાજાભાઈ વિસ્મભાઈ વરુ અને વરુ કુટુંબના ભુવા શ્રીઓ અને પંચના ભુવાશ્રીઓ કેરાળા ગામના રાવળદેવશ્રી અનિલભાઈના ડાકલાંના સંગાથે માતાજીની આરાધના કરશે. આ શુભ પ્રસંગે ધ્રોલ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ સ્વ. લીંબાભાઈ હકુભાઈ વરૂ, મચ્છાભાઈ લીંબાભાઈ વરૂ, સીધાભાઈ લીંબાભાઈ વરૂ, લાખાભાઈ લીંબાભાઈ વરૂ, રવિભાઈ લીંબાભાઈ વરૂ પરિવાર દ્વારા માતાજીનાં દર્શન કરવા તેમજ પ્રસાદ લેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ધ્રોલના ભરવાડ સમાજના સૌ આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમૂહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવ યોજાયો

રાજકોટ,

બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ, લોકમાન્ય તિલક અને સુભાષચંદ્ર બોઝ ટાઉનશીપ દ્વારા આયોજીત સમૂહ રાંદલમાંના ૧૦૮ લોટા ઉત્સવનું ધાર્મિક કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રવિવારે વહેલી સવારથી મોડી રાત્રી સુધી માતાજીના દર્શન, પૂજન, અર્ચન, મહિલા ધુન મંડળની બહેનો દ્વારા ધુન-કિર્તન તેમજ રાસ-ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. આ તકે સાંસદ રામભાઈ મોકરીયા, સાંસદ મોહનભાઈ કુંડારીયા, મેયર નયનાબેન, ડે.મે.નરેન્દ્રસિંહ (ટીકુભા),



શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ઉદયભાઈ કાનગડ, સહિતના ઉપસ્થિતિ રહ્યા હતા. આ અવસરે ૧૫૦૦ કરતા વધુ ગોરણીઓના પગ ધોવાનો, ભાવિકો, યજમાન પરીવાર તેમજ ૨૦૦ કાર્યકર્તા વગેરે માટે પૂજન, ભોજન-પ્રસાદ તેમજ ગોરણીઓને આકર્ષક ગીફ્ટ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# રાજકોટ હિરાસર એરપોર્ટના નવા ટર્મીનલમાં ફરી મુદ્દ્તઃ હવે લોકસભા ચૂંટણી બાદ નવા ટર્મીનલનું કામ પૂર્ણ થશે

રાજકોટ,

રાજકોટનું આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ ખુલ્લું મુકાયાને મહિનાઓ વિતી જવા છતાં હજુ સંપૂર્ણ નિર્માણ પૂર્ણ થયું નથી અને એક પછી એક મુદત પડી રહી છે. ટર્મીનલનું બાંધકામ હવે લોકસભા ચૂંટણી પછી જ પૂર્ણ થઇ શકે તેમ છે. હિરાસર એરપોર્ટ કાર્યરત કરી દેવામાં આવ્યું હોવા છતાં હાલ કામ ચલાઉ ટર્મીનલ પરથી સંચાલન થાય છે. સ્થાયી ટર્મીનલનું નિર્માણ ૩૧ માર્ચે પૂર્ણ થવાનો ટારગેટ હતો. પરંતુ તે શક્ય બન્યું નથી. હવે ચૂંટણી પછી જ તે શક્ય બને તેમ છે અને એટલે નવી ડોમેસ્ટીક તથા ઈન્ટરનેશનલ ફ્લાઈટ મળવામાં વિલંબ થઇ શકે છે.હિરાસરનું ૧૨૨૫ હેક્ટરમાં પથરાયેલું ગ્રીનફીલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ જુલાઈ-૨૦૨૩માં ખુલ્લું



મુકાયું હતું અને ૧૦મી સપ્ટેમ્બરથી કામચલાઉ ટર્મીનલ મારફત ફ્લાઈટ ઓપરેશન શરુ કરી દેવાયું હતું. આ કામ ચલાઉ ટર્મીનલમાં પ્રવાસીઓથી સંચાન ક્ષમતા જુના એરપોર્ટ જેટલી જ છે. હાલ એરપોર્ટથી દૈનિક ૧૨ ફ્લાઈટનું સંચાલન થાય છે.આ એરપોર્ટનું ખાત મુર્હુત ઓક્ટોબર-૨૦૧૭માં ગુજરાત વિધાનસભા ચૂંટણી પૂર્વે તેનો શિલાન્યાસ કરાયો હતો. ડીસેમ્બર-૨૦૨૨માં તે કાર્યાન્વિત થઈ જવાનું જાહેર કરવામાં આવ્યું હતું. ડોમેસ્ટીક તથા ઈન્ટરનેશનલ ફ્લાઈટની સુવિધા મળવાનો દાવો કરાયો હતો.રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ પાર્થ ગણાત્રાએ કહ્યું કે એરપોર્ટનું સંપૂર્ણ નિર્માણ પૂર્ણ થવામાં ઢીલ નિરાશાજનક છે. હાલત એવી છે કે નવી સુવિધા કે નવી ફ્લાઈટ મળતી નથી. લોકસભા ચૂંટણી પૂર્વે નિર્માણ પૂર્ણ થવાની તથા ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરુ થઈ જવાની ગણતરી હતી પરંતુ તે પણ વાસ્તવિક બની નથી. હાલ હિરસર એરપોર્ટથી ડોમેસ્ટીક ફ્લાઈટ ઉડાન ભરે જ છે. પરંતુ જ્યાં પહોંચવામાં સમય અને ખર્ચ સામે લોકોમાં કચવાટ છે.

શહેરથી ૩૦ કિ.મી. દુર સ્થિત એરપોર્ટ પર પહોંચવામાં ખોટો ખર્ચ થાય છે અને ટ્રાફિક જેવા અવરોધો વખતે કલાક જેવો સમય લાગે છે. આ ઉપરાંત ફ્લાઈટના ઉડાન સમયના ૭૫ મીનીટ અગાઉ ચેકઈન કાઉન્ટર બંધ કરી દેવામાં આવે છે. એરપોર્ટના ડાયરેક્ટર દિગંતા બોહારે કહ્યું કે ચૂંટણી પછી કેન્દ્રમાં નવી સરકારના ગઠન બાદ નવા ટર્મીનલને ખુલ્લું મુકવામાં આવશે. જાણકારોના કહેવા પ્રમાણે સ્થાયી ટર્મીનલ શરૂ થતાં પછી જ ઈન્ટરનેશનલ ફ્લાઈટ શક્ય બનશે.

# વોર્ડ નં.૧માં પરસોત્તમ રૂપાલાનો ડોર ટુ ડોર લોકસંપર્ક

## અબ કી બાર ૪૦૦ કે પારના નારા સાથે પ્રચારની ધણધણાટી

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ રાજકોટ શહેરના વોર્ડ-૧ના વિવિધ વિસ્તારોમાં લોકસંપર્ક કર્યો હતો. આ લોકસંપર્ક દરમ્યાન તેમને જુદા-જુદા સ્થળોએ સાર્વત્રિક આવકાર સાંપડયો હતો.આ લોકસંપર્ક દરમ્યાન રૂપાલાજીનું ક્ષત્રિય સમાજ સહિત વિવિધ ૧૨ જેટલી જ્ઞાતિ-સમાજ જેમાં ક્ષત્રિય સમાજ, સતવારા સમાજ, મોચી સમાજ, આહિર સમાજ, ભીલ સમાજ, સીંધીસમાજ, માલધારી સમાજ, બ્રહમસમાજ, પ્રજાપતી સમાજ, અનુસુચિત જાતિ, અન્ય સમાજ વગેરે સમાજ ધ્વારા અદકેરૂ સન્માન કરવામાં આવ્યું હતું તેમજ વેપારી એસોસીએશન, ઉન્નતી સ્કુલ દ્વારા પણ ઉષ્માસભર સ્વાગત કરવામાં આવેલ હતું. તેમજ ક્ષત્રીય સમાજ વતી કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, જયરાજસિંહ જાડેજા, ઉદયભાઈ કાઠી, સત્યજીતસિહ જાડેજા, હંસરાજસિહ જાડેજા વિગેરેએ



રૂપાલાજીનું સન્માન કર્યુ હતું.

આ તકે પરશોતમભાઈ રૂપાલાએ વોર્ડ-૧માં ગંગેશ્વર મહાદેવ મંદિર ખાતે ભોળાનાથ મહાદેવને શીશ ઝુકાવી દર્શન-પૂજન-અર્ચન કરીને લોકસંપર્કનો પ્રારંભ કર્યો હતો. ત્યારે બાદ ગાંધીગ્રામ, એસ.કે, ચોક, ગાયત્રી ડેરી, નાણાવટી ચોક સહિતના વિસ્તારમાં લોકસંપર્ક કર્યો હતો. આ પ્રસંગે સાંસદ મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ ચોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી, શહેર ભાજપ મહામંત્રી ડો. માધવ દવે, સહીતના જોડાયા હતા. તેમજ વોર્ડના કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, ડો. અલ્પેશ મોરજરીયા, હિરેન ખીમાણીયા, વોર્ડપ્રભારી કાથડભાઈ ડાંગર, વોર્ડપ્રમુખ કાનાભાઈ ખાણધર, મહમંત્રી નાગજીભાઈ વરૂ, ગૌરવ મહેતા, મનીષ ભટ્ટ, વિજયભાઈ પાડલીયા, હરેશભાઈ કાનાણી, મહેશભાઈ રાઠોડ, દિવ્યેશ જોષી, મનોજ ગેડીયા, તેમજ જયદીપસિહ જાડેજા, જયરાજસિહ જાડેજા, મનજીભાઈ પરમાર, રામદેવભાઈ આહિર, મોહનભાઈ વાડોલીયા, ભરતભાઈ, કુણાલ પરમાર, સહિતના ઉપસ્થિત રહ્યા હતા

# અનુસુચિત જાતિ સમાજના અગ્રણી બગડાના પરિવારની સૌજન્ય મુલાકાત લેતા પરશોતમભાઈ રૂપાલા

## અનુસુચિત જાતિ સમાજના ઉપસ્થિત આગેવાનો સાથે સંવાદ કરતા રૂપાલાજી : પરિવારના સદસ્યો સાથે ભોજન ગ્રહણ કર્યુ

રાજકોટ

શહેરના લક્ષ્મી સોસાયટી(પેડક રોડ) ખાતે અનુસુચિત જાતિ સમાજના અગ્રણી અને શહેર ભાજપ અનુસુચિત જાતિ મોરચાના પૂર્વ પ્રમુખ લાખાભાઈ બગડાના પરિવારની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ તકે રૂપાલાજીનું બગડા પરિવારના મોભીશ્રી લાખાભાઈ બગડા, ભરતભાઈ, સંજયભાઈ, ઈશીતાબેન, શ્લોકાબેન, વર્ષાબેન અને નીતાબેન બગડાએ ઉષ્માસભર સ્વાગત કર્યુ હતું. તેમજ રૂપાલાજીએ બગડા પરિવાર સાથે ભોજન ગ્રહણ કર્યુ હતું. તેમજ ઉપસ્થિત અનુસુચિત સમાજના અગ્રણીઓ સાથે સંવાદ સાધ્યો હતો.



આ તકે રૂપાલાજી સાથે રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, વિધાનસભા–૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મેયર નયનબેન પેઢડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્વીન મોલીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા, પૂર્વ ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા,કોર્પોરેટર હાર્દિક ગોહિલ, શહેર અનુ.જાતી મોરચા પ્રમુખ રતાભાઈ પરમાર, વોર્ડપ્રમુખ પરેશ લીંબાશીયા, મહામંત્રી દિનેશ ડાંગર, વજુભાઈ લુણસીયા, તેમજ લાલજીભાઈ આથુ, રસીકભાઈ વોરા, મનહરભાઈ બાબરીયા, નરેન્દ્રભાઈ ડવ, ભારતીબેન મકવાણા, જયશ્રીબેન ચાવડા, મનસુખભાઈ ચૌહાણ, દિલીપ લુણાગરીયા, રસીલાબેન સાકરીયા, શામજીભાઈ ચાવડા, મહેશ અઘેરા, દેવજીભાઈ ખીમસુરીયા, ગિરધર રાઠોડ, અનિલ શ્રીમાળી, રમેશભાઈ રાઠોડ, વિપુલ પરમાર, દિનેશ સોલંકી, જયંતીભાઈ ધાંધલ, પ્રવીણભાઈ ચાવડા, મુકેશ વાઘેલા, મોહનભાઈ દાફડા, જયંતીભાઈ પડસાના, મોહનભાઈ પરમાર, દિનેશભાઈ ગોહિલ, ચેતનભાઈ ચાવડા સહિતના સાથે બહોળી સંખ્યામાં અનુસુચિત જાતિ સમાજના લોકો ઉપસ્થિત રહયા હતા.

# પારકા ઝઘડામાં પોલીસને સમજાવવા જતા જીવ ગુમાવ્યો! રાજકોટમાં પોલીસના ઢોર મારથી યુવાનનું મોત

## મૃતદેહ લેવાનો ઈન્કાર,આરોપી એએસઆઈ નહીં પકડાતા પરિવારજનો મૃતદેહ ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે લઈ આવતા તનાવ:આરોપી એએસઆઈ અશ્વિન કાનગડને પકડવા માટે ત્રણેક ટીમોને કામે લગાડવામાં આવી, ખૂન અને એટ્રોસીટીની કલમનો ઉમેરો







રાજકોટ: રાજકોટમાં પાડોશીઓ વચ્ચે થયેલા ઝઘડાને કારણે પોલીસ આવતાં તેને સમજાવવા ગયેલા યુવાનને પોલીસે ઉપાડી જઈ, મારકૂટ કર્યા બાદ મોત નિપજયાનો ચોંકાવનારો બનાવ જાહેર થયો છે. જેના આધારે માલવીયાનગર પોલીસે અજાણ્યા પોલીસ સામે ગુનો દાખલ કર્યા બાદ આરોપી તરીકે એએસઆઈ અશ્વિન કાનગડનું નામ ખુલ્યું હતું. જેને તત્કાળ પકડવાની માંગ સાથે મૃતક યુવાનના પરિવારજનો અને દલિત સમાજના લોકોએ મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જોકે મોડી સાંજ સુધી આરોપી એએસઆઈ નહીં પકડાતા પરિવારના સભ્યો મૃતદેહ સિવીલ હોસ્પિટલ ચોકમાં ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે લઈ ઘસી જતાં તનાવ વ્યાપી ગયો હતો. ગોંડલ રોડ પરના એસ.ટી. વર્કશોપ પાછળ આંબેડકરનગર શેરી નં.૨-બમાં હત્યાનો ભોગ બનનાર હમીર ઉર્ફે ગોપાલભાઈ દેવજીભાઈ રાઠોડ (ઉ.વ.૩૪) રહેતા હતા. તેના પત્ની ગીતાબેન (ઉ.વ.૩૨)એ પોલીસને જણાવ્યું કે ગઈ તા.૧૪ના રોજ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ નજીકમાં આવેલા ખોડીયારનગર શેરી નં.૧૬ના ખુણા પાસે રાજુ સોલંકી અને તેના પુત્ર જયેશને પાડોશીઓ સાથે ઝઘડો થયો હતો. જેથી જયેશ તેના પતિને ઘરે બોલાવવા આવ્યો હતો અને કહ્યું કે ગોપાલકાકા મારી સાથે ચાલો, અમારે પાડોશીઓ સાથે ઝઘડો થયો છે, તેણે પોલીસની ગાડી બોલાવી છે, તમે આવો તો

### પોલીસે ૪૮ કલાકમાં કાર્યવાહીની ખાતરી આપી મામલો થાળે પાડ્યો, અંતે પરિવારે મૃતદેહ સ્વીકાર્યો

સમાધાન થઈ જશે. આ વાત સાંભળી તેના પતિ સાથે ગયા હતા. પંદરેક મિનિટ પછી તેના પુત્ર અરમાને ઘરે આવી કહ્યું કે પોલીસની ગાડી આવી હતી અને પપ્પાને મારતા મારતા ગાડીમાં બેસાડી લઈ ગઈ છે. જેથી તેના સાસુ કેશુબેન અને પાડોશીઓ તત્કાળ માલવીયાનગર પોલીસ મથકે ગયા હતા. રાત્રે એકાદ વાગ્યાની આસપાસ પાડોશી નાનજીભાઈ તેના પતિને એકટીવા પર બેસાડી ઘરે લઈ આવ્યા હતા. અર્ધબેભાન હાલતમાં આવેલા તેના પતિ સૂઈ ગયા હતા. પતિને સવારે વહેલા ઉઠવાની ટેવ હતી પરંતુ બીજા દિવસે વહેલી સવારે નહીં ઉઠતા જગાડવાનો પ્રયાસ કર્યો હતો. તે વખતે જોયું તો પતિનું પેન્ટ ખરાબ થઈ ગયું હતું. જેથી પેન્ટ અને શર્ટ બદલી નાખ્યા હતા. તે વખતે શરીર પર માર માર્યાના ચાંભા જેવા નિશાન દેખાતા સાસુ અને જેઠ હરેશભાઈને વાત કર્યા બાદ પતિને ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તબીબે હેમરેજ જેવી ઈજા હોવાનું જણાવ્યું હતું. ગીતાબેનની આ ફરિયાદના આધારે ગઈકાલે રાત્રે માલવીયાનગર પોલીસે અજાણી પોલીસ સામે ખૂનની કોશિષનો ગુનો દાખલ કર્યો હતો. બીજી તરફ આજે સવારે ખાનગી હોસ્પિટલમાં હમિરભાઈનું સારવાર દરમિયાન મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. તે સાથે જ તેના પરિવારના સભ્યો અને દલિત સમાજમાં રોષ વ્યાપી ગયો હતો. ખાનગી હોસ્પિટલની બહાર ચકકાજામ સર્જયા બાદ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ ખસેડાયો હતો. ત્યારબાદ મૃતકના પરિવારજનો અને દલિત સમાજના આગેવાનો રજૂઆત કરવા માટે પોલીસ કમિશનર કચેરીએ ઘસી ગયા હતા. જયાં બંદોબસ્તમાં હાજર પોલીસ સ્ટાફ સાથે ઉગ્રતા થઈ હતી. દલિત સમાજના આગેવાનો અને મૃતકના પરિવારજનોએ તત્કાળ આરોપી એએસઆઈની ધરપકડ કરવાની માંગણી કરી હતી. જયાં સુધી ધરપકડ ન થાય ત્યાં સુધી મૃતદેહ સંભાળવાનો પણ ઈક્કાર કરી દીધો હતો. સાંજે મૃતકના પરિવારજનો અને દલિત સમાજના આગેવાનો મૃતદેહ લઈ સિવિલ હોસ્પિટલ ચોકમાં ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે પહોંચ્યા હતા. એટલું જ નહીં જયાં સુધી આરોપી એએસઆઈ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ આજ સ્થળે રાખવાની જાહેરાત કરતાં પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.પોલીસ સૂત્રોએ જણાવ્યું કે આરોપી એએસઆઈ અશ્વિન કાનગડને પકડવા માટે ત્રણેક ટીમોને કામે લગાડવામાં આવી છે. આ ઉપરાંત આ કેસમાં ખૂન અને એટ્રોસીટીની કલમનો ઉમેરો કરાયો છે.

# ૨૫ લાખનું લખાણ કરાવી સોનું પડાવનાર ૪ પકડાયા



રાજકોટ:હનીટ્રેપ કેસમાં રાજકોટના યુવાન પાસેથી ૨૫ લાખનું લખાણ કરાવી સોનુ પડાવનાર ૨ મહિલા સહિત ૪ શખ્સને પોલીસે ગણતરીની કલાકોમાં ઝડપી લઇ વધુ તપાસ હાથ ધરી છે. રાજકોટમાં જાગનાથ પ્લોટ, જાગનાથ મંદિરની બાજુમાં રાજમંદિર એપાર્ટમેન્ટ ફ્લેટ નંબર ૪૦૩માં યાજ્ઞિક રોડ ખાતે રહેતા કોન્ટ્રાકટર ધર્મેશભાઈ પ્રવીણભાઈ પંડ્યા ઉ. વ. ૩૮ને જુનાગઢની રૂહી પટેલ નામની યુવતીએ ફોનથી અને વ્હોટસએપ મેસેજથી મિત્રતા કેળવી હતી. બાદમાં જૂનાગઢ ખાતે પોતાના ઘરે મળવા આવવા બોલાવી અને યુવક મળવા આવતા તેને યુવતી જૂનાગઢમાં જોશીપરાના સુભાષ નગરમાં બે માળના મકાનમાં લઇ ગઈ હતી અને નહિ યુવતીએ ધર્મેશ પંડ્યાના કપડાં કઢાવી બાદમાં પોતેએ પણ કપડાં કાઢી નાંખ્યા હતા.આ દરમિયાન રવિ નામનો માણસ, જયસુખ રબારી નામનો માણસ, સાગર નામનો માણસ અને મંજુલાબેન હિરપરા નામની મહિલા સહિતના શખ્સો આવ્યા હતા. સાગરે ધર્મેશને બેટ મારવા ઉગામી મોબાઇલમાં તારા નગ્ન ફોટા છે તેમ કહી બળાત્કારનો કેસ કરવાની ધમકી આપી હતી. અને રવિ તથા જયસુખ રબારીએ પૈસાથી સમાધાન કરાવી લેવાનું જણાવી મંજુલા હિરપરાએ રૂપિયા ૨૫ લાખ આપવા પડશે તેમ જણાવી ચોપડામાં ધર્મેશના હાથે લખાણ કરાવી સોમવારે સાત લાખ આપવા પડશે નહિતર પતાવી દઈશું એવી ધમકી આપી જયસુખ રબારીએ ધર્મેશ પાસેથી રૂપિયા ૪૦,૦૦૦ની સોનાની વીંટી, અસલ આધાર કાર્ડ અને અસલ ડ્રાઈવિંગ લાઇસન્સ બળજબરીથી પડાવી લીધાની ફરિયાદ યુવકે કરતા પોલીસે તપાસ હાથ ધરી હતી. એસઓજીના પીઆઈ ચાવડાએ આરોપી શોધી કાઢવા માટેના પ્રયાસો હાથ ધર્યા હતા. દરમિયાન આરોપીઓ હનીટ્રેપના રૂપિયા જૂનાગઢમાં ધોરાજી ચોકડી થી ઝાંઝરડા ચોકડી વચ્ચે લેવા આવવાના હોવાની બાકી મળતા એસઓજીએ વોચ ગોઠવીને જીજે-૦૩-એમડી-૭૯૯૯ નંબરના બાઈક સાથે ૨ શખ્સને અને ૨ મહિલાને જોષીપરા ખાતેથી ઝડપી લેવામાં આવી હતી.

પકડાયેલા આરોપીઓ:૧) હિના કાનજીભાઈ વાઢેર ઉ. વ. ૨૫, રહે. ઝાંઝરડા, ચોબારી ફાટક પાસે ચાંદ ટાવરની બાજુમાં જૂનાગઢ.૨) નિયોજિત નરસિંહભાઈ ડુંમર ઉ. વ. ૩૩ રહે. કાંગશીયાળી ગામ-કલ્પવન રેસિડન્સ બ્લોક નંબર ૨૦૭, રાજકોટ.૩) રાહુલ સુરેશભાઈ પરમાર ઉ. વ. ૨૮ રહે. કલ્પવન સોસાયટી, આસ્થા ગ્રીન સીટી, બ્લોક નંબર ૨૦૭, રાજકોટ.૪) હીનાબેન રમેશભાઈ વિરડીયા ઉ. વ. ૪૦ રહે. ખલીલપુર રોડ, સુભાષ નગર, મહાદેવના મંદિરની બાજુમાં, જોષીપરા, જૂનાગઢ

# બે પિસ્તોલ સાથે બે ઝડપાયા, સપ્લાયર તરીકે મૃત વ્યક્તિઓના નામ આપ્યા !

રાજકોટ: રાજકોટમાંથી ગઇકાલે એક જ દિવસમાં ક્રાઇમ બ્રાંચ અને ભક્તિનગર પોલીસે બે શખ્સોને હથિયાર સાથે ઝડપી લઇ તપાસ આગળ ધપાવી છે. બંને કેસમાં સપ્લાયર તરીકે મૃત વ્યક્તિઓના નામ ખૂલ્યા છે.ક્રાઇમ બ્રાંચે બાતમીના આધારે પીઠડઆઈ સોસાયટી પાસેથી દેશી બનાવટની પિસ્તોલ અને બે જીવતા કાર્ટિસ સાથે જયસુખ ઉર્ફે જશો વલ્લભ વાઘેલા (ઉ.વ.૩૫, રહે. નકલંક સોસાયટી શેરી નં. ૧, માંડાડુંગર)ને ઝડપી લીધો હતો. ક્રાઇમ બ્રાંચના સૂત્રોએ જણાવ્યું કે આરોપી ખેતીકામ કરે છે. અગાઉ અંગ્રેજી દારૂના જથ્થા સાથે પકડાઇ ચૂક્યો છે. હાલમાં આજી ડેમ પોલીસ મથકનાં મારામારીના ગુનામાં વોન્ટેડ હતો. પૂછપરછમાં પોતાના દાદા કે જે હાલ હયાત નથી તેની આ પિસ્તોલ હોવાનું રટણ કરી રહ્યો છે. જેમાં કેટલું તથ્ય છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.જ્યારે ભક્તિનગર પોલીસે હુડકો ચોકડી નજીકની સિધ્ધાર્થ સોસાયટી પાસેથી ગઇકાલે મોડીરાત્રે દેશી બનાવટની પિસ્તોલ અને બે જીવતા કાર્ટિસ સાથે સોહીલ ઉર્ફે રેહાન શાહનવાઝ ખરેડીયા (ઉ.વ.૨૪, રહે. બુધ્ધનગર-શાપર)ને ઝડપી લીધો હતો.પોલીસ સૂત્રોએ જણાવ્યું કે આરોપી માછલી વેચવાનો ધંધો કરે છે. અગાઉ કોઈની સાથે માથાકૂટ થઇ હોવાથી સેફટી ખાતર પિસ્તોલ રાખતો હોવાનું રટણ કરી રહ્યો છે. રાજકોટમાં તેના સંબંધીને મળવા આવ્યો હતો. ત્યારે ઝપટે ચડી ગયો હતો. પૂછપરછમાં સપ્લાયર તરીકે હત્યા કરાયેલા શખ્સનું નામ આપી રહ્યો છે. જેમાં કેટલું તથ્ય છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

# 'બીલ નહીં આપે તો જીવતો નહીં રહેવા દઉં,' કહી વેપારી પર હુમલો



ગોંડલ:ગોંડલ કડિયા લાઇનમાં પાઇપ એન્ડ હાર્ડવેર નામની દુકાન ધરાવતા દુકાનદાર પર બિલ બાબતે એક શખ્સે લોખંડના પાઇપ વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.પ્રાપ્ત વિગતો મુજબ ગોંડલ કડિયા લાઇનમાં ગુજરાત પાઈપ એન્ડ હાર્ડવેર નામે દુકાન ધરાવતા સબીરભાઈ ભારમલ ઉંમર વર્ષ ૩૪ ઉપર વીરા એન્ટરપ્રાઇઝ વાળા કાના પટેલ નામના શખ્સે મને બિલ ન આપ્યું તો તને જીવતો નહીં રહેવા દઉં તેવું કહી લોખંડના પાઇપ વડે હુમલો કરી ઈજા પહોંચાડતા પોલીસ ફરિયાદ નોંધાવા પામી હતી પોલીસે ઉપરોક્ત શખ્સ વિરુદ્ધ ૩૨૩ ૫૦૪ ૫૦૬ ૨ તથા જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.વેપારીએ ઝઘડા અંગેના કારણમાં જણાવ્યું હતું કે તેમના ગ્રાહક ઉમેશ ભુવા માલ સામાનની ખરીદી કરી જતા હોય અને બિલ પણ લઈ જતા હોય તે લઈ ગયેલ બિલ બાબતે મીરા એન્ટરપ્રાઇઝ વાળા કાનાએ માથાકૂટ કરી બિલ માગ્યું હતું જે બિલ દેવાની અમે ના પાડતા ઉશ્કેરાઈ જઈને હુમલો કર્યું હતો.

# ફૂડ શાખાના દરોડા, ૩૦ કિલો અખાદ્ય પદાર્થોનો નાશ

રાજકોટ:મનપાએ શહેરના વિવિધ પોશ વિસ્તારોમાં કથિત મોટા નામ ધરાવતી રેસ્ટોરન્ટ અને ફાસ્ટ ફૂડની દુકાનોમાં તપાસ કરી હતી. દરમિયાન વાસી અને એક્સપાયરી ડેટ વીતી ગયેલો ૩૦ કિલોથી વધુના જથ્થાનો નાશ કરાયો છે. યુનિવર્સિટી રોડ પર આવેલા સેફ ફેટ્સોમાં તપાસ કરતા ફ્રીઝમાં એક્સપાયર થયેલા ચીઝ ડીપ, મંચુરિયન તથા ચીલી સોસ સહિતના ૭ કિલો પદાર્થોનો નાશ કરીને નોટિસ અપાઈ હતી. રૈયા રોડ પર સદગુરુ તીર્થધામ પાસે બિનહરીફ ફાસ્ટ ફૂડમાં તપાસ કરતા અખાદ્ય ફૂડ તથા ડેરી પ્રોડક્ટના ૪ કિલો જથ્થાનો નાશ કરાયો હતો.ડો.યાજ્ઞિક રોડ પર રાજમંત્ર કોલ્ડ્રીંક્સમાં તપાસ કરતા ૩ કિલો પડતર ફ્રોઝન ફૂડનો નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે ઈન્દિરા સર્કલ પાસેના બડીઝ પિત્ઝા તેમજ પ્રશાંત કાસ્ટિંગ પાસે આવેલા પ્રાયોશા રેસ્ટોરન્ટમાં ગંદકી જોવા મળતા નોટિસ ફટકારાઈ છે. રેસ્ટોરન્ટ સિવાય અન્ય ધંધાર્થીઓને ત્યાં ચકાસણી કરાઈ હતી. મવડી મેઈન રોડ સંજય ખમણ હાઉસમાં તપાસ કરાતા ૬ કિલો અખાદ્ય થયેલી લીલી ચટણી મળી હતી. જ્યારે મેહુલનગર મેઈન રોડ પર આવેલી નવરંગ ડેરી ફાર્મમાંથી પડતર મીઠાઈનો જથ્થો મળ્યો હતો જેથી બંને સ્થળે અખાદ્ય પદાર્થોનો નાશ કરાયો હતો.નાનામવા મેઈન રોડ પર અલગ અલગ પ્લોટમાં મસાલા માર્કેટ ઊભી કરાઈ છે. જેમાં દર વર્ષે કોઇને કોઇ થડામાંથી ભેળસેળ નીકળ્યા કરે છે. આ વર્ષે શહેરભરમાં મસાલાની ખાસ ડ્રાઈવ કરવા સૂચના અપાઈ છે જે પૈકી સેમ્પલ લેવાઈ રહ્યા છે. ખાસ કરીને નાનામવા રોડ પર ધ્યાન અપાઈ રહ્યું છે. આ સપ્તાહે કુલ ૧૦ નમૂના લેવાયા છે જેમાંથી ૭ આ જ રોડ પરના માર્કેટના છે. જ્યારે ૩ નમૂના જૂના માર્કેટિંગ યાર્ડમાંથી લેવાયા છે.

# પદ્મિનીબા વાળાએ મહંત મયાનંદજી માતાજી ગુરૂ શિવાનંદજી બાપુના હસ્તે પારણા કર્યા

## રૂપાલાની ટિકિટ રદની માગ સાથે ૧૪ દિવસથી અન્નનો ત્યાગ કરેલો



રાજકોટ:રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગે વિવાદિત નિવેદન બાદ તેમની ટિકિટ રદ કરવાની માગ સાથે રાજકોટના ક્ષત્રિય સમાજની મહિલા આગેવાન ૧૪ દિવસથી અન્ય ત્યાગ ઉપર હતા. ત્યારે આજે સાંજે તેમની તબિયત લથડતાં તેમને રાજકોટ એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેઓની સારવાર ચાલી રહી હતી. જો કે, સમાજના આગેવાનો વીરભદ્રસિંહ જાડેજા, યુવરાજસિંહ જાડેજા, પી.ટી.જાડેજા, જે.પી.જાડેજાએ ટેલિફોનિક તેમજ રૂબરૂ સમજાવટ બાદ મહંત મયાનંદજી માતાજી ગુરૂ શિવાનંદજી બાપુના હસ્તે પારણાં કર્યા હતા.ઉલ્લેખનીય છે કે, ક્ષત્રિય સમાજની એક જ માગ છે કે, પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ ભાજપ દ્વારા રદ કરવામાં આવે પરંતુ આ દરમિયાન આજે રૂપાલાએ વાજતે ગાજતે રેલી કાઢી સભા સંબોધી કલેકટર કચેરીએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી.પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગેના વિવાદિત નિવેદન બાદ રાજ્યભરનો ક્ષત્રિય સમાજ દ્વારા વિરોદ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ક્ષત્રિય સમાજના મહિલા આગેવાન પદ્મિનીબા વાળા દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ કરવામાં આવી હતી. જેને લઇને તેઓ ગત ૨ એપ્રિલથી આશાપુરા માતાજીના દર્શન કરી અન્ન ત્યાગ ઉપર બેસી ગયા હતા. જે બાદ પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવા માટે અમદાવાદમાં સંકલન સમિતિની રચના કરવામાં આવી હતી. જે બાદ એક પછી એક જિલ્લાઓમાં બાયકોટ રૂપાલાના નારા સાથે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન પણ મળી રહ્યું છે. છેલ્લે ૧૪ એપ્રિલના રતનપરમાં ક્ષત્રિય સમાજનું મહાસંમેલન મળ્યું હતું. જેમાં રૂપાલાની ટિકિટ રદ કરવામાં નહીં આવે તો ૧૯ એપ્રિલ બાદ લડત માટેનું પાર્ટ ૨ શરૂ થશે તેવું એલાન કરવામાં આવ્યું હતું.આ દરમિયાન આજે પુરુષોત્તમ રૂપાલાએ બાજપના ઉમેદવાર તરીકે રાજકોટ લોકસભા બેઠક પરથી પોતાનું નામાંકન પત્ર ભર્યું હતું. આ દરમિયાન સાંજના સમયે પદ્મિનીબા વાળાની તબિયત લથડતાં તેમને છૈંસ્જી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. પદ્મિનીબાનું બ્લડ પ્રેશર લો થઇ ગયું હોવાથી નબળાઇ આવી ગઇ હોવાનું જાણવા મળી રહ્યું છે. ૧૪ દિવસથી તેઓ અન્ન ત્યાગ ઉપર હોવાથી માત્ર પ્રવાહી ગ્રહણ કરી રહ્યા છે. અને તેના કારણે જ આજે તેમની તબિયત લથડી હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના 'ભગા': ૮૨ પરીક્ષાર્થીને ગેરહાજર દર્શાવી ફેલ કર્યા!

## વિવાદ થતા તાત્કાલિક પરિણામ સુધાર્યું




રાજકોટ:સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના 'ભગા' હવે વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે નવી વાત નથી. સમયાંતરે પરીક્ષા કે પરિણામમાં ગોટાળા થતા જ રહે છે. તાજેતરમાં જ જાહેર કરાયેલા જુદા જુદા કોર્સના પરિણામમાં વિદ્યાર્થીઓએ રૂબરૂ હાજર રહીને પરીક્ષા આપી હોવા છતાં યુનિવર્સિટીએ જાહેર કરેલા પરિણામમાં તેમન ગેરહાજર દર્શાવ્યા છે. આવું એક-બે નહીં પરંતુ ૮૨ જેટલા વિદ્યાર્થીઓને પરિણામમાં ગેરહાજર દર્શાવી ફેલ કર્યા હતા.આ અંગે જ્યાર એક પછી એક વિદ્યાર્થીઓ અને કોલેજોની ફરિયાદો આવવા લાગી ત્યારે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના અધિકારી સફાળા જાગ્ય અને તાત્કાલિક આ ૮૨ વિદ્યાર્થીના પરિણામ પાછા ખેંચ્યા અને સુધારેલા પરિણામ જાહેર કર્યા. બીજી બાજુ યુનિવર્સિટીની ભૂલને કારણે દ્વારકા, સુરેન્દ્રનગર, અમરેલી, મોરબીના વિદ્યાર્થીઓએ જે તે પરીક્ષા કેન્દ્રો પરથી લેખિત લેટરપેડ માટે રાજકોટ ધક્કા ખાવા પડ્યા હતા. આધુનિક યુગમાં તમામ પ્રક્રિયા ડિજિટલ કરી દેવાના બણગાં વચ્ચે વિદ્યાર્થીઓએ રૂબરૂ ધક્કા ખાવા પડ્યા હતા.રાજકોટ ઉપરાંત મોરબી, અમરેલી, જામનગર, સુરેન્દ્રનગરના કેટલાક વિદ્યાર્થીઓને રાજકોટ ધક્કા ખાવા પડ્યા હતા. યુનિવર્સિટીમાં ફરિયાદ કર્યા બાદ પરીક્ષા વિભાગે તાત્કાલિક આ તમામ ૮૨ વિદ્યાર્થીના પરિણામ પરત ખેંચી સુધારેલા પરિણામ જાહેર કર્યા હતા.

વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર, હોલટિકિટમાં સહી છતાં માર્કશીટમાં ગેરહાજર દર્શાવ્યા છે.વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મમાં પસંદ કરેલા વિષયો બાદ હોલટિકિટમાં વિષયો ઓછા આવ્યા.પરીક્ષાના પરિણામ જુદા જુદા પોર્ટલ ઉપર જાહેર કરવામાં આવતા અસમંજસમાં મુકાય છે.યુનિવર્સિટીની એપ્લિકેશનમાં વારંવાર એરર આવે છે, એપ ચાલતી નથી.કેમ્પસમાં ઝેરોક્સની દુકાન નહીં, છાત્રોએ મુંજકા-કેમ્પસ બહાર જવું પડે છે.યુનિવર્સિટીના નંબરમાં સરખો જવાબ આપતા નથી, ૧૦૦ કિ.મી.થી ધક્કા ખાવા પડે છે.કોલેજોએ એનરોલમેન્ટમાં ભૂલ કરી એટલે આવું થયું.અગાઉ કોલેજો પાસેથી એનરોલમેન્ટની ફાઈલો મગાવતા હતા પરંતુ પછી ઓનલાઈન કર્યું. આ ઉપરાંત એનરોલમેન્ટ નંબર પણ ૧૨ આંકડાનો કર્યો એટલે કોલેજોએ એનરોલમેન્ટ નંબર નાખવામાં ભૂલ કરી હોય તેના કારણે આવું થયું છે. એ ટેક્નિકલ ભૂલ છે તે સુધારી લીધી છે. કોઈએ એનરોલમેન્ટ નંબર દાખલ કરવામાં એક આંકડાની ભૂલ કરી હોય અથવા ખોટો નંબર નાખ્યો હોય તો ગેરહાજર બતાવે, પરંતુ તમામ વિદ્યાર્થીઓના પરિણામ પાછા ખેંચી સુધારેલા નવા પરિણામ જાહેર કર્યા છે.

# જીએસટી કૌભાંડમાં પિતા-પુત્રની જામીન અરજી નામંજૂર

રાજકોટ:જીએસટી તંત્રને રૂ.૧,૩૫,૯૭,૬૧૫નો ચૂનો ચોપડી કૌભાંડ આચરવાના ગુનામાં સંડોવાયેલા પિતા-પુત્રએ જેલમાંથી જામીન પર છૂટવા કરેલી અરજી અદાલતે ફગાવી દીધી હતી.આ કેસની વિગત એવી છે કે, રાજકોટના રઘુભાઇ ડેબરિયાએ ગત તા.૧૪-૩-૨૦૨૪ના રોજ જીત કિશોર સખિયા અને તેના પિતા કિશોર પોપટ સખિયા ક્રાઇમ બ્રાન્ચમાં આઇપીસી કલમ ૪૦૬,૪૨૦ મુજબ ફરિયાદ નોંધાવી હતી જેમાં ફરિયાદી તથા અન્ય નવેક વેપારીઓ આરોપીઓ સાથે સ્ક્રેપનો ધંધો કરતા હોય તે માલની ડિલિવરી પેટે મેસર્સ હેન્ટેક ઈન્ડસ્ટ્રીઝ અને ગ્લોરિયસ ટ્રેડલિંક્ના નામની પેઢીના જીએસટીવાળા બિલ આપતા હતા જે જીએસટીના રૂ.૧,૩૫,૯૭,૬૧૫ સરકારમાં જમા નહીં કરાવી ઓળવી જઇ આરોપી પિતા-પુત્રએ કૌભાંડ આચર્યું હતું. જેમાં પોલીસે આરોપી પિતા-પુત્રની ધરપકડ કરી જેલહવાલે કર્યા હતા.આરોપીઓએ જામીન પર છૂટવા અરજી કરતા સરકારી વકીલ પરાગ શાહે એક આરોપી પકડવાનો બાકી હોય અને આરોપી પાસેથી રિકવરી કે ડિસ્કવરી થયેલ ન હોવાની દલીલો કરી જામીન અરજીનો વિરોધ કરતા અદાલતે પિતા-પુત્રની જામીન અરજી ફગાવી દીધી હતી.

# પરિણીતાએ એસિડ પી જિંદગી ટૂંકાવી

રાજકોટ:શહેરના હસનવાડીમાં રહેતી પરિણીતાએ થાનમાં તેના પિયરમાં એસિડ ગટગટાવી લીધું હતું. જેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. હસનવાડી મેઈન રોડ પર રહેતી પરિણીતા પાયલ વિશાલભાઈ દલવાણી (ઉ.વ.૨૫)એ થાનગઢમાં પિતા ઘનશ્યામભાઈ ચૌહાણના ઘરે એસિડ પી લેતા તેને રાજકોટ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ તેનું મૃત્યુ થયું હતું. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, થાનગઢની યુવતી પાયલના લગ્ન પાંચ વર્ષ પૂર્વે રાજકોટના વિશાલ દલવાણી સાથે થયા હતા. તેને સંતાનમાં એક પુત્ર છે, પિતાનું ઓપરેશન કરાવાયું હોય પિતાની ખબર પૂછવા પાયલ થાનગઢ ગઇ હતી અને ત્યાં જ તેણે પગલું ભરી લીધું હતું.

# જામકંડોરણાના જામદાદરથી જુગાર રમતા પાંચ શખ્સ ઝડપાયા

ધોરાજી:જામકંડોરણા પોલીસે જામદાદર ગામે જૂગાર રમી રહેલા પાંચ શખ્સને ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. જામકંડોરણા તાલુકા પોલીસ મથકના પોલીસ સ્ટાફે બાતમીના આધારે જામદાદર ગામે દરોડો પાડી ને જૂગાર રમતા પાંચ શખ્સો ને રૂ ૧૨ હજાર નાં મુદામાલ સાથે ઝડપી પાડી ને કાર્યવાહી હાથ ધરી છે. બનાવની વધુ જાણવા મળેલી વિગતો મુજબ જામકંડોરણા પોલીસ મથક ના પોલીસ સ્ટાફે બાતમીના આધારે જામદાદર ગામે દરોડો પાડી ને જૂગાર રમતા આરોપી ઓ (૧) નવલ લખમણ (૨), બાબુ લખમણ (૩) સેવંતી છગન (૪) સુભાષગીરી કાશીગીરી (૫) પિયુષગીરી હેંમતગીરી ને રૂ ૧૨હજાર ના મુદામાલ સાથે ઝડપી પાડી ને કાર્યવાહી હાથ ધરી છે જ્યારે ભીખુ મુળુ નાસી જતા તેની શોધખોળ કરવા તજવીજ હાથ ધરી છે .